RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 16-10-2026 I VOL : 12 I Issue : 211 I Page : 8 I Price : 1.00/-

Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008


**સુવિચાર**

પૈસા ગુમાવવાથી કંઈક ગુમાય છે, પરંતુ ચારિત્ર્ય ગુમાવવાથી બધું ગુમાય છે


3  આરોગ્ય ક્ષેત્રે મોટા સમાચાર: રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાનો પ્રજાહિતમાં...

4  સંબંધ પૂરો થાય ત્યારે પ્રેમ નહીં, માન બચાવી રાખવું એ જ ખરી પરિપક્વતા

6  એક્ટ્રેસ યામી ગૌતમની 'નચ્ચી નવેલી'નું એડવાન્સ બુકિંગ શરૂ, ફેન્સમાં ઉત્સાહ

7  ન્યૂઝીલૅન્ડ સામે ODI શ્રેણીમાંથી જસપ્રીત બુમરાહ બહાર થયો !


## સુનાવણી દરમિયાન અરજદારના વર્તન સામે સર્વોચ્ચ અદાલતે ઉઠાવ્યા ગંભીર સવાલો!

# સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચ-જ્ઞાનેશ કુમારને ફટકારી નોટિસ

**નવી દિલ્હી**

નવી દિલ્હી ખાતે સુપ્રીમ કોર્ટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) તેમજ મતદાતા યાદીમાંથી નામો રદ્દ કરવાના મુદ્દે દાખલ કરવામાં આવેલી અરજીઓ પર દેશના મુખ્ય ચૂંટણી કમિશનર (CEC) જ્ઞાનેશ કુમાર અને ભારતીય ચૂંટણી પંચ (ECI) ને નોટિસ જારી કરી જવાબ તલબ કર્યો છે. ચીફ જસ્ટિસ સૂર્ય કાંત અને જસ્ટિસ જોયમાલ્યા બાઘચીની પીઠે વિપક્ષી નેતાઓ દ્વારા દાખલ કરવામાં આવેલી આ અરજીને પહેલાથી પેન્ડિંગ કેસો સાથે ટેગ કરીને સુનાવણી હાથ ધરી છે.

અરજદારના વર્તન પર સુપ્રીમ કોર્ટની ટાકોર: 'આગામી સુનાવણીમાં વર્તન અંગે ખુલાસો કરવો પડશે'

સુનાવણી દરમિયાન ચુકાદો કે આદેશ આપતી વખતે સુપ્રીમ કોર્ટે એક અરજદારની તાજેતરની કામગીરી અને વર્તન અંગે કડક વલણ અપનાવ્યું હતું. સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ શિસ્તબદ્ધ શબ્દોમાં જણાવ્યું હતું કે, નોટિસ ઈશ્યૂ કરવાનો અર્થ એ નથી કે અદાલત કોઈ વાતની પુષ્ટિ કે નિંદા કરી રહી છે.

અદાલતે નોંધ્યું કે, 'અમે નોટિસ જારી કરી રહ્યા છીએ, પરંતુ આગામી સુનાવણીની તારીખે અરજદારોમાંથી એકે પોતાના તાજેતરના વર્તન અંગે કોર્ટ સમક્ષ ખુલાસો



આપવો પડશે. આ અરજદાર સંબંધિત સુનાવણી પ્રોવિઝનલ (હંગામી) ધોરણે જ હાથ ધરવામાં આવશે, જે તેમના દ્વારા આપવામાં આવનારા સ્પષ્ટતા આધારિત રહેશે.'

સુપ્રીમ કોર્ટ સંકુલ બહાર વિરોધ પ્રદર્શન અને માર્ચનો મામલો ગરમાયો

ઉલ્લેખનીય છે કે, અરજી દાખલ કરવા સમયે ૧૨ ઓક્ટોબરના રોજ રાહુલ ગાંધી સહિત 'ઈન્ડિયા' ગઠબંધનના વરિષ્ઠ નેતાઓએ વિરોધ પ્રદર્શન અને રેલી યોજી સુપ્રીમ કોર્ટ તરફ માર્ચ કરી હતી. આ ઘટના બાદ સર્વોચ્ચ અદાલતની ગરિમા અને કોર્ટ સંકુલની આસપાસ થયેલા ગૌરવભંગ અંગે ભાજપના વરિષ્ઠ નેતાઓ અને આશરે ૨૦૦ થી વધુ વકીલોએ પોતાનો સખત વિરોધ નોંધાવ્યો હતો, જેને કોર્ટે પણ ગંભીરતાથી નોંધમાં લીધો છે.

વિપક્ષનો આક્ષેપ: એકતરફી નિર્ણયો અને ચૂંટણી પ્રક્રિયાની નિષ્પક્ષતા સામે સવાલ

અરજદારો વતી રજૂઆત કરતા દાવો કરવામાં આવ્યો હતો કે, વર્તમાન મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર દ્વારા SIR પ્રક્રિયા દરમિયાન મનસ્વી અને એકતરફી નિર્ણયો લેવામાં આવી રહ્યા છે, જેનાથી દેશના નાગરિકોના બંધારણીય મતાધિકાર પર સીધી અસર પડી રહી છે. જેની સામે સર્વોચ્ચ અદાલતે તમામ પક્ષકારો અને ચૂંટણી પંચ પાસે રજિસ્ટર્ડ રેકોર્ડ્સ અને સ્પષ્ટતાઓ માંગી છે.

સર્વોચ્ચ અદાલતમાં હવે ચૂંટણી પંચનો વિધિવત જવાબ આવ્યા બાદ જ આ હાઈ-પ્રોફાઈલ કેસમાં આગળની કાર્યવાહી હાથ ધરાશે.

## 'વંદે માતરમ અને જયશ્રી રામ બોલનારા જ મને વોટ આપે...' ભાજપ ધારાસભ્યનો VIDEO વાઈરલ

**નવી દિલ્હી**

ભાજપના મિર્ઝાપુરના ધારાસભ્ય રત્નાકર મિશ્રાનો વીડિયો વાયરલ થયો છે. તેમણે જાહેરમાં જણાવ્યું કે, તેમને હિન્દુ હોવા પર ગર્વ છે અને રામવિરોધી કે દેશવિરોધી કોઈનો મત જોઈતો નથી. આવા લોકોનો મત ઈવીએમમાં પડે તો મશીન અશુદ્ધ થાય. તેમને માત્ર 'ભારત માતા કી જય' બોલનારાઓના જ મત જોઈએ છે. દિલ્હીના વિરોધ પ્રદર્શનોને તેમણે વિદેશી કાવતરું ગણાવ્યું. મિર્ઝાપુર નગર વિધાનસભા બેઠકના ભાજપના ધારાસભ્ય રત્નાકર મિશ્રાએ જાહેરમાં કહ્યું કે તેમને હિન્દુ હોવા પર ગર્વ છે અને તેઓ કોઈ પણ રામવિરોધી કે દેશવિરોધી વ્યક્તિનો મત લેવા માગતા નથી. તેમણે એવો દાવો પણ કર્યો કે આવા લોકોનો એક પણ મત ઈવીએમમાં પડશે તો મશીન અશુદ્ધ થઈ જશે. તેમનો આ વીડિયો સોશિયલ મીડિયા પર ફેલાતાં તેમના નિવેદનની ચર્ચા થઈ રહી છે. જોકે, આ નિવેદન કયા કાર્યક્રમમાં અને કયા સંદર્ભમાં આપવામાં આવ્યું હતું તેની વિસ્તૃત વિગતો સામે આવી નથી. રત્નાકર મિશ્રાએ પોતાના નિવેદનમાં કહ્યું કે તેમને એવા લોકોના જ મત જોઈએ છે જેઓ 'ભારત માતા કી જય', 'જય શ્રીરામ' અને 'વંદે માતરમ્'ના નારા લગાવે છે. તેમણે વધુમાં કહ્યું કે જે લોકો ભારત માતાને માનતા નથી, તેમના મતની તેમને જરૂર નથી. લઘુમતી સમુદાય અંગે વાત કરતાં ધારાસભ્યએ કહ્યું કે જો તે સમુદાયના લોકો રામભક્ત હોય અને ભારત માતાની પૂજા કરતા હોય તો જ તેઓ તેમના મત તેમને જોઈએ છે.

## ધર્માંતરણ પછી અનામત ના મળે... સુપ્રીમ કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

**નવી દિલ્હી**

હિન્દુ ધર્મ છોડીને અન્ય ધર્મનો અંગીકાર કર્યા બાદ OBC કે SC ક્વોટા હેઠળ અનામતના અધિકાર મુદ્દે સુપ્રીમ કોર્ટે સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે હિન્દુ સામાજિક વ્યવસ્થાના પછાત વર્ગ (OBC) કે અનુસૂચિત જાતિ (SC) સાથે જોડાયેલી વ્યક્તિ અન્ય ધર્મ અપનાવ્યા પછી અનામતનો દાવો કરી શકે નહીં. નોંધનીય છે કે અગાઉ તમિલનાડુ સરકારે ઈસ્લામ સ્વીકારનારા લોકોને 'પછાત વર્ગ મુસ્લિમ' શ્રેણી હેઠળ અનામતનો લાભ લેવાની છૂટ આપી હતી. જે બાદ મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ સરકારના એ સરકારી આદેશને રદ કર્યો હતો. આજે સુપ્રીમ કોર્ટમાં જસ્ટિસ પી. કે. મિશ્રા અને જસ્ટિસ શ્રી ચંદ્રશેખરની વિશેષ પીઠે આ મામલે મદ્રાસ હાઈકોર્ટના ચુકાદાને સંપૂર્ણપણે બહાલ રાખ્યો છે. કોર્ટે પોતાના અવલોકનમાં જણાવ્યું કે હિન્દુ સામાજિક વ્યવસ્થામાં જાતિગત પછાતપણું એક ખાસ વ્યવસ્થા અંતર્ગત આવે છે. જ્યારે કોઈ વ્યક્તિ ધર્માંતરણ કરે છે.

## દિલ્હી હાઈકોર્ટનો મોટો નિર્ણય

# કનાટ પ્લેસમાં સીજેપી (CJP)ના વિરોધ પ્રદર્શન પર રોક લગાવવાનો ઈનકાર!

### તહેવારોની સીઝનમાં દિલ્હી પોલીસ એક્શનમાં, વિરોધ પર રહેશે સખત વોચ

**નવી દિલ્હી**

દેશની રાજધાની દિલ્હીથી કાયદાકીય અને રાજકીય ક્ષેત્રે એક અત્યંત મહત્વપૂર્ણ સમાચાર સામે આવ્યા છે. દિલ્હી હાઈકોર્ટે ગુરુવારે કોકરોચ જનતા પાર્ટી (CJP) અને તેના સ્થાપક અભિજીત દીપકે દ્વારા ૧૬ ઓક્ટોબરે કનાટ પ્લેસના પ્રખ્યાત સેન્ટ્રલ પાર્કમાં યોજાનારા પ્રદર્શન પર પ્રતિબંધ મૂકવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે. જોકે, અદાલતે દિલ્હી પોલીસ દ્વારા આપવામાં આવેલા તે એશ્યોરન્સ (આશ્વાસન) ને રેકોર્ડ પર લીધું છે, જેમાં પોલીસે ખાતરી આપી છે કે પ્રદર્શન દરમિયાન કોઈ ગેરરીતિ



ન થાય અને તમામ પ્રવૃત્તિઓ નિયંત્રિત અને સુવ્યવસ્થિત રહે તે માટે તમામ શક્ય કડક પગલાં લેવામાં આવશે. વેપારીઓનો આક્રોશ: 'તહેવારોની સીઝનમાં વેપાર ઠપ થશે તો રસ્તા પર ઉતરવા મજબૂર બનશું' કાર્યવાહક મુખ્ય ન્યાયમૂર્તિ નિતિન વાસુદેવ સાંભ્રે અને ન્યાયમૂર્તિ સંજય શર્માની ખંડપીઠ સમક્ષ આ ચર્ચાસ્પદ અરજી પર સુનાવણી હાથ ધરવામાં આવી હતી. કનાટ પ્લેસના એક સ્થાનિક વેપારી દ્વારા દિલ્હી હાઈકોર્ટમાં દાદ માંગવામાં આવી હતી કે સુપ્રીમ કોર્ટ દ્વારા નક્કી કરાયેલી માર્ગદર્શિકા મુજબ જ કનાટ પ્લેસ જેવા અતિ વ્યસ્ત અને મહત્વના વિસ્તારમાં કોઈપણ પ્રદર્શનને પરવાનગી અને નિયંત્રણ મળવું જોઈએ. સુનાવણી દરમિયાન અરજદાર તરફે હાજર રહેલા વરિષ્ઠ વકીલે દિલધડક દલીલ કરી હતી કે: તહેવારોની મોસમમાં મોટો ફટકો: હાલમાં નવરાત્રી અને દિવાળીની તહેવારોની મોસમ ચાલી રહી છે.

# પ્રજાના પરસેવાની કમાણી પર તંત્રની ખુલ્લી લૂંટ

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો 241 કરોડનો સુભાષ બ્રિજ પ્રોજેક્ટ કે ભ્રષ્ટાચારનું નવું એટીએમ? 12 કરોડનું ગેરકાયદે બોનસ કોના ખિસ્સામાં જશે?

**પાક્કો ગુજરાત**

ગુજરાતની આર્થિક રાજધાની અને ગૌરવવંતા અમદાવાદ શહેરમાં માળખાકીય વિકાસના નામે પ્રજાના કરોડો રૂપિયાની કટકી કરવાના કારસાનો વધુ એક કાળો અધ્યાય સામે આવ્યો છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા સાબરમતી નદી પર બની રહેલા અત્યાધુનિક આઠ-લેનના નવા સુભાષ બ્રિજ પ્રોજેક્ટના નામે ખુલ્લેઆમ લૂંટ ચલાવવામાં આવી રહી છે. એક તરફ કરોડો રૂપિયાના ટેક્સ ભરતી પ્રજા મૂળભૂત સુવિધાઓ માટે વલોપાત કરી રહી છે, ત્યારે બીજી તરફ AMC ના ભ્રષ્ટ બાબુઓ અને મળતિયા કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી પ્રજાના ટેક્સના પૈસાનું અંધાધૂંધ ધોવાણ થઈ રહ્યું છે.

### 241 કરોડનો કસબ: સમયસર કામ કરવા બદલ કોન્ટ્રાક્ટરને 12 કરોડનું "ઈનામ"!

અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યાના



નિવારણ માટે ૨૪૧ કરોડના જંગી ખર્ચે આઠ-લેનનો નવો સુભાષ બ્રિજ બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ પૂરો કરવા માટે કાગળ પર ૨૪ મહિનાની સમયમર્યાદા નક્કી કરવામાં આવી છે, પરંતુ તંત્રની શાતિર ચાલ જુઓ-કોન્ટ્રાક્ટરને વહેલું કામ પૂરું કરવા માટે પ્રોત્સાહન રૂપે રૂપિયા ૧૨ કરોડનું મસમોટું બોનસ આપવાની જોગવાઈ કરવામાં આવી છે!

ટેન્ડરની કલમ ૧૯.૨૦ ની આડમાં કોન્ટ્રાક્ટરને પાંચ ટકા જેટલું વધારાનું ધન રેડી રેડ ચુકાવાશે. સવાલ એ થાય છે કે જે કામ માટે કોન્ટ્રાક્ટરને કરોડો રૂપિયાનો નફાકારક પ્રોજેક્ટ સોંપવામાં આવ્યો છે, તે નિર્ધારિત સમયમાં પૂરો કરવો તેની કાનૂની નૈતિક ફરજ નથી શું? સમયસર કામ પૂરું કરવા માટે વધારાના ૧૨ કરોડ રૂપિયા પ્રજાના ટેક્સમાંથી લૂંટાવી દેવાની આ કઈ માનસિકતા છે? શું AMC ની તિજોરી લૂંટારૂઓ માટે ખુલ્લી મૂકી દેવામાં આવી છે?

### છેલ્લા એક દાયકાનો કાળો ઈતિહાસ: એકેય બ્રિજ સમયસર બન્યો નથી!

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના દાવાઓ અને વાસ્તવિકતા વચ્ચે જમીન-આસમાનનો ફરક છે. છેલ્લા ૧૦ વર્ષનો ઈતિહાસ ગવાહ છે કે AMC દ્વારા મંજૂર કરાયેલા ફ્લાયઓવર્સ હોય કે રેલવે ઓવરબ્રિજ (ROB), એક પણ બ્રિજ તેની મૂળ સમયમર્યાદામાં પૂરો થયો નથી.

વર્ષો સુધી બ્રિજના કામો અધૂરા લટકાવી રાખવામાં આવે છે. નાગરિકો વર્ષો સુધી ડાયવર્ઝન, ટ્રાફિક જામ અને અસહ્ય પ્રદૂષણનો નર્ક જેવો ત્રાસ ભોગવે છે.

પ્રોજેક્ટનો ખર્ચ ડબલ થઈ જાય છે છતાં આજદિન સુધી એક પણ લેટ થનાર કોન્ટ્રાક્ટર પાસેથી પેનલ્ટી વસૂલવામાં આવી નથી.

અને હવે, અચાનક ૧૬ મહિનામાં એક તરફનો રસ્તો શરૂ કરવાના નામે ૧૨ કરોડનું બોનસ આપવાની ઘેલછા શા માટે? આ પાછળ કોઈ મોટું કટકી કૌભાંડ ચાલી રહ્યું હોવાની ગંધ આવી રહી છે!

### હાટકેશ્વર બ્રિજ જેવી હોનારતો ભૂલાતી નથી: પ્રજાના પૈસાનું પાણી અને જીવનું જોખમ!

ગુજરાતે અગાઉ હાટકેશ્વર બ્રિજ કૌભાંડ જેવા ભયાનક ભ્રષ્ટાચારના દર્શન કર્યા છે, જ્યાં પ્રજાના કરોડો રૂપિયાના ટેક્સના પૈસાથી બનેલો બ્રિજ નબળા મટીરિયલ અને ઘોર બેદરકારીના કારણે થોડા જ સમયમાં બેકાર સાબિત થયો અને તેને તોડી પાડવો પડ્યો.

આજે પણ સવાલ એ ઊભો થાય છે કે જો નવો સુભાષ બ્રિજ નિર્માણ પામ્યા બાદ ભવિષ્યમાં જર્જરિત થાય, તિરાડો પડે કે ધરાશાયી થાય, તો શું કોન્ટ્રાક્ટર અને તેના ઈજનેરોને માત્ર માફી આપી દેવાશે? પ્રજાના ટેક્સના પૈસાનું જે ધોવાણ થાય છે, તે એક-એક રૂપિયો વ્યાજ સહિત આ ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો અને જવાબદાર અધિકારીઓની અંગત સંપત્તિ વેચીને પરત કેમ નથી લેવાતો?

જ્યારે પણ કોઈ નવો બ્રિજ કે પ્રોજેક્ટ ધરાશાયી થાય અથવા તેમાં ભ્રષ્ટાચાર પકડાય, ત્યારે માત્ર સસ્પેન્શનનું નાટક ભજવીને મામલો રફેદફે કરી દેવામાં આવે છે. પ્રજાના પરસેવાની કમાણીને કાળી બજારીમાં વહેંચનારા આ ભ્રષ્ટ તંત્ર સામે હવે જનતાનો રોષ ચરમસીમાએ પહોંચ્યો છે. જો સમયસર આ લૂંટારૂઓ પર કાયદાનો સિકંજો નહીં કસાય, તો આગામી દિવસોમાં જનતા રસ્તા પર ઉતરીને ઉગ્ર આંદોલન છેડશે તે નિશ્ચિત છે!

## એક નજર...

### ક્રોપ બ્લાઉઝમાં નેહા શર્માનો કિલર લુક વાયરલ થયો



બી-ટાઉન અભિનેત્રી નેહા શર્મા અવારનવાર પોતાની સુંદરતાની ઝલક બતાવતી જોવા મળે છે. આવી સ્થિતિમાં નેહાની લેટેસ્ટ તસવીરોએ પણ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. બોલિવૂડ એક્ટ્રેસ નેહા શર્મા પોતાની કિલર સ્ટાઈલને કારણે અવારનવાર લાઈમલાઈટમાં રહે છે. આ દરમિયાન નેહાની લેટેસ્ટ તસવીરો સોશિયલ મીડિયા પર સામે આવી છે.

## NEWS TRACK

### પેશાવરમાં 34 ભૂલકાંઓ પર શાળાની છત કાળ બનીને ત્રાટકી; મહિલા શિક્ષક સહિત 35નાં સેકન્ડોમાં મોત

પાકિસ્તાનના પેશાવરમાં ગુરુવારે એક પ્રાઈવેટ શાળાની છત ધરાશાયી થવાથી મૃત્યુ પામનારાઓની સંખ્યા વધીને 35 થઈ ગઈ છે. તેમાં 34 વિદ્યાર્થીઓ અને એક મહિલા શિક્ષકનો સમાવેશ થાય છે. તમામ બાળકોની ઉંમર 13 વર્ષ કે તેથી ઓછી છે. અકસ્માત બાદ ખાનગી શાળાના માલિકની ધરપકડ કરવામાં આવી છે. આ અકસ્માત દીર કોલોની વિસ્તારમાં થયો હતો. તેમાં 40થી વધુ લોકો ઘાયલ પણ થયા છે. તેમની સારવાર માટે હોસ્પિટલમાં ઈમરજન્સી જાહેર કરવામાં આવી છે. હોસ્પિટલના ટ્રોમા વોર્ડમાં ડૉક્ટરો અને અન્ય કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે. પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે દુર્ઘટનામાં લોકોના મોત પર ઊંડું દુઃખ વ્યક્ત કર્યું. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી અને આ મુશ્કેલ સમયમાં તેમને હિંમત મળે તેવી પ્રાર્થના કરી. વડાપ્રધાને ઘાયલો જલદી સાજા થાય તેવી શુભેચ્છા પાઠવી. તેમણે અધિકારીઓને ઘાયલો માટે શક્ય તેટલી શ્રેષ્ઠ સારવારની વ્યવસ્થા કરવા અને બચાવ કામગીરીમાં ઝડપ લાવવાનો નિર્દેશ આપ્યો.

### જર્મનીના બોખુમમાં આગથી 3 ભારતીયોના મોત: હત્યાની શંકામાં 41 વર્ષીય રોમાનિયનની ધરપકડ

જર્મનીના બોખુમ શહેરમાં એક રહેણાંક ઈમારતમાં આગ લાગવાથી 3 ભારતીયોના મોત થયા છે. મૃતકોમાં 25 અને 27 વર્ષની બે મહિલાઓ તથા 26 વર્ષનો એક યુવક સામેલ છે. હાદસામાં અન્ય 5 લોકો ધુમાડાની ચપેટમાં આવી ગયા હતા, જેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પોલીસે હત્યાની આશંકામાં 41 વર્ષના એક રોમાનિયન નાગરિકની ધરપકડ કરી છે. પોલીસ આગચંપીની આશંકાની પણ તપાસ કરી રહી છે. આગ મંગળવારે વહેલી સવારે લગભગ 4:15 વાગ્યે બોખુમના હોફસ્ટેડ વિસ્તારમાં આવેલી એક બહુમાળી ઈમારતમાં લાગી હતી. ફાયર બ્રિગેડના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા ત્યાં સુધીમાં આગ ઘણી ફેલાઈ ગઈ હતી. બાદમાં બીજા માળે આવેલા એક ફ્લેટમાંથી ત્રણેયના મૃતદેહ મળી આવ્યા હતા. જર્મન અખબાર 'બિલ્ડ' અનુસાર, પડોશીઓએ જણાવ્યું કે ઈમારતના કોરિડોરમાં રાખેલી બાળકોની કેટલીક ગાડીઓમાં આગ લાગી હતી. ત્યારબાદ આગ લાકડાની સીડીઓ સુધી ફેલાઈ ગઈ અને બહાર નીકળવાનો રસ્તો બંધ થઈ ગયો.


ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# નરેશ દેસાઈને ગુજરાત ભાજપ યુવા મોરચાની કમાન સોંપાઈ:બે ટર્મથી મહામંત્રી, હવે પ્રમુખની જવાબદારી

અમદાવાદ

ગુજરાત ભાજપના સંગઠનમાં મહત્વપૂર્ણ નિમણૂક કરવામાં આવી છે. પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ડૉ. નરેશ દેસાઈને ગુજરાત પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ તરીકે જવાબદારી સોંપી છે. 15 ઓક્ટોબર, 2026ના રોજ જાહેર કરાયેલા સત્તાવાર નિમણૂકપત્રમાં આ જાહેરાત કરવામાં આવી છે. તેમની નિમણૂક તાત્કાલિક અસરથી અમલમાં આવશે. યુવા મોરચામાં બે ટર્મથી મહામંત્રી તરીકે કાર્યરત નરેશ દેસાઈને હવે પ્રમુખપદની જવાબદારી સોંપવામાં આવી છે. નરેશ દેસાઈ અગાઉ અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ (ABVP)માં સક્રિય હતા. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટી ખાતે વિદ્યાર્થી સંગઠનના નેતા તરીકે તેમણે કામગીરી કરી હતી. વિદ્યાર્થીલક્ષી અનેક મુદ્દાઓને લઈને તેમણે પોતાની ટીમ સાથે આંદોલનો પણ કર્યા હતા. વિદ્યાર્થીકાળથી જ સંગઠનાત્મક પ્રવૃત્તિઓમાં સક્રિય રહેલા નરેશ દેસાઈએ ત્યારબાદ ભાજપના યુવા મોરચામાં જવાબદારી સંભાળી હતી. નરેશ દેસાઈ છેલ્લા બે ટર્મથી ગુજરાત ભાજપ યુવા મોરચામાં મહામંત્રી તરીકે કાર્યરત હતા. સંગઠનમાં મહામંત્રી તરીકેની જવાબદારી નિભાવ્યા બાદ હવે તેમને પ્રદેશ પ્રમુખ બનાવવામાં આવ્યા છે.

# DGP ઓફિસની નજીક ઠાકોર સમાજની કરોડોની જમીન વિવાદમાં કયા વિવાદાસ્પદ IPS અધિકારીનું નામ ઉછળ્યું

ગાંધીનગર

પાટનગર ગાંધીનગરના રાજકારણમાં અને પોલીસ બેડામાં આ સમયે એક અત્યંત સંવેદનશીલ અને ગંભીર મામલો આગની જેમ ફેલાઈ ગયો છે. રાજ્યના વડા મથક સમાન DGP કાર્યાલય અને પોલીસ કંટ્રોલ રૂમની આસપાસના વિસ્તારમાં ઠાકોર સમાજની કિંમતી જમીન કૌભાંડ અને તેને દબાવી દેવાના આક્ષેપોને લઈને રાજકીય અને પોલીસ વર્તુળોમાં ભારે ભૂકંપ સર્જાયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ગાંધીનગર પંથકમાં ઠાકોર સમાજની માલિકીની અંદાજે રૂપિયા ૧૫૦ કરોડ જેટલી મસમોટી કિંમતની જમીન સાશન-પ્રશાસન અને સત્તાના જોરે પચાવી પાડવા અથવા તેને 'ઘસી નાખવાના' (દબાવી દેવાના) ગંભીર આક્ષેપો સ્થાનિક આગેવાનો અને રાજકીય નેતાઓ દ્વારા કરવામાં આવ્યા છે. આ સમગ્ર કેસમાં એક ઉચ્ચ પોલીસ અધિકારી એટલે કે IPS રેન્કના અધિકારીની સંડોવણી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે, જેના કારણે ખાખી વર્દીની છબી સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. આ કેસની વિગતો આપતા સવાલો ઉઠ્યા છે કે આટલી બધી માતબર કિંમતની જમીનને કઈ રીતે શંકાસ્પદ રીતે માત્ર નજીવી રકમમાં તફડાવી લેવામાં આવી છે? આ પ્રકરણમાં અંદાજે રૂપિયા ૧ કરોડના દેખાડાના સોદા અને અંદરખાને ૧૧ કરોડ રૂપિયા સુધીના વચગાળાના આર્થિક વ્યવહારો થયા હોવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે. કોંગ્રેસના ધારાસભ્ય અને અગ્રણીઓ દ્વારા પણ આ મુદ્દે ખુલ્લેઆમ વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

# ગાંધીધામના અડેસર પંથકમાંથી રૂપિયા 62.95 લાખથી વધુનો વિદેશી દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું, 1 ઝડપાયો જ્યારે 4 ફરાર!

ગાંધીધામ

ગુજરાત રાજ્યમાં દારૂબંધીના કડક દાવાઓ વચ્ચે સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC) ની ટીમે કચ્છ જિલ્લાના ગાંધીધામ પંથકમાં આવેલ અડેસર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં બાતમીના આધારે એક અત્યંત સફળ અને ધમાકેદાર રેડ પાડી છે. રાપર તાલુકાના ભીમાસર નજીકથી વિદેશી દારૂનો જંગી જથ્થો ભરેલા એક શંકાસ્પદ કન્ટેનર ટેન્કરને પોલીસે ફિલ્મી ઢબે ઝડપી પાડ્યું છે. આ દરોડામાં પોલીસે લાખો રૂપિયાની કિંમતની વિદેશી દારૂની બોટલો અને વાહન સહિતનો મુદ્દામાલ જપ્ત કરીને રાજ્યભરમાં ખળભળાટ મચાવી દીધો છે. સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમને ચોક્કસ અને ગુપ્ત બાતમી મળી હતી કે કચ્છના અડેસર પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પસાર થનારા એક કન્ટેનર ટેન્કરમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો છુપાવીને હેરાફેરી કરવામાં આવી રહી છે. આ બાતમીના આધારે SMC ની ટીમે રાપર તાલુકાના ભીમાસર ગામ નજીક વોચ ગોઠવી હતી અને શંકાસ્પદ કન્ટેનરને ઘેરીને તલાશી લીધી હતી. કન્ટેનરના દરવાજા ખોલતા જ પોલીસ અધિકારીઓની આંખો ફાટી ગઈ હતી. અંદરથી વિદેશી દારૂની નાની-મોટી કુલ ૨૩,૭૨૯ નંગ બોટલો મળી આવી હતી.

# DySP સામે જ ખોટી FIR નોંધાવવાના સંગીન આક્ષેપ! વકીલની અરજી બાદ પોલીસ તંત્રમાં દોડધામ

નડિયાદ

નડિયાદ શહેર અને ખેડા જિલ્લા પોલીસ વર્તુળમાં એક અત્યંત ચોંકાવનારો અને વિવાદાસ્પદ કિસ્સો સામે આવ્યો છે. નડિયાદના તત્કાલીન ડિવિઝનલ ડીવાયએસપી (DySP) સામે સત્તાનો દુરુપયોગ કરીને ખોટી એફઆઈઆર (FIR) દાખલ કરાવી હોવાના ગંભીર આક્ષેપો સાથે કાયદાકીય કાર્યવાહી શરૂ કરવામાં આવતાં પોલીસ બેડામાં ભારે ખળભળાટ મચી ગયો છે. સ્થાનિક એડવોકેટ દ્વારા કરવામાં આવેલી અરજી અને રજૂઆતોના આધારે આ સમગ્ર મામલે તપાસનો ધમધમાટ શરૂ થયો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, નડિયાદના એક જાણીતા વકીલ દ્વારા ચોક્કસ પુરાવાઓ સાથે રજૂઆત કરવામાં આવી છે કે તત્કાલીન ડીવાયએસપી દ્વારા અંગત મનદુઃખ અથવા પૂર્વગ્રહ રાખીને પોતાના પદનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો. નિર્દોષ વ્યક્તિ કે પક્ષકાર સામે પૂરતા કાયદાકીય આધાર-પુરાવા વગર જ ખોટી અને ઉપજાવી કાઢેલી કલમો હેઠળ એફઆઈઆર નોંધવામાં આવી હતી. વકીલે આ મામલે ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને અદાલતી સમક્ષ રજૂઆત કરીને કાયદાના રક્ષક બનેલા અધિકારી સામે જ કાયદેસરના પગલાં ભરવા માંગ કરી હતી. રજૂઆતને ગંભીરતાથી લઈને સંબંધિત વિભાગ દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે. ઉચ્ચ પોલીસ અધિકારીઓ સામે જ ખોટી એફઆઈઆર નોંધવાના આક્ષેપ સાથેની અરજી પર કાર્યવાહી શરૂ થતાં ખાખી વર્દીની કામગીરી સામે અનેક સવાલો ઊભા થયા છે.

## દૈનિક ઉત્પાદન ઘટીને 5,100 બેરલ પર પહોંચતાં ઉચ્ચ સ્તરે દોડધામ

# બિટ્યુમેન ક્રૂડના ઘટાડાથી ONGC મહેસાણામાં ગંભીર સ્થિતિ: 1,198 તેલકૂવાઓમાં તેલ સૂકાવાની આરે!




અમદાવાદ

ગુજરાતના ઉત્તર પંથકમાં આવેલી દેશની અગ્રણી ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ONGC) ની 'મહેસાણા એસેટ' ખાતેથી અત્યંત ચિંતાજનક ચિત્ર સામે આવ્યું છે. મહેસાણા જિલ્લામાં પથરાયેલા ઉત્ખનન ક્ષેત્રોમાંથી ક્રૂડ ઓઈલના દૈનિક ઉત્પાદનમાં અપેક્ષા કરતાં પણ મોટો ઘટાડો નોંધાતાં તંત્રમાં ભારે હલચલ મચી ગઈ છે. મહેસાણા એસેટ હેઠળ કાર્યરત ૧,૧૯૮ તેલકૂવાઓમાંથી હવે ક્રૂડ ઓઈલનો જથ્થો ઝડપથી ખાલી થઈ રહ્યો છે, જેને કારણે ભવિષ્યમાં મહેસાણામાંથી તેલ ઉત્પાદન સાવ ઠપ થવાના ભયજનક એંધાણ વર્તાઈ રહ્યા છે.

મહેસાણા એસેટમાંથી અગાઉના સમયમાં પ્રતિદિન સરેરાશ ૬,૦૦૦ બેરલ ક્રૂડ ઓઈલ નું વિપુલ પ્રમાણમાં ઉત્પાદન મેળવવામાં આવતું હતું. પરંતુ ભૂગર્ભમાં રહેલા કુદરતી હાઈડ્રોકાર્બન સ્ત્રોતોના સતત વપરાશને કારણે હવે કૂવાઓની કાર્યક્ષમતા ઘટતી જાય છે. વર્તમાન સમયમાં આ ઉત્પાદન ઘટીને માત્ર ૫,૧૦૦ બેરલ પ્રતિદિન ની નીચી સપાટીએ આવી ગયું છે. દૈનિક ૯૦૦ બેરલ જેટલો મોટો તફાવત એ રાષ્ટ્રીય ઉર્જા સંપત્તિ અને ઓઈલ કંપની બંને માટે મોટો આર્થિક ફટકો માનવામાં આવી રહ્યો છે. સૌથી વધુ આંખ ઉઘાડનારી અને ચોંકાવનારી બાબત એ છે કે તેલકૂવાઓમાંથી જ્યારે પ્રવાહી પમ્પિંગ કરીને બહાર કાઢવામાં આવે છે, ત્યારે તેના બંધારણમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે:

અગાઉની પરિસ્થિતિ: તેલકૂવામાંથી નીકળતા પ્રવાહીમાંથી ૮૦% શુદ્ધ ક્રૂડ ઓઈલ રહેતું હતું, જ્યારે પાણીનું પ્રમાણ માત્ર ૨૦% જ રહેતું હતું.

વર્તમાન પરિસ્થિતિ: હવે ગણિત તદ્દન ઊલટું થઈ ગયું છે! જમીનમાંથી પમ્પ કરવામાં આવતા પ્રવાહીમાં ૮૦% માત્ર ગંદુ પાણી નીકળે છે અને ક્રૂડ ઓઈલનો હિસ્સો ઘટીને માંડ ૨૦% જ રહી ગયો છે.

આ સ્થિતિ દર્શાવે છે કે મહેસાણા એસેટના જૂના થઈ ગયેલા ૧,૧૯૮ કૂવાઓના પેટાળમાં તેલનો જથ્થો હવે અંતિમ શ્વાસ લઈ રહ્યો છે અને મોટાભાગના કૂવાઓમાં પાણીનું સ્તર ઉપર આવી ગયું છે.

જમીનમાંથી નીકળતા ૮૦% જેટલા વિપુલ પાણીને તેલથી અલગ પાડીને પર્યાવરણીય નિયમો મુજબ સુરક્ષિત રીતે ફરીથી જમીનના ઊંડા પડોમાં ઉતારવું (Water Re-injection Process) પડે છે.

૧. જટિલ ટેકનોલોજી: તેલ અને પાણીને અલગ કરવાની ફેસિલીટીઝ (Effluent Treatment Plants) પર વિપુલ પ્રમાણમાં વીજળી અને કેમિકલ્સનો વપરાશ વધ્યો છે.

૨. માતબર આર્થિક બોજ: ઓઈલની આવક ઘટી રહી છે સામે પાણીના નિકાલ અને ફિલ્ટરેશન પ્રોસેસ પાછળ કંપનીને લાખો-કરોડો રૂપિયાનો વધારાનો પ્રોસેસિંગ ખર્ચ વેઠવાનો વારો આવ્યો છે.

ઉર્જા ક્ષેત્રના નિષ્ણાતો અને એન્જિનિયરોના મતે મહેસાણા એસેટના ક્ષેત્રો ઘણા દાયકાઓથી કાર્યરત છે. સમય જતાં નવા ક્રૂડ ઓઈલના મોટા ભંડારો ન મળી આવવાને કારણે અને જૂના કૂવાઓ પૂર્ણતા તરફ હોવાથી આગામી સમયમાં ઓઈલ પ્રોડક્શનમાં અંદાજિત વધુ ઘટાડો નોંધાશે.

જો નવી ટેકનોલોજી (ઈEnhanced Oil Recovery - EOR) કે નવા તેલ ભંડારો શોધવામાં સફળતા નહીં મળે, તો મહેસાણા ક્ષેત્રમાંથી દેશને મળતો બળતણનો પુરવઠો વધુ જોખમમાં મુકાઈ શકે છે.

## ચોટીલા ધામ ખાતે રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિ

# મા ચામુંડાના દર્શન-ધજારોહણ કરી પોલીસ પરિવારના ગરબામાં લીધો ભાગ!

ચોટીલા

શારદીય નવરાત્રીના પવિત્ર અને કલ્યાણકારી પર્વ પ્રસંગે ગુજરાત રાજ્યના ગૃહમંત્રી શ્રી હર્ષ સંઘવીએ સુપ્રસિદ્ધ યાત્રાધામ ચોટીલા ડુંગર પર બિરાજમાન ચંડી મા ચામુંડાના દર્શન-અર્ચન કરીને ધજારોહણ કરવાનું પરમ સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું. આ તકે તેમણે ડુંગર પર આયોજિત પોલીસ પરિવારના ગરબા મહોત્સવમાં ખાસ હાજરી આપીને ખેલૈયાઓ અને પોલીસ જવાનોનો ઉત્સાહ વધાર્યો હતો.



હર્ષ સંઘવીએ આ ભક્તિમય પર્વ અંગે પોતાના ભાવ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, 'ચોટીલાવાળી ચંડી ચામુંડ મા, બોલાવે તમારા બાળ, ભગવતી દયા કરોને! નવરાત્રી એટલે અખિલ વિશ્વની જનેતા અને જગત જનની મા ભગવતીની ભક્તિ અને આરાધનાનો મહાપર્વ. મંદિરના ગર્ભગૃહમાં સ્થાપિત માની દિવ્ય ઊર્જાને આપણા ગરબાના અજવાળામાં અનુભવવાનો આ અનેરો અવસર છે, અને આ પવિત્ર અવસરમાં માના સાક્ષાત દર્શન થાય તે કેવળ ને કેવળ મા ભગવતીની અસીમ કૃપા જ છે.' ચોટીલા ડુંગર ઉપર આયોજિત આ વિશેષ ગરબા મહોત્સવમાં ગૃહમંત્રીશ્રીએ પોલીસ પરિવારના સભ્યો સાથે ગરબાની રમઝટમાં હાજરી આપી હતી.

સતત પ્રજાની સુરક્ષામાં ખડેપગે રહેતા પોલીસ જવાનો અને તેમના પરિવારો માટે આ નવરાત્રી ઉત્સવ ભક્તિ અને ઉત્સાહનો ત્રિવેણી સંગમ બની રહ્યો હતો. માં ચામુંડાના ચરણોમાં સીસ નમાવી ગૃહમંત્રીશ્રીએ સમગ્ર ગુજરાત રાજ્યની સુખ, શાંતિ, સમૃદ્ધિ અને નાગરિકોની સુરક્ષા માટે પ્રાથના કરી હતી. આ પ્રસંગે સ્થાનિક અગ્રણીઓ, મંદિર ટ્રસ્ટના હોદ્દેદારો તેમજ પોલીસ વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લેબર લાયસન્સ આપવાના બદલામાં 70,000 રૂપિયાની લાંચ લેતા આસિસ્ટન્ટ લેબર કમિશનર અને શ્રમ અધિકારી રંગેહાથ ઝડપાયા!

વડોદરા

વડોદરા શહેરના નાયબ શ્રમ આયુક્તની કચેરીમાં ભ્રષ્ટાચારનો મોટો પર્દાફાશ થયો છે. એન્ટી કરપ્શન બ્યુરો (ACB) ની ટીમે છટકું ગોઠવીને લાંચિયા અધિકારીઓ પર સકંજો કસ્યો છે. કચેરીમાં ફરજ બજાવતા આસિસ્ટન્ટ લેબર કમિશનર (વર્ગ-૧) દીપક અંબાલાલ ચૌહાણ અને મદદનીશ સરકારી શ્રમ અધિકારી રણજીતસિંહ નટવરસિંહ જાદવને રૂપિયા ૭૦,૦૦૦/- ની માતબર રકમની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે, જેના કારણે સરકારી ખાતાવહી અને વડોદરા પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે.



પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી દ્વારા વડોદરા સ્થિત આસિસ્ટન્ટ લેબર કમિશનરની કચેરીમાં કાયદેસરનું લેબર લાયસન્સ મેળવવા માટે અરજી કરવામાં આવી હતી. આ અરજીના કામે નિયમ અનુસાર લાયસન્સ આપવાની પ્રક્રિયા પૂર્ણ કરવા અને ફાઈલ પાસ કરવાના અવેજ પેટે આ બંને ભ્રષ્ટ અધિકારીઓએ ફરિયાદી પાસે ગેરકાયદેસર રીતે ૭૦,૦૦૦ રૂપિયાની લાંચની માંગણી કરી હતી.

# અંબાજીના પવિત્ર ધામે પ્રદેશ મહિલા મોરચાની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

## પ્રદેશ પ્રમુખ જગદીશ પંચાલનો કાર્યકરો સાથે પ્રેરણાદાયી સંગઠનાત્મક સંવાદ

અંબાજી

યાત્રાધામ અંબાજી ખાતે ભાજપ પ્રદેશ મહિલા મોરચાની એક અત્યંત મહત્વપૂર્ણ અને ઉત્સાહવર્ધક સંગઠનાત્મક બેઠકનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ પંચાલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ઉપસ્થિત મહિલા મોરચાની બહેનો સાથે સીધો અને પ્રેરણાદાયી સંગઠનાત્મક સંવાદ સાધીને પક્ષની વિચારધારા તેમજ આગામી કાર્યક્રમો વિશે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.



કાર્યક્રમની શરૂઆત પવિત્ર યાત્રાધામ અંબાજીના આંગણે મા અંબાના ચરણોમાં વંદન અને દીપ પ્રાગટ્ય સાથે કરવામાં આવી હતી. બનાસકાંઠા જિલ્લા ભાજપ મહિલા મોરચા અને સ્થાનિક આગેવાનો દ્વારા પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ પંચાલ તેમજ ઉપસ્થિત પ્રદેશ હોદ્દેદારોનું પરંપરાગત રીતે ઉત્સાહભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. પૂરા સભાખંડમાં નારી શક્તિનો પ્રચંડ ઉત્સાહ અને સંગઠન પ્રત્યેની સમર્પણ ભાવના જોવા મળી હતી. બેઠકને સંબોધતા પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ પંચાલે જણાવ્યું હતું કે, 'ભારતીય જનતા પાર્ટીના વિજય અને પ્રજાલક્ષી કાર્યોના પાયામાં મહિલા મોરચાનું અદ્ભુત અને અથાક યોગદાન રહેલું છે. નારી શક્તિ એ માત્ર પાર્ટીનું અંગ નથી, પરંતુ સંગઠનની સાચી શક્તિ અને કરોડરજ્જુ છે.'

કેન્દ્ર અને રાજ્ય સરકારની મહિલા ઉત્કર્ષ, નારી સશક્તિકરણ અને જનકલ્યાણકારી યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી અને ખાસ કરીને મહિલાઓ સુધી કઈ રીતે પહોંચાડવો તે અંગે માર્ગદર્શન આપ્યું.

મહિલા મોરચાની બહેનો બૂથ સ્તર સુધી સક્રિય થઈને દરેક ક્ષેત્રમાં પાર્ટીનું નેટવર્ક વધુ મજબૂત બનાવે તે માટે પ્રોત્સાહિત કર્યા.

પક્ષ દ્વારા યોજાનાર આગામી વિવિધ સામાજિક અને રાજકીય કાર્યક્રમોમાં મહિલાઓની ભાગીદારી વધારવા માટે આયોજનબદ્ધ કામગીરી કરવા હાકલ કરી.

## ગ્રામજનોમાં ભારે ઉત્સાહ

# મહુધાના બગડુ ગામે સંજયસિંહ મહિડાના હસ્તે શિક્ષણના નવા મંદિરનું ભવ્ય લોકાર્પણ

મહુધા

મહુધા મતવિસ્તારના ધારાસભ્ય શ્રી સંજયસિંહ મહિડા દ્વારા બગડુ ગામે નવનિર્મિત બગડુ પ્રાથમિક શાળાના મકાનનું ઉદ્ઘાટન (લોકાર્પણ) અત્યંત હર્ષોલ્લાસ અને ઉત્સાહપૂર્વક કરવામાં આવ્યું હતું. બાળકોના કિલકિલાટ અને હાસ્યથી ગુંજતું, તેમનાં સ્વપ્નોને નવી પાંખો આપતું તેમજ જ્ઞાનના પ્રકાશથી ભવિષ્યને ઉજ્જવળ બનાવતું આ આધુનિક શાળાભવન બગડુ ગામ માટે એક અનમોલ અને સુંદર ભેટ સાબિત થશે.



**શિક્ષણમાં રોકાણ એ જ આવનારી પેઢીનું સાચું નિર્માણ: ધારાસભ્ય સંજયસિંહ મહિડા**

કાર્યક્રમ દરમિયાન સંબોધન કરતા ધારાસભ્ય શ્રી સંજયસિંહ મહિડાએ જણાવ્યું હતું કે, 'બાળકોના શિક્ષણમાં કરવામાં આવતું રોકાણ એ વાસ્તવમાં આવનારી પેઢીના ઉજ્જવળ અને સમૃદ્ધ ભવિષ્યનું સાચું નિર્માણ છે.'

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, આ નવીન શાળાના માધ્યમથી બગડુ ગામના બાળકોને ઉત્કૃષ્ટ અને ગુણવત્તાસભર શૈક્ષણિક સુવિધાઓ પ્રાપ્ત થશે. ગામના બાળકો શિક્ષણ મેળવી જીવનમાં નવી ઊંચાઈઓ સર કરે તેમજ પોતાના ગામ અને સમાજનું નામ રોશન કરે તેવી હૃદયપૂર્વકની શુભકામનાઓ પણ તેમણે પાઠવી હતી. આ શુભ અને મંગલ પ્રસંગે વિવિધ ક્ષેત્રના રાજકીય, સામાજિક આગેવાનો અને હોદ્દેદારો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં: તાલુકા પ્રમુખ દિશાંતભાઈ શાહ, તાલુકા પ્રમુખ (સંગઠન) સ્મિતભાઈ પટેલ, ચેરમેન ગૌતમસિંહ ચૌહાણ, જિલ્લા સદસ્ય લાલસિંહ સોઢા, તાલુકા પંચાયત ઉપપ્રમુખ અશોકસિંહ સોઢા, તાલુકા સંગઠન મહામંત્રી સામંતસિંહ સોઢા, તાલુકા મહામંત્રી અલ્પેશભાઈ વાઘેલા, તાલુકા પંચાયત સભ્ય નટુભાઈ સોઢા, પૂર્વ પ્રમુખ અને ATVT સભ્ય રમેશભાઈ સોઢા, પૂર્વ મહામંત્રી નરેશભાઈ શાહ, સરપંચ બળવંતભાઈ, સામાજિક આગેવાન શંકરભાઈ દાદા, ATVT સભ્ય વિક્રમસિંહ, સંગઠન ઉપપ્રમુખ મુકેશભાઈ સોઢા, સંગઠન મંત્રી પરેશભાઈ સોઢા આ ઉપરાંત મોટી સંખ્યામાં પક્ષના કાર્યકર્તાઓ, શાળાનો શિક્ષકગણ, વ્હાલા વિદ્યાર્થીઓ અને ગ્રામજનો હાજર રહ્યા હતા. સૌની હાજરીથી આ પ્રસંગ વધુ યાદગાર અને આનંદમય બની રહ્યો હતો.

# સહકારી ક્ષેત્રમાં મોટો વિસ્ફોટ: ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકના ચેરમેન-વાઇસ ચેરમેનને હોદ્દા પરથી હટાવતાં રાજકારણમાં ગરમાવો

## પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકમાં છેલ્લા કેટલાક સમયથી નાણાકીય ગોટાળા, સાયબર ફ્રોડ અને અનિયમિતતાઓની ગંભીર ફરિયાદો ઉઠી રહી હતી

ગુજરાતના સહકારી રાજકારણમાં અને ખાસ કરીને ભાવનગર જિલ્લામાં એક મોટો રાજકીય વિસ્ફોટ થયો છે. ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકમાં થયેલા કથિત હિસાબી ગોટાળા, ભરતી કૌભાંડ અને ગેરરીતિઓના આક્ષેપો બાદ રાજ્યના સહકારી રજિસ્ટ્રાર દ્વારા બેંકના ચેરમેન, વાઈસ ચેરમેન સહિતના હોદ્દેદારોને તાત્કાલિક અસરથી પદ પરથી બરતરફ (દૂર) કરવામાં આવ્યા છે. આ બરતરફી અને કાર્યવાહી બાદ બેંકના તત્કાલીન હોદ્દેદારો અને સહકારી વર્તુળોમાં ભારે રોષ ફેલાયો છે. હોદ્દા પરથી દૂર કરાયા બાદ આ સમગ્ર કાર્યવાહી અને રાજકીય ષડયંત્ર પાછળ ભાજપના પૂર્વ પ્રદેશ પ્રમુખ, પૂર્વ મંત્રી અને ભાવનગર પશ્ચિમના ધારાસભ્ય જીતુ વાઘાણીનો હાથ હોવાના આક્ષેપ સાથે તેમના પર સીધું ઠીકરું ફોડવામાં આવતાં રાજકીય બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ભાવનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકમાં છેલ્લા કેટલાક સમયથી નાણાકીય ગોટાળા, સાયબરફ્રોડ અને અનિયમિતતાઓની ગંભીર ફરિયાદો ઉઠી રહી હતી. આ મામલે સહકારી વિભાગ દ્વારા કરવામાં આવેલી તપાસ અને સ્ટેટ રજિસ્ટ્રારના આદેશના પગલે ચેરમેન રસિકભાઈ ભીંગરાડિયા તથા વાઈસ ચેરમેન કાંતિભાઈ ધાંધલ્યાને પદ પરથી હટાવી દેવાનો આકરો હુકમ કરવામાં આવ્યો હતો. હોદ્દેદારોને દૂર કરાતાં જ ભાવનગર ભાજપ અને સહકારી માળખામાં ચાલતી આંતરિક જૂથબંધી ચૌટા વચ્ચે આવી ગઈ છે. સ્થાનિક વર્તુળો અને પદભ્રષ્ટ થયેલા નેતાઓ અંદરોઅંદર ચર્ચા કરી રહ્યા છે કે જીતુ વાઘાણીના ઈશારે અને તેમના રાજકીય વર્ચસ્વના કારણે બેંકના હોદ્દેદારો સામે આ પ્રકારનું આકરું પગલું ભરવામાં આવ્યું છે. પોતાના રાજકીય વિરોધીઓ કે અણગમતા જૂથને સાઈડલાઈન કરવા માટે જ સ્ટેટ રજિસ્ટ્રાર પાસે પાવરનો ઉપયોગ કરાવીને હકાલપટ્ટી કરાવવામાં આવી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. બેંકના ચેરમેન અને વાઈસ ચેરમેનની ખાલી પડેલી જગ્યાઓ ભરવા માટે યોજાયેલી બાકી મુદતની ચૂંટણીમાં પૂર્વ ધારાસભ્ય કેશુભાઈ નાકરાણીને બેંકના નવા ચેરમેન તથા અજીતસિંહ ગોહિલને વાઈસ ચેરમેન તરીકે ચૂંટવામાં આવ્યા છે.

પાક્કો ગુજરાત
શુક્રવાર | 16 ઓક્ટોબર 2026 | અમદાવાદ

### દ્વારકાના ધરતીપુત્રોનો અનોખો અને ઘાતક વિરોધ

# મુખ્યમંત્રીને મગફળીના ખાલી-ખમ ઝાંખરાનું પાર્સલ મોકલી ખેડૂતોએ સરકાર સામે ખોલ્યો મોરચો!



**દ્વારકા**

ગુજરાતના દેવભૂમિ દ્વારકા જિલ્લામાંથી ખેડૂતોની દયનીય હાલત અને સરકાર સામેના રોષના અત્યંત સનસનાટીભર્યા સમાચાર સામે આવ્યા છે. ચાલુ વર્ષે ચોમાસામાં વરસાદની ભારે અછત અને નહિવત્ વરસાદના કારણે દ્વારકા પંથકમાં સર્જાયેલી ભયાનક દુષ્કાળ જેવી પરિસ્થિતિ વચ્ચે ખેડૂતો પાયમાલ થઈ ગયા છે. સીએમ અને વહીવટી તંત્રની આંખ ઉઘાડવા માટે ખેડૂતો અને સ્થાનિક અગ્રણીઓ દ્વારા અનોખો વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો છે – નિષ્ફળ ગયેલા મગફળીના પાકના ખાલી-ખમ અને સૂકાઈ ગયેલા ઝાંખરાનું પાર્સલ સીધું મુખ્યમંત્રીને કુરિયર કરીને મોકલી આપવામાં આવ્યું છે!

પ્રાપ્ત વિગતો અનુસાર, દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ વર્ષે સમગ્ર રાજ્યમાં સૌથી ઓછો અંદાજે માત્ર ૧૬ ટકા જેટલો જ વરસાદ નોંધાયો છે. પાણીના અભાવે અને કાળઝાળ ગરમીના લીધે ખેડૂતોએ એડીચોટીનું જો લગાવીને વાવેલી મગફળીનો પાક જમીનમાં જ બળીને ખાખ થઈ ગયો છે. ખેડૂતોએ ભારે અરમાનોથી રોપેલા મગફળીના છોડ ઉપર ઉગવાના બદલે માત્ર ખાલી ઝાંખરા (સૂકા ડાળખા) બનીને રહી ગયા છે, જેમાં સિંગ કે દાણા જ બેઠા નથી. આ નિષ્ફળ પાકને જોઈને ખેડૂતોની આંખોમાં લોહીના આંસુ આવી ગયા છે.

ગુજરાત સરકાર અને સત્તાધીશો સામે આક્રોશ વ્યક્ત કરતા ખેડૂત અગ્રણીઓ અને કોંગ્રેસના નેતાઓએ સ્પષ્ટ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે નીચે મુજબની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો આગામી ૩૦ ઓક્ટોબર પછી સમગ્ર પંથકમાં ઉગ્ર જનઆંદોલન છેડવામાં આવશે.

દ્વારકા જિલ્લાને સત્તાવાર રીતે 'દુષ્કાળગ્રસ્ત' (અછતગ્રસ્ત) જાહેર કરો: માત્ર કાગળ પરના દાવાઓ છોડીને જમીની હકીકત સ્વીકારો અને જિલ્લાને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરો.

નુકસાનનું વળતર અને પેકેજ: પાયમાલ થઈ ગયેલા ખેડૂતોને પ્રતિ વીઘા પ્રમાણે યોગ્ય આર્થિક સહાય અને રાહત પેકેજ ચૂકવવામાં આવે.

કૃષિ લોન માફી અને વીજ બિલ રાહત: બેંકો અને સહકારી મંડળીઓની ખેડૂતોની લોન માફ કરવામાં આવે તથા વીજ બીલમાં માફી અપાય.

# ગીર ગઢડાના ધોકડવા IIFL ગોલ્ડ લોન શાખામાં ₹1.42 કરોડની ગેરરીતિ

### 41 લોનમાં સોનાનું વજન-કેરેટ વધારી બતાવ્યું, બ્રાન્ચ મેનેજરની ધરપકડ

**ઉના, કૈલેશ ભટ્ટ**

ગીરગઢડા તાલુકાના ધોકડવા ગામમાં આવેલી IIFL ફાઈનાન્સની ગોલ્ડ લોન શાખામાં 1.42 કરોડની માતબર રકમની છેતરપિંડી અને ઉચાપતનો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. સોનાના દાગીનાના વજન અને કેરેટના મૂલ્યાંકનમાં મોટા પાયે ગેરરીતિ આચરીને આ આખું કૌભાંડ આચરવામાં આવ્યું હતું.

આ મામલે પોલીસે સત્તાવાર ગુનો નોંધીને શાખાના બ્રાન્ચ મેનેજર ભાવસિંહ વાળાની ધરપકડ કરી સઘન પૂછપરછ હાથ ધરી છે. કંપનીને ઈ-મેઈલ મારફતે શંકાસ્પદ લોન ખાતાઓ અંગે જાણ થતાં હાથ ધરાયેલા ખાસ ઓડિટ દરમિયાન સમગ્ર કૌભાંડનો પર્દાફાશ થયો હતો. તપાસમાં સામે આવ્યું હતું કે 41 ગોલ્ડ લોનમાં સોનાના દાગીનાનું વજન ઓછું બતાવીને અને કેરેટ વધુ દર્શાવીને ગેરરીતિ કરવામાં આવી હતી. આ ઉપરાંત 17 જેટલા ગ્રાહકોને તેમની ક્ષમતા કરતાં વધુ લોન અપાવીને વધારાની રકમ બ્રાન્ચ મેનેજર પોતાના અંગત ખાતામાં ટ્રાન્સફર કરી લેતા હતા. બે ગ્રાહકોની જાણ બહાર દાગીના ગીરવે મૂકાયા આટલું જ નહીં, બ્રાન્ચના જવાબદારોએ બે ગ્રાહકોના સોનાના દાગીના તેમની બિલકુલ જાણ બહાર અન્ય વ્યક્તિઓના નામે ગીરવે મૂકીને ગેરકાયદે લોન ખાતાઓ ખોલી નાખ્યા હતા.

ગેરરીતિ બહાર આવ્યા બાદ મેનેજરે શાખાએ આવવાનું બંધ કરી દીધું હતું, જેથી કંપની દ્વારા તેમને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરીને પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

### "ગોપાલ ઇટાલિયાને મોઢાનો લકવો થઈ જશે!"

# ભાજપના પૂર્વ નેતા ભવાન ભરવાડની જાહેર મંચ પરથી વિવાદસ્પદ ટિપ્પણી!

**અમદાવાદ**

ગુજરાતના રાજકારણમાં નિવેદનબાજી અને નેતાઓની ભાષા શૈલીને લઈને એક નવો મોટો રાજકીય વિવાદ છેડાઈ ગયો છે. ભરવાડ સમાજના એક જાહેર કાર્યક્રમ દરમિયાન મંચ પરથી બોલતા લિંબડીના પૂર્વ ધારાસભ્ય અને ભાજપના પૂર્વ નેતા ભવાન ભરવાડે આમ આદમી પાર્ટીના અગ્રણી નેતા ગોપાલ ઈટાલિયા સામે અત્યંત વિવાદસ્પદ અને આકરી ટિપ્પણી કરી હતી. જેના વળતા પ્રહારમાં અને સભ્ય રાજકારણની મર્યાદા જાળવતા રાજ્યના નાયબ મુખ્યમંત્રી (ગૃહરાજ્ય મંત્રી) હર્ષ સંઘવીએ આપેલા જવાબે રાજકીય વર્તુળોમાં મોટી ચર્ચા જગાડી છે.





ભરવાડ સમાજના સ્નેહમિલન/કાર્યક્રમમાં ઉપસ્થિત જનમેદનીને સંબોધતા ભાજપના પૂર્વ નેતા ભવાન ભરવાડે સીધો ગોપાલ ઈટાલિયા પર નિશાન સાધ્યો હતો. તેમણે ઉશ્કેરાટમાં આવીને જાહેર સ્ટેજ પરથી કહ્યું હતું કે, 'ગોપાલ ઈટાલિયાને મોઢાનો લકવો થઈ જશે!' જાહેર સભામાં એક નેતા દ્વારા અન્ય નેતાના સ્વાસ્થ્ય અને શરીર પર આવી તીખી અને વાંધાજનક ટિપ્પણી કરવામાં આવતાં મંચ પર અને સોશિયલ મીડિયા પર આ નિવેદનની ભારે ટીકાઓ શરૂ થઈ ગઈ હતી. ભવાન ભરવાડના આ વિવાદસ્પદ નિવેદન અંગે જ્યારે માધ્યમો દ્વારા નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને પ્રશ્ન પૂછવામાં આવ્યો, ત્યારે તેમણે રાજકીય કડવાશથી પર જઈને સંવેદનશીલ જવાબ આપ્યો હતો. હર્ષ સંઘવીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે: 'ભગવાન મારા દુશ્મનને પણ લકવો ના કરે. રાજકારણ છે, બધા જેને જેમ આવડે તેમ કરે... આપણું કામ માત્ર ને માત્ર જનતા માટે કામ કરવાનું છે!' હર્ષ સંઘવીના આ નિવેદને સાબિત કર્યું છે કે રાજકીય વૈમનસ્ય અને ચૂંટણી લક્ષી આક્ષેપો પોતાની જગ્યાએ છે, પરંતુ કોઈના સ્વાસ્થ્ય અંગે વિવાદિત ટિપ્પણીઓ કરવી એ સંસ્કારી રાજકારણની નિશાની નથી.

## દાંતામાં બેફામ બન્યા બુટલેગરો, બગીચા વિસ્તારમાં નંબર વગર ની બ્લુ જુપીટર કોની ?

**બનાસકાંઠા**

ગુજરાતમાં દારૂબંધી છે, પણ બનાસકાંઠાના છેવાડાના અને સરહદી એવા દાંતા ટાઉનમાં દારૂબંધી માત્ર કાગળ પર હોય તેવું લાગી રહ્યું છે. દાંતા એ ગુજરાતનું ટાઉન છે, રાજસ્થાનનું નહીં, છતાં અહીં રાજસ્થાન કરતા પણ વધુ સરળતાથી દારૂ મળી રહ્યો હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. અને આ વખતે સ્થળ છે દાંતાના હાર્દ સમાન ગણાતો બગીચા વિસ્તાર.1. વર્ષો જૂનો ધંધો, પણ પેટ્રોલિંગ ગાયબ* સ્થાનિકોના જણાવ્યા અનુસાર આ ધંધો આજકાલનો નથી, વર્ષોથી બેફામ ચાલે છે. દાંતા ટાઉનમાં અનેક બુટલેગરો પોલીસના ડર વગર ખુલ્લેઆમ દેશી અને વિદેશી દારૂનું વેચાણ કરે છે. નવાઈની વાત એ છે કે આટલા ભરચક વિસ્તારમાં દિવસ દરમિયાન પણ પોલીસ, હોમગાર્ડ કે GRD નો એક પણ જવાન પેટ્રોલિંગ કરતો નજરે પડતો નથી. પેટ્રોલિંગ નહિવત હોવાને કારણે જ બુટલેગરોને મોકળું મેદાન મળી ગયું હોવાનું લોકો કહી રહ્યા છે. પ્રાપ્ત માહિતી મુજબ, બગીચા વિસ્તારમાં એક બ્લુ કલરની નંબર પ્લેટ વગરની જુપીટર મોપેડ પર એક શખ્સ ડીકીમાં વિદેશી દારૂની બોટલો ભરીને ફરી રહ્યો છે.

### યાત્રાધામ ડાકોરમાં લોહિયાળ નવરાત્રી

# બે જૂથો વચ્ચેની હિંસક અથડામણ અને પથ્થરમારામાં 21 વર્ષીય યુવકનું કરૂણ મોત

**સુરત**

સુરત શહેરના શ્રમજીવી અને ગીચ વસ્તી ધરાવતા પાંડેસરા વિસ્તારમાં ગરીબ અને અજ્ઞાત દર્દીઓના જીવ સાથે ખીલવાડ કરતા કસાઈ સમાન બોગસ ડોક્ટરોના કાળા કારોબાર પર સુરત SOG (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) અને આરોગ્ય વિભાગની સંયુક્ત ટીમોએ મોટું મેગા ઓપરેશન પાર પાડ્યું છે. ડમી દર્દીઓ મોકલીને રચાયેલા આ માસ્ટરપ્લાનમાં એકસાથે ૮ ગેરકાયદેસર ક્લિનિકોના ધજાગરા ઊડી ગયા છે. સુરત SOG અને આરોગ્ય વિભાગની ૩ અલગ-અલગ ટીમોએ ગુપ્ત યોજના બનાવીને પાંડેસરા વિસ્તારમાં એકસાથે દરોડા પાડ્યા હતા. ટીમોએ કાળજીપૂર્વક ડમી દર્દીઓને ક્લિનિકોમાં મોકલ્યા હતા. જેવા આ બોગસ ડોક્ટરોએ સારવાર આપવાનું અને એલોપેથી દવાઓ લખવાનું શરૂ કર્યું, કે તરત જ ટીમોએ ત્રાટકીને રંગેહાથ પકડી પાડ્યા હતા.



પકડાયેલા આઠેય બોગસ તબીબો પાસે કોઈ પણ માન્ય તબીબી ડિગ્રી (Medical Degree) ન હોવાનો પોલીસે ખુલાસો કર્યો છે. ચોંકાવનારી વિગત એ સામે આવી છે કે ઝડપાયેલા તત્વોમાંથી કેટલાક માત્ર ૧૨ પાસ છે, તો કેટલાક અગાઉ કોઈ હોસ્પિટલમાં કમ્પાઉન્ડર કે ઓપરેશન થિયેટર (OT) આસિસ્ટન્ટ તરીકે નોકરી કરતા હતા! એ જ અનુભવના આધારે તેઓ ગરીબોના જીવ સાથે રમતા હતા. આ દરોડા દરમિયાન માનવતાને શર્મસાર કરતા કિસ્સા સામે આવ્યા છે. એક બોગસ તબીબ તો એક માસૂમ સગીર દર્દીને ગેરકાયદેસર રીતે ગ્લુકોઝની બોટલ ચડાવતો કલેક્ટર અને પોલીસની નજર સામે પકડાઈ ગયો હતો! જૂના મોતના કેસનો આરોપી ઝડપાયો: અગાઉ એક કિશોરના શંકાસ્પદ મોત મામલે ગંભીર આક્ષેપોનો સામનો કરી ચૂકેલો બોગસ તબીબ પણ આ મેગા સર્ચ ઓપરેશનમાં પોલીસના સકંજામાં આવી ગયો છે.

### તંત્રની ઘોર બેદરકારી: ડભોઇના કુંઢેલા ગામે

# નર્મદા કેનાલ ઓવરફ્લો થતાં 30 એકર જમીનમાં પાણી ફરી વળ્યાં, દિવેલા અને તુવેરનો પાક સોથ વળી ગયો!!

**ડભોઇ**

ડભોઈ તાલુકાના કુંઢેલા ગામ પાસેથી પસાર થતી નર્મદા નિગમની કેનાલમાં તંત્રની ઘોર બેદરકારી અને લાપરવાહીનો એક અત્યંત ગંભીર કિસ્સો સામે આવ્યો છે. કેનાલમાં પાણી છોડ્યા બાદ યોગ્ય મોનિટરિંગના અભાવે અચાનક કેનાલ ઓવરફ્લો થતાં આસપાસના સીમ વિસ્તારના ખેતરો જોતજોતામાં જળબંબાકાર થઈ ગયાં હતાં. આશરે ૩૦ એકર જેટલી ફળદ્રુપ ખેતીની જમીનમાં પાણી ફરી વળતાં ખેડૂતોના મોં સુધી આવેલો પાકનો કોળિયો છીનવાઈ ગયો છે,



જેને પગલે સમગ્ર પંથકના ધરતીપુત્રોમાં વહીવટી તંત્ર સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. કુંઢેલા અને આસપાસના સીમ વિસ્તારમાં અંદાજે ૩૦ એકર જેટલી જમીનમાં ખેડૂતોએ રાત-દિવસ એક કરીને ઉછેરેલા દિવેલા (એરંડા) અને તુવેરના મોંઘા પાકમાં પાણી ભરાઈ ગયાં છે. પાક સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ જતાં ખેડૂતોને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. ખેડૂતોએ મહિનાઓની સખત મહેનત, મોંઘા ભાવનાં બિયારણ, ખાતર અને મજૂરી પાછળ કરેલો તમામ ખર્ચ અને પરસેવો તંત્રની એક ભૂલને કારણે ક્ષણવારમાં પાણીમાં વહી ગયો છે. ચાલુ વર્ષે ચોમાસું પ્રમાણમાં નબળું રહેતાં ખેડૂતો પહેલેથી જ સિંચાઈના પાણી અને પાકના ઉત્પાદનને લઈને ભારે ચિંતામાં હતા. એક તરફ ખેડૂતોને પાક બચાવવા જરૂરિયાતના સમયે પૂરતું પાણી મળતું નથી, ત્યારે બીજી તરફ નર્મદા નિગમના અધિકારીઓની ગુનાહિત લાપરવાહીને કારણે કેનાલ ઓવરફ્લો થઈને ઊભા પાકનો સંપૂર્ણ સોથ વાળી દીધો છે. કુદરતી માર સામે ઝઝૂમી રહેલા ધરતીપુત્રો પર હવે વહીવટી તંત્રની બેદરકારી આફત બનીને તૂટી પડી છે. સ્થાનિક ખેડૂતોના આક્ષેપ મુજબ, કેનાલમાં પાણી છોડ્યા બાદ તેના નિયમન અને યોગ્ય દેખરેખ માટે કોઈ પણ જવાબદાર અધિકારી કે કર્મચારી સ્થળ પર ડોકાતો પણ નથી. કેનાલમાં પાણીના સ્તરનું યોગ્ય મોનિટરિંગ ન થવાને કારણે જ આ હોનારત સર્જાઈ છે. હાલમાં ખેડૂતો માથે હાથ મૂકીને રડવા મજબૂર બન્યા છે. પીડિત ખેડૂતોએ તાત્કાલિક અસરથી નુકસાનીનો સર્વે કરાવી પૂરતું અને યોગ્ય વળતર ચૂકવવાની તેમજ બેદરકાર અધિકારીઓ સામે કડક પગલાં ભરવાની ઉગ્ર માંગ કરી છે. ખેડૂતોએ સ્પષ્ટ ચીમકી આપી છે કે જો વહેલી તકે ન્યાય નહીં મળે તો આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આક્રમક આંદોલન કરવામાં આવશે.

### ડભોઇ-વડોદરા રોડ પર LCB ગ્રામ્યની મોટી રેડ

# ક્રેટા કારમાંથી રૂપિયા 5.66 લાખનો વિદેશી દારૂ ઝડપાયો, ચાલક ખેતરોમાં ફરાર

**વડોદરા**

વડોદરા ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે ડભોઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં કડક કાર્યવાહી કરીને વિદેશી દારૂની હેરાફેરીનો મોટો પર્દાફાશ કર્યો છે. ડભોઈ-વડોદરા રોડ પર રાજલી ચોકડી નજીકથી પસાર થઈ રહેલી એક હ્યુન્ડાઈ ક્રેટા કારમાંથી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જંગી જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. જોકે પોલીસની ગાડી જોઈને ચાલકે વાહન રસ્તાની સાઈડમાં ઊભું રાખીને અંધારા અને ખેતરાઉ રસ્તાનો લાભ લઈને ભાગી છૂટવામાં સફળતા મેળવી હતી. વડોદરા ગ્રામ્ય LCB સ્ટાફના અ.એ.એસ.આઈ.



ભુપતભાઈ વિરમભાઈ, અ.એ.એસ.આઈ. બળદેવસિંહ ખડેસિંહ, અ.હે.કો. અજીતસિંહ ધીરૂભાઈ, અ.હે.કો. પ્રવિણસિંહ રણવિરસિંહ, આ.હે.કો. વિનોદકુમાર કિશનસિંહ તથા આ.પો.કો. નિલેશભાઈ મનસુખભાઈ ડભોઇ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગની રૂટિન કામગીરીમાં હતા. આ દરમિયાન ડભોઈ-વડોદરા રોડ પર રાજલી ચોકડી પાસે સ્ટાફના જવાનો તથા આ.પો.કો. નિલેશભાઈને ચોક્કસ અને સંયુક્ત બાતમી મળી હતી કે, સફેદ રંગની એક હ્યુન્ડાઇ ક્રેટા કાર જેનો રજીસ્ટ્રેશન નંબર GJ-06-KP-3658 છે, તેમાં ભારતીય બનાવટના વિદેશી દારૂનો મોટો જથ્થો ભરીને રાજલી ચોકડી થઈને કારવણ રોડ તરફ જવાની ફિરાકમાં છે. મળેલી બાતમીના આધારે પોલીસ ટીમ દ્વારા તાત્કાલિક તે જ વિસ્તારમાં વોચ ગોઠવવામાં આવી હતી. થોડા સમયમાં જ બાતમીવાળી શંકાસ્પદ ક્રેટા કાર ત્યાંથી પસાર થતાં પોલીસે તેને રોકવાનો ઈશારો કરી કોર્ડન કરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ, પોલીસને જોઈ ગયેલા ચાલક કારચાલકે ગાડી રોડની સાઈડ પર ગફલતભરી રીતે ઊભી રાખી દીધી હતી અને ત્યાંથી અંધારાનો લાભ લઈને દોટ મૂકી હતી.

પોલીસે તેનો પીછો કરી પકડવાનો ભરપૂર પ્રયાસ કર્યો હતો, પરંતુ આસપાસના ખેતરો અને અંધકારનો પૂરેપૂરો લાભ લઈને કાર ચાલક અદ્રશ્ય થઈ ગયો હતો અને પોલીસના હાથમાં આવતા સહેજ માટે બચી ગયો હતો. પોલીસે નાસી છૂટેલા ચાલકની ક્રેટા કારની ઝીણવટભરી તલાશી લેતા ગાડીની અંદરથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી કુલ ૧૮૪૮ નંગ બોટલો મળી આવી હતી.

# સુરતમાં પોલીસની લાલ આંખ: સાપ્તાહિક રજા અને હક્કો માંગતા કારીગરો પર પોલીસ ત્રાટકી

### કલેક્ટર કચેરી બહારથી 70 જેટલા શ્રમિકોને વાન-બસમાં ભરીને ખસેડાયા!

**સુરત**

ડાયમંડ અને ટેક્સટાઈલ હબ ગણાતા સુરત શહેરમાંથી એક અત્યંત ચોંકાવના અને ગંભીર સમાચાર સામે આવ્યા છે. સુરત કલેક્ટર કચેરી ખાતે પોતાના ન્યાયિક હક્કો, કાયદેસરની સાપ્તાહિક રજા અને યોગ્ય વેતનની માંગણી સાથે શાંતિપૂર્ણ રજૂઆત કરવા પહોંચેલા અંદાજે ૭૦ જેટલા કારીગરો સામે પોલીસે લાંબી કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસ કાફલાએ વિરોધ પ્રદર્શન કરી રહેલા આ શ્રમિકોને અચાનક પકડીને પોલીસ વાન અને બસોમાં ભરી દીધા હતા, જેને લઈને સમગ્ર વિસ્તારમાં ભારે હડકંપ મચી ગયો હતો. પ્રાપ્ત વિગતો અનુસાર, સુરતના વિવિધ વિસ્તારોમાં કામ કરતા કારીગરો લાંબા સમયથી લાખોની સંખ્યામાં કામના કલાકો, સમયસર વેતન અને સરકારી નિયમ મુજબ સાપ્તાહિક રજા ન મળવાની બુમો ઉઠાવી રહ્યા હતા. આ જ મુદ્દે કાયદેસરનું આવેદનપત્ર આપવા અને પોતાની વેદના રજૂ કરવા માટે શ્રમિકો એકઠા થયા હતા.

પરંતુ કલેક્ટર કચેરી  કે તેની આસપાસ પહોંચતા જ તંત્ર અને પોલીસ હરકતમાં આવી ગઈ હતી.

પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થાના બહાના હેઠળ આંદોલનકારી કે રજૂઆત કરવા આવેલા અંદાજે ૭૦ જેટલા કારીગરોને ત્યાંથી બળજબરીપૂર્વક ઉઠાવીને વાહનોમાં બેસાડી દેવામાં આવ્યા હતા.

### સરકારી હોસ્પિટલો માટે 8.85 કરોડના ખર્ચે 18 અધતન ફેકો મશીનો મંજૂર!

# આરોગ્ય ક્ષેત્રે મોટા સમાચાર: રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાનો પ્રજાહિતમાં મોટો નિર્ણય

**અમદાવાદ**

ગુજરાતના નાગરિકોને, ખાસ કરીને ગરીબ અને મધ્યમ વર્ગના દર્દીઓને ઘરઆંગણે અદ્યતન અને ગુણવત્તાસભર આરોગ્ય સેવાઓ પૂરી પાડવાના અભિગમ સાથે રાજ્ય સરકારે વધુ એક મોટો અને મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં રાજ્યની વિવિધ સરકારી મેડિકલ કોલેજો અને હોસ્પિટલો માટે આંખની સારવાર તેમજ મોતિયાના સુપર-સ્પેશિયાલિટી ઓપરેશન (Cataract Surgery) અર્થે રૂ. ૮.૮૫ કરોડથી વધુના ખર્ચે ૧૮ અત્યાધુનિક 'એડવાન્સ ફેકોઈમલસિફિકેશન મશીન' ખરીદવાની કાયદેસર મંજૂરી આપી દેવામાં આવી છે.



મંત્રી પ્રફુલ પાનશેરીયાના આ નિર્ણયથી હવે ખાનગી હોસ્પિટલોમાં હજારો રૂપિયા ખર્ચીને કરાવવા પડતા મોતિયાના આધુનિક ઓપરેશનો રાજ્યની સરકારી હોસ્પિટલોમાં તદ્દન વિનામૂલ્યે અને આંતરરાષ્ટ્રીય સ્તરની ટેકનોલોજી સાથે શક્ય બનશે. રૂ. ૮.૮૫ કરોડના માતબર ખર્ચે વસાવવામાં આવનારા આ અદ્યતન મશીનોનું વિતરણ રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં આવેલી આંખની હોસ્પિટલો અને મેડિકલ કોલેજોમાં કરવામાં આવશે. આ 'એડવાન્સ ફેકોઈમલસિફિકેશન મશીન' મોતિયાના સુરક્ષિત અને સચોટ ઓપરેશન માટેનું અતિઆધુનિક મેડિકલ સાધન છે, જેનાથી દર્દીઓ અને નિષ્ણાત સર્જનોને નીચે મુજબના મોટા ફાયદાઓ થશે: આ મશીનનું અદ્યતન 'Ellips FX હેન્ડપીસ' ઓપરેશન વખતે આંખ પર મૂકવામાં આવતા નાના કાપ (ચીરા) પાસે વધુ પડતી ગરમી ઉત્પન્ન થવાનું જોખમ ઘટાડે છે. જેનાથી ઓપરેશન પછી આંખની કીકીમાં સોજો (Corneal Edema) કે અન્ય આડઅસરો થતી નથી અને દર્દી ખૂબ જ ઝડપથી સ્વસ્થ થઈ જાય છે.

### બેંકિંગ સેક્ટરમાં સનસનાટી

# મહેમદાવાદના ધારાસભ્ય અર્જુન ચૌહાણ સામે જનતાનો રોષ ફાટી નીકળ્યો

**રાજકોટ**

ગ્રાહકોના ખિસ્સા પર ત્રાપ મારીને બેંકિંગના નામે ખુલ્લેઆમ લૂંટ ચલાવતી બેંકો માટે આ ચુકાદો એક સણસણતો તમાચો છે! રાજકોટ ડિસ્ટ્રિક્ટ કન્ઝ્યુમર ડિસ્પ્યુટ રેડ્રેસલ કમિશને (ગ્રાહક સુરક્ષા કમિશન) શિક્ષણવિદ થંકચન જોસ કૈથારથના પક્ષમાં એક ઐતિહાસિક અને આકરો ચુકાદો આપીને CSB બેંકની ગેરકાયદેસર મનમાનીનો પર્દાફાશ કર્યો છે.

શિક્ષણવિદ થંકચન જોસ કૈથારથે પોતાની દીકરીના ભવિષ્ય અને ઉચ્ચ શિક્ષણ માટે ફેબ્રુઆરી 2012માં CSB બેંકમાંથી રૂ. 7.50 લાખની એજ્યુકેશન લોન લીધી હતી. બેંક સાથે થયેલા કરાર મુજબ: વ્યાજ દર: 14% વાર્ષિક, મુદત: 7 વર્ષ (84 હપ્તા). હપ્તાની રકમ: રૂ. 16,500 પ્રતિ માસ. તમામ શરતોનું પાલન કરીને કૈથારથે નિયમિતપણે તમામ 84 હપ્તા ભરીને કુલ રૂ. 13.99 લાખ જેટલી મસમોટી રકમ બેંકમાં જમા કરાવી દીધી હતી. નિયમ મુજબ લોન પૂર્ણ થઈ જવી જોઈતી હતી અને બેંકે 'નો ડ્યુ સર્ટિફિકેટ' આપવાનું હતું.

તમામ હપ્તા પૂરા થઈ ગયા હોવા છતાં, જ્યારે માર્ચ 2024નું એકાઉન્ટ સ્ટેટમેન્ટ આવ્યું ત્યારે કૈથારથના પગ નીચેથી જમીન સરકી ગઈ! બેંકે સ્ટેટમેન્ટમાં હજુ પણ રૂ. 9.96 લાખની બાકી નીકળતી રકમ દર્શાવી હતી!

CSB બેંકે ગ્રાહકની કોઈપણ જાતની લેખિત સંમતિ કે પૂર્વ નોટિસ આપ્યા વિના જ લોનની મુદત સાત વર્ષ (84 મહિના)થી વધારીને સીધી 189 મહિના (15 વર્ષથી વધુ) કરી નાખી હતી!

તંત્રી લેખ...

# આંકડાકીય ઉન્માદ અને ખાલી થાળી : 7 ટકા વૃદ્ધિ પાછળ ઢંકાયેલું વાસ્તવિકતાનું રૂદન

આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ એટલે કે આઈએમએફે તાજેતરમાં ભારતનો વિકાસદર ૭ ટકાથી ઉપર રહેવાનો ગુલાબી અહેવાલ આપ્યો છે. હવે આઈએમએફ હોય કે વર્લ્ડ બેંક અને ક્રેડિટ રેટિંગ એજન્સીઓ જ્યારે વાતાનુકૂલિત ઓરડાઓમાં બેસીને ભારતના વિકાસ દરને ૭ ટકા કે ૭.૧ ટકા રહેવાની ગુલબાંગો પોકારે છે, ત્યારે દેશના સામાન્ય નાગરિક માટે આ આંકડા કોઈ આશ્વાસન નહીં પણ એક ઘાતકી મજાક સમાન છે. એક તરફ વૈશ્વિક સંસ્થાઓ દાવો કરી રહી છે કે વૈશ્વિક અર્થતંત્ર જ્યારે ૩.૧ ટકાના ધીમા દરે સંઘર્ષ કરી રહ્યું છે, ત્યારે ભારત તેજ ગતિએ દોડતું એકમાત્ર ચમકતું એન્જિન બની ગયું છે. ભારતના વાસ્તવિક અર્થતંત્રની ધરતી પર પગ મૂકતાં જ ખ્યાલ આવે છે કે આ વિકાસની બુલેટ સ્પીડ માત્ર કાગળ પર છે. સામાન્ય માણસના ખિસ્સા, તેના ઘરનું બજેટ અને તેના રસોડાની વાસ્તવિકતા તદ્દન વિપરીત અને ગંભીર આર્થિક કટોકટી તરફ ઈશારો કરી રહી છે. આંકડાકીય માયાજાળ રચીને દેશની ૧૪૦ કરોડની પ્રજાને એવા ભ્રમમાં રાખવામાં આવી રહી છે કે દેશ પ્રગતિ કરી રહ્યો છે, જ્યારે હકીકતમાં મધ્યમ અને ગરીબ વર્ગ મોંઘવારી, ફુગાવો અને બેરોજગારીના ત્રિભેટા પર કચડાઈ રહ્યો છે. સૌપ્રથમ દેશના સૌથી મોટા અને જીવંત સળગતા પ્રશ્ન એટલે કે બેરોજગારીની વાત કરીએ. સીએમઆઈઈ અને સરકારના પોતાના પીરીયોડિક લેબર ફોર્સ સર્વેના આંકડા તપાસીએ તો સરેરાશ રાષ્ટ્રીય બેરોજગારીનો દર ૮ ટકાથી ૯ ટકાની આસપાસ સતત આંટાફેરા કરી રહ્યો છે, જે છેલ્લા કેટલાક દાયકાઓનો સૌથી ઉંચો સ્તર છે. આનાથી પણ વધુ ગંભીર બાબત એ છે કે શિક્ષિત યુવાનો અને ગ્રેજ્યુએટ્સમાં બેરોજગારીનો દર ૨૨ ટકાથી ૨૭ ટકા સુધી પહોંચી ચૂક્યો છે. દર વર્ષે




૧.૨ કરોડથી વધુ યુવાનો દેશના લેબર માર્કેટમાં પ્રવેશે છે, પરંતુ તેમની સામે સંગઠિત ક્ષેત્રમાં યોગ્ય નોકરીઓનું સર્જન શૂન્ય સમાન છે. રેલવે, તલાટી કે પટાવાળાની માત્ર ૧૦૦-૨૦૦ જગ્યાઓ માટે લાખો ગ્રેજ્યુએટ અને એન્જિનિયર યુવાનો લાઈનમાં ઊભા રહે છે, પેપરો ફૂટે છે અને ભરતી પ્રક્રિયાઓ વર્ષો સુધી અટવાઈ પડે છે. જે યુવાનો દેશનું ભવિષ્ય છે, તેઓ આજે રોજીરોટી માટે ફૂડ ડિલિવરી બોય કે ઓટો ચાલક કે કેબ ચાલક બનવા મજબૂર બન્યા છે. આ સ્થિતિ સ્પષ્ટ કરે છે કે ભારતનો ૭ ટકાનો કહેવાતો વિકાસ રોજગારવિહીન વિકાસ છે. બીજી તરફ, સામાન્ય નાગરિકની કમર તોડતી મોંઘવારી અને વધતા ફુગાવાના આંકડા સરકારી દાવાઓની પોલ ખોલી નાખે છે. સીપીઆઈ આધારિત છૂટક ફુગાવો સપ્ટેમ્બર મહિનામાં વધીને ૫.૫૪ ટકાની નજીક પહોંચી ગયો છે, જે તેના અગાઉના ૪.૮૩ ટકાથી સીધો ઉછાળો દર્શાવે છે. પરંતુ આ સરકારી હેડલાઈન ફુગાવો સામાન્ય ગૃહિણીનું દર્દ માપી શકતો નથી. રસોડાની અસલી આગ ખાદ્ય ફુગાવામાં છુપાયેલી છે, જે હકિકતે ૮.૫ ટકાથી ૯.૨ ટકાની સપાટીએ પહોંચી ગયો છે. સામાન્ય ઘરોમાં દરરોજ વપરાતા શાકભાજીના ભાવોમાં વાર્ષિક ધોરણે ૩૫ ટકાથી ૪૫ ટકાનો તોતિંગ વધારો થયો છે. ડુંગળી, બટાકા, ટામેટાં, લસણ અને આદુ, લિંબું જેવી પાયાની ચીજોના ભાવો બજારમાં સામાન્ય વર્ગની પહોંચ બહાર નીકળી ગયા છે. કઠોળના ભાવમાં વાર્ષિક ૧૨ ટકાથી ૧૫ ટકાનો ઉછાળો આવ્યો છે અને ખાદ્યતેલના ભાવો ફરી એકવાર સામાન્ય પરિવારોનું તેલ કાઢી રહ્યા છે. આ આંકડાકીય હકીકતો સ્પષ્ટ કરે છે કે જ્યારે ગરીબ અને નિમ્ન-મધ્યમ વર્ગ પોતાની માસિક આવકનો ૪૫ થી ૫૦ ટકા હિસ્સો માત્ર ખોરાક અને અનાજ પાછળ ખર્ચવા મજબૂર બને છે, ત્યારે તેના માટે આર્થિક વિકાસના કોઈ મૂલ્ય રહેતા નથી. સામાન્ય માણસ બજારમાંથી જે કંઈ ખરીદીને રસોડા સુધી લાવે છે, તે બધું જ અત્યંત મોંઘું છે અને તેનું વજન કે જથ્થો પહેલા કરતાં ઘટી ગયો છે. આને આર્થિક પરિભાષામાં શ્રિન્કફ્લેશન કહેવામાં આવે છે, જ્યાં પેકેટનો ભાવ એ જ રહે છે પરંતુ અંદરથી માલસામાન ઓછો કરી દેવામાં આવે છે. આ સંકટ માત્ર ખાદ્ય ચીજો પૂરતું સીમિત નથી, પરંતુ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે પણ ફુગાવાએ માઝા મૂકી છે. દેશમાં શિક્ષણ અને તબીબી સેવાઓનો ફુગાવો ૧૧ ટકાથી ૧૪ ટકાના દરે વધી રહ્યો છે. સામાન્ય સરકારી શાળાઓ અને હોસ્પિટલોની કથળતી હાલતને કારણે મધ્યમ વર્ગ ખાનગી શાળાઓની તોતિંગ ફી અને ખાનગી દવાખાનાઓના આકરા બિલો ચૂકવવામાં દેવાદાર બની રહ્યો છે. લોકો હવે ઉત્સવોમાં રોકડથી ખરીદી કરવાને બદલે 'બાય નાઉ, પે લેટર' અને નો-કોસ્ટ ઈએમઆઈના ચક્રવ્યૂહમાં ફસાઈ રહ્યા છે. તહેવારોની ઝાકમઝોળ પત્યા પછી આગામી છ મહિના સુધી લોનના હપ્તા ભરવામાં સામાન્ય માણસનો દમ નીકળી જાય છે. જ્યારે દેશની જનતા આવા ગંભીર આર્થિક ત્રાસમાંથી પસાર થઈ રહી છે, ત્યારે શાસકોની પ્રાથમિકતાઓ જોઈને અરેરાટી ઉપજે છે. પ્રજાના પરસેવાની કમાણીમાંથી એકત્રિત કરાયેલા ટેક્સના નાણાંનો મોટો હિસ્સો મોંઘવારી નિયંત્રણ, શિક્ષણ, હોસ્પિટલો કે સસ્તી પબ્લિક ટ્રાન્સપોર્ટ બનાવવા પાછળ ખર્ચવાને બદલે ભવ્ય ઉત્સવો, વૈશ્વિક સમિટો, રોડ-શો અને પીઆર ઈવેન્ટ્સ પાછળ પાણીની જેમ વહાવવામાં આવે છે. દેશમાં રોજગારી આપતા નાના અને લઘુ ઉદ્યોગો, જે દેશની ૪૦ ટકાથી વધુ રોજગારીનું સર્જન કરે છે, તે નોટબંધી, જટિલ જીએસટી માળખું અને મૂડીની તંગીને લીધે એક પછી એક બંધ થઈ રહ્યા છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# સંબંધ પૂરો થાય ત્યારે પ્રેમ નહીં, માન બચાવી રાખવું એ જ ખરી પરિપક્વતા

સંબંધમાં સાથે હોવું સહેલું છે, પરંતુ સંબંધ પૂરો થયા પછી પણ સામેની વ્યક્તિ માટે માન જાળવી રાખવું અત્યંત મુશ્કેલ અને દુર્લભ સદ્‌ગુણ છે. કોઈ વ્યક્તિ એક દિવસ અચાનક અજાણી બની જતી નથી. એક સમય એવો હોય છે જ્યારે એ વ્યક્તિ આપણા દિવસની શરૂઆતનું કારણ હોય છે, આપણા દુ:ખની દવા હોય છે, આપણા આનંદની સાથી હોય છે અને જીવનની સૌથી નજીકની વ્યક્તિ હોય છે.

પરંતુ જીવન હંમેશાં આપણી ઈચ્છા મુજબ નથી ચાલતું. ક્યારેક પરિસ્થિતિઓ બદલાય છે, ક્યારેક વિચારો બદલાય છે, ક્યારેક રસ્તા અલગ થઈ જાય છે અને ક્યારેક પ્રેમ હોવા છતાં સંબંધને આગળ લઈ જવો શક્ય રહેતો નથી.

### એ સમયે સૌથી મોટો પ્રશ્ન એ નથી કે "સંબંધ કેમ તૂટ્યો?"

સૌથી મોટો પ્રશ્ન એ છે કે 'સંબંધ તૂટ્યા પછી આપણે કેવા માણસ બનીએ છીએ?' જે હાથ ક્યારેક સાથ આપવા જોડાયા હતા, તે સંબંધ તૂટતી વખતે પથ્થર ઉઠાવવા માટે ન વપરાવા જોઈએ. સંબંધનો અંત ગમે તેવો હોય, પણ છેલ્લો અધ્યાય હંમેશાં સન્માનથી લખાવા જોઈએ.

### સંબંધ તૂટે એટલે બધું ખોટું થઈ ગયું એવું નથી

કોઈ સંબંધનો અંત આવે એટલે એ સંબંધમાં વિતાવેલો દરેક સમય ખોટો હતો એવું માની લેવું અપરિપક્વતા છે. એક સમયે એ વ્યક્તિએ આપણને હસાવ્યા હતા, સંભાળ્યા હતા, પ્રોત્સાહન આપ્યું હતું અને કદાચ જીવનનો કોઈ મુશ્કેલ સમય પાર કરાવવામાં મદદ કરી હતી. આજે રસ્તા અલગ છે એટલે ગઈકાલની સુંદર ક્ષણો પર કડવાશનો રંગ ચડાવી દેવાની જરૂર નથી. સંબંધનો અંત આખી વાર્તાને ખોટી સાબિત કરતો નથી; તે માત્ર એક પ્રકરણ પૂરું કરે છે.

જીવનની લાંબી સફરમાં ઘણા મુસાફરો મળે છે. અમુક સ્ટેશનો સુધી વાતો થાય છે, સાથે ચા પીવાય છે અને ઉત્તમ સમય વીતે છે. જ્યારે સામેવાળાનું સ્ટેશન આવે ત્યારે તે ઊતરી જાય છે. કોઈ પોતાનું સ્ટેશન આવ્યે ઊતરી જાય તો આપણે તેના પર ક્રોધિત નથી થતા કે તેની આગળની સફર ખરાબ થાય એવી ઈર્ષ્યા નથી કરતા; આપણે સફરની સારી પળો યાદ રાખીને આપણી આગળની મુસાફરી શાંતિથી ચાલુ રાખીએ છીએ.



જ્યારે રેતી મુઠ્ઠીમાંથી સરકવા લાગે છે, ત્યારે મુઠ્ઠી વધુ જોરથી ભીંસવાથી રેતી રોકાતી નથી, ઊલટાનું હાથમાં પીડા થાય છે. જ્યારે કોઈ વ્યક્તિ જીવનમાંથી જવા લાગે, ત્યારે તેને બળજબરીથી બાંધવા કે વેર રાખીને પછાડવા કરતાં હાથ ખોલીને જવા દેવામાં જ બંનેનું હિત રહેલું છે.

સંબંધ તૂટે ત્યારે સૌથી સરળ રસ્તો છે સામેવાળા પર 'દગાખોર'નું લેબલ લગાવી દેવું. પરંતુ દરેક અંત દગાથી જ નથી થતો. ક્યારેક બે સારા માણસો પણ એકબીજા માટે યોગ્ય સાથી બની શકતા નથી. ક્યારેક બંનેની દિશા, પ્રાથમિકતાઓ કે જીવનમૂલ્યો અલગ હોય છે. બે રસ્તા અલગ થાય એટલે એક રસ્તો ખોટો જ હતો એવું જરૂરી નથી.

તૂટેલો કાચ જો જમીન પર પડ્યો રહે અને તમે તેના પર ગુસ્સામાં લાત મારશો, તો લોહી તમારા જ પગમાંથી નીકળશે. તૂટેલા સંબંધની કડવાશને વારંવાર નફરત સાથે યાદ કરવી એ કાચ પર વારંવાર પગ પછાડવા જેવું છે. શાણપણ એમાં જ છે કે તે કાચને એક તરફ મૂકીને પોતાનો રસ્તો બદલી લેવો.

જે વાતો ક્યારેક વિશ્વાસના ઓથ હેઠળ વહેંચાઈ હતી, તે સંબંધ પૂરો થયા પછી પણ પવિત્ર અનામત રહેવી જોઈએ. ખાનગી વાતો જાહેર કરીને મેળવેલી તાળીઓ ક્ષણિક હોય છે, પણ ચરિત્ર પર પડેલો ડાઘ કાયમી રહે છે.

બદલો લેવાની સસ્તી માનસિકતા ન રાખવી'હું એને બરબાદ કરીને બતાવીશ' કે 'હું એને દેખાડી દઈશ' જેવા વિચારો આંતરિક નબળાઈ દર્શાવે છે. તમારી સાચી પ્રગતિ કોઈને નીચા પાડવા માટે નહીં, પણ તમારી પોતાની જાતને ઊંચી લઈ જવા માટે હોવી જોઈએ. જેને પાછળ છોડી દીધો છે તેને હરાવવામાં શક્તિ વેડફવાની ન હોય.

કોઈને સંભળાવવા માટે સ્ટેટસ મૂકવા કે કટાક્ષભરી પોસ્ટ કરવી એ સાબિત કરે છે કે તમે હજી પણ માનસિક રીતે ત્યાં જ અટવાયેલા છો. સૌથી મોટો અને પ્રભાવશાળી જવાબ શબ્દો નહીં, ગરિમાપૂર્ણ મૌન છે. સંબંધ પૂરો થયો એટલે ભૂલ ફક્ત તમારી જ હતી એવું માનીને ડિપ્રેશનમાં સરી પડવું નહીં. આત્મચિંતન જરૂરી છે, પણ આત્મદંડ વિનાશક છે.

### સંબંધના અંતને "શોક" નહીં, "શીખ" બનાવો

જીવનમાં આવતી દરેક વ્યક્તિ આજીવન રહેવા નથી આવતી. કોઈ સાથ આપવા આવે છે, કોઈ શીખવવા આવે છે, તો કોઈ આપણી પોતાની કિંમત સમજાવવા આવે છે. તેથી સંબંધ પૂરો થાય ત્યારે માત્ર એવું ન વિચારો કે 'મેં શું ગુમાવ્યું?', એકવાર એ પણ વિચારો કે 'આ અનુભવે મને કઈ રીતે વધુ પરિપક્વ બનાવ્યો?' કોઈના પ્રત્યે વેર, ઈર્ષ્યા કે ઘૃણા ભરી રાખવી એટલે તમારા મગજમાં એ વ્યક્તિને મફતમાં પેન્ટહાઉસ ભાડે આપવા જેવું છે. માફી આપીને આગળ વધવાનો અર્થ એ છે કે તમે તમારા મનની મૂલ્યવાન જગ્યા પોતાની ખુશી અને પ્રગતિ માટે ખાલી કરી રહ્યા છો. સામેવાળો ક્યારેક માફી માગવા નહીં આવે, ન તો એ તમારી પીડા સમજશે. દરેક પ્રશ્નનો જવાબ મળવો અનિવાર્ય નથી હોતો; ક્યારેક સામે ચાલીને સ્વીકારેલી 'શાંતિ' એ જ શ્રેષ્ઠ પૂર્ણવિરામ હોય છે. સંબંધ બચી ન શકે તો પણ સંસ્કાર બચાવી શકાય છે. પ્રેમ રહી ન શકે તો પણ પરસ્પર માન જાળવી શકાય છે. માણસ જીવનમાંથી દૂર થઈ જાય તો પણ તેની સાથે વિતાવેલી સારી ક્ષણો અને મળેલો પાઠ હંમેશાં પ્રેરણારૂપ બની શકે છે.

સંબંધ તૂટવો એ તમારા વ્યક્તિત્વનો અંત નથી, પણ સંબંધના અંત પછી તમે જે ગરિમા, સંયમ અને શાંતિ જાળવો છો એ જ દુનિયા સમક્ષ તમારા સાચા ચરિત્રની સાબિતી આપે છે.

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

# વિકાસના મોટા દાવાઓ વચ્ચે કાળી હકીકત...

## ભાષણોમાં "નંબર-1" બનાવવાની વાતો કરનાર સત્તાધીશોએ ચૂપચાપ ભારતને વિશ્વ બેંકના કરજમાં મોખરે કેમ લાવી દીધા?!

ચૂંટણી મંચો પરથી દેશને નંબર-૧ બનાવવાની હોંકારો ભરતી વાતો અને ગ્રાઉન્ડ પર આંતરરાષ્ટ્રીય લોનનો વધતો બોજ: પ્રજાની આંખમાં ધૂળ નાખીને દેશના ભષ્યિને ગિરવે મુકવાનો ખેલ કેમ ચાલી રહ્યો છે?

પાક્કો ગુજરાત ન્યૂઝ:

દેશના સર્વોચ્ચ પદ પર બેઠેલા શાસકો જ્યારે ચૂંટણી કે સભા મંચો પર માઈક સંભાળે છે, ત્યારે તેમની વાતોનું કેન્દ્ર બિન્દુ હંમેશા એક જ હોય છે - 'આપણે જે રાજ્ય કે દેશમાં આવ્યા છીએ તેને દુનિયાનો કે દેશનો નંબર-૧ બનાવી દઈશું!' વિકાસના આકાશી પુલ બાંધવા, ફાટક-બ્રિજ અને મોટી મોટી ઈમારતોના બણગા ફૂંકવા એ નેતાઓની કાયમી ફિતરત બની ગઈ છે. પરંતુ આ મંચોની ચમકદમક અને તાળીઓના ગડગડાટ પાછળ એક એવી ભયાનક અને કડવી વાસ્તવિકતા છુપાયેલી હોય છે, જે સામાન્ય જનતાને ક્યારેય કહેવામાં આવતી નથી.

એક તરફ જાહેરસભાઓમાં દેશને 'વિશ્વગુરુ' અને 'નંબર-૧' બનાવવાની બૂમો પાડવામાં આવે છે, તો બીજી તરફ કોઈને ખબર પણ ન પડે તેમ સાવ ચૂપચાપ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ પાસેથી અબજો રૂપિયાનું દેવું કરીને દેવાદાર બનાવવામાં ભારતને વૈશ્વિક સ્તરે મોખરે લાવી દેવામાં આવ્યું છે!

મોટી-મોટી વાતોની આડમાં
આંતરરાષ્ટ્રીય કરજની જાળ!

આજે વૈશ્વિક આંકડા અને આર્થિક સમીક્ષાઓ સાક્ષી પૂરે છે કે દેશના વિકાસના નામે માત્ર દેવાનું કદ મોટું કરવામાં આવી રહ્યું છે. વિશ્વ બેંક (World Bank) અને અન્ય આંતરરાષ્ટ્રીય નાણાકીય સંસ્થાઓ પાસેથી લેવામાં આવતી લોનના આંકડા તપાસીએ તો ખબર પડે કે દેશની તિજોરી પર કેટલો મોટો આર્થિક બોજ લાદી દેવામાં આવ્યો છે. આશરે ૩૪ અબજ ડૉલરથી વધુના આઉટસ્ટેન્ડિંગ લોન અને દેવા સાથે ભારત આજે વૈશ્વિક સ્તરે વિશ્વ બેંકનું સૌથી મોટું કરજદાર (Largest Borrower) બની ગયું છે!

સવાલ એ થાય છે કે જો દેશની અર્થવ્યવસ્થા એટલી જ મજબૂત છે અને રોજ વિકાસના પરચમ લહેરાઈ રહ્યા છે, તો ફંડ ઊભા કરવા માટે આંતરરાષ્ટ્રીય બેંકોના દરવાજા ખાંડવાની શી જરૂર પડી? શું મોટા પાયે થતી જાહેરાતો અને પ્રચારના ખાડા પૂરવા માટે જ આ વિદેશી દેવા પર નભવાનું શરૂ કરી દેવાયું છે?

પ્રજાના ટેક્સના પૈસા જાય છે ક્યાં?

રોજબરોજ વધતી મોંઘવારી, પેટ્રોલ-ડીઝલના આકાશી ભાવ અને જીએસટી (GST) ના મારથી સામાન્ય પ્રજાનું કમરું ભાંગી ગયું છે. આમ આદમી પોતાની મહેનતની કમાણીનો મોટો હિસ્સો ટેક્સ તરીકે સરકારની તિજોરીમાં ઠાલવે છે. તેમ છતાં જો દેશના માથે આંતરરાષ્ટ્રીય દેવાનો પહાડ સતત વધતો જતો હોય, તો પ્રજાના આ કરોડો-અબજો રૂપિયા જાય છે ક્યાં? શું એ માત્ર નેતાઓની પ્રચાર મશીનરી અને ઉદ્યોગપતિ મિત્રોની તિજોરીઓ ભરવામાં જ હોમાઈ જાય છે?

ભાષણોના ભ્રમમાંથી બહાર
આવવાનો સમય આવી ગયો છે

'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરના માધ્યમથી અમારો સ્પષ્ટ સવાલ છે કે માત્ર જુમલાબાજી અને ભાષણોની ચમકથી દેશનું અર્થતંત્ર મજબૂત નથી થઈ જતું. જ્યારે દેશની આવનારી પેઢીઓ આ વિદેશી દેવાના બો નીચે દબાઈ જશે, ત્યારે આ 'નંબર-૧' ની વાતો કરનારા નેતાઓ જવાબ આપવા આવશે ખરા?

# "દેશભક્તિના બોર્ડર અને સેનાના બજેટ પર કાપ?": પૂર્વ સૈનિકોનો વિસ્ફોટક આક્રોશ! વન રેન્ક વન પેન્શનથી લઈને ઈસીએચએસ (ECHS) સુધીના ફંડમાં કાપ મૂકાતાં કેન્દ્ર સરકાર અને સંઘ પરિવાર સામે વિપક્ષી મોરચાનો મોટો હુમલો!

રાજકીય ક્ષેત્રે અને દેશના સૈન્ય વર્તુળોમાં એક અત્યંત સંવેદનશીલ અને ગંભીર મામલે મોટો ભડકો થયો છે. પોતાને પરમ દેશભક્ત ગણાવતી ભારતીય જનતા પાર્ટી (BJP), રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS), તેની સાથે જોડાયેલી ૪૫ થી વધુ ભગિની સંસ્થાઓ, વિશ્વ હિન્દુ પરિષદ (VHP) અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સામે વિપક્ષી સંગઠનો તેમજ દેશના ખૂણે-ખૂણેથી એકઠા થયેલા પૂર્વ સૈનિકોએ ગંભીર અને સનસનાટીભર્યા આક્ષેપોનો મોરચો ખોલ્યો છે.

સશસ્ત્ર દળોના ફંડિંગ, નિવૃત્ત જવાનોના પેન્શન-ભથ્થાં અને સેનાના આધુનિકીકરણના બજેટમાં આડકતરી રીતે કાપ મૂકીને 'દેશની સુરક્ષા સાથે ખુલ્લું રમત રમવામાં આવી રહી હોવાનો' ગંભીર આરોપ મૂકવામાં આવ્યો છે.

૧. સંરક્ષણ ફંડ અને આધુનિકીકરણમાં કાપનો સંગીન આક્ષેપ

પૂર્વ સૈનિકો અને કિસાન-સૈનિક મોરચાના અગ્રણીઓનું કહેવું છે કે સરહદો પર દેશની રક્ષા કરતા લાખો જવાનોના નામ પર માત્ર રાજકીય રોટલા શેકવામાં આવી રહ્યા છે. જમીની હકીકત એ છે કે સેનાને મળતા વાર્ષિક સંરક્ષણ બજેટ (Defence Budget) ના જીડીપી (GDP) ના ટકાવારીમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે:

હથિયારો અને સાધનોની અછત: સેનાના અતિઆધુનિક હથિયારો, સુરક્ષાત્મક ગિયર્સ અને ટેકનોલોજીકલ અપગ્રેડેશન માટે વપરાતા કેપિટલ બજેટ પર કાપ મૂકાયો હોવાનો આરોપ છે.

સીમાવર્તી વિસ્તારોની સુરક્ષા: બોર્ડર પર તૈનાત જવાનોને પૂરતી સુવિધાઓ અને લોજિસ્ટિક સપોર્ટ આપવાને બદલે ખર્ચ ઘટાડવાની નીતિઓ અમલમાં મૂકવામાં આવી રહી છે, જે આંતરરાષ્ટ્રીય સરહદો પર દેશની સુરક્ષા સામે મોટો ખતરો ઊભો કરી શકે છે.

૨. વન રેન્ક વન પેન્શન (OROP) અને ડિસેબિલિટી પેન્શનમાં ગેરરીતિની બુમ

દેશ માટે અંગો ગુમાવનારા અને દાયકાઓ સુધી સેવા આપનારા પૂર્વ જવાનોનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. પૂર્વ સૈનિકોના મતે:

OROP-2 ની વિસંગતતાઓ: 'વન રેન્ક વન પેન્શન' યોજનાનો મોટો પ્રચાર કરવામાં આવ્યો પરંતુ તેનો ખરો લાભ માત્ર ઉચ્ચ અધિકારીઓને મળ્યો છે, જ્યારે જેઓ સરહદ પર લોહી વહાવે છે તેવા જેસીઓ (JCO) અને અન્ય રેન્કના જવાનોના પેન્શન અને એરિયર્સમાં મોટો કાપ મૂકવામાં આવ્યો છે.

ડિસેબિલિટી પેન્શન પર ટેક્સ અને કાપ: નિવૃત્ત થતા સૈનિકોને મળતા ડિસેબિલિટી પેન્શન પર નવા નિયમો લાદીને સૈનિકોના આર્થિક હક્કો છીનવી લેવાની ચાલ ચાલી રહી હોવાનો દાવો કરવામાં આવ્યો છે.

ECHS આરોગ્ય સેવાઓનો ધાંધિયા: પૂર્વ સૈનિકો અને તેમના પરિવારો માટેની 'એક્સ-સર્વિસમેન કન્ટ્રીબ્યુટરી હેલ્થ સ્કીમ' (ECHS) નું ફંડ ક્લિયર ન થવાના કારણે એમપેનલ્ડ હોસ્પિટલોમાં પૂર્વ જવાનોને સારવાર મેળવવામાં ભારે નરક જેવી યાતના વેઠવી પડી રહી છે.

૩. વિપક્ષનો પ્રહાર: 'દેશભક્તિનો માસ્ક અને સૈનિકો સાથે ગદ્દારી'

વિરોધ પક્ષો અને સંયુક્ત કિસાન-સૈનિક મોરચા (UKD) જેવા સંગઠનોએ આક્ષેપ કરતા જણાવ્યું છે કે, જે ભાજપ, સંઘ અને સંઘ પરિવારની સંસ્થાઓ દેશભક્તિના નામે પ્રજા પાસેથી મતો મેળવે છે, તેઓ જ આજે દેશનું રક્ષણ કરતી ભારતીય સેનાના આર્થિક પાયા નબળા કરી રહ્યા છે. સૈન્યમાં 'અગ્નિવીર' (Agnipath Scheme) જેવી યોજનાઓ લાવીને કાયમી ભરતીઓ બંધ કરી દેવાઈ છે અને ૪ વર્ષમાં યુવાનોને બેરોજગાર બનાવી દેવાની નીતિથી દેશની સૈન્ય ક્ષમતા પર પણ માઠી અસર પડી રહી છે.

૪. ભાજપ અને મંત્રાલયનો સફાઈ પક્ષ

સામે પક્ષે, સંરક્ષણ મંત્રાલય અને ભાજપના પ્રવક્તાઓ દ્વારા આ તમામ આક્ષેપોને સખત શબ્દોમાં નકારી કાઢવામાં આવ્યા છે. શાસક પક્ષનો દાવો છે કે:

મોદી સરકારના શાસનમાં ભારતનું સંરક્ષણ બજેટ ૬ લાખ કરોડથી વધુની ઐતિહાસિક સપાટીએ પહોંચ્યું છે.

'આત્મનિર્ભર ભારત' હેઠળ દેશમાં જ સ્વદેશી ફાઈટર જેટ્સ, સબમરીન અને મિસાઈલોનું નિર્માણ થઈ રહ્યું છે.

પૂર્વ સૈનિકોના ખાતામાં OROP ના હજારો કરોડ રૂપિયા પહોંચાડવામાં આવ્યા છે અને વિપક્ષો માત્ર રાજકીય સ્વાર્થ ખાતર પૂર્વ સૈનિકોના નામે ભ્રામક પ્રચાર કરી રહ્યા છે.

અંતિમ નિષ્કર્ષ: રાષ્ટ્રીય સુરક્ષા કે
રાજકીય અહમ?

એક તરફ દેશની સરહદો પર ચીન અને પાકિસ્તાન તરફથી પડકારો સતત વધી રહ્યા છે, ત્યારે બીજી તરફ દેશના પૂર્વ સૈનિકો જ પોતાની માંગણીઓ, પેન્શન અને સેનાના બજેટના મુદ્દે દિલ્હીના જંતર-મંતરથી લઈને રાજ્યકક્ષાએ આંદોલનના માર્ગે ઉતરવા મજબૂર બન્યા છે. આ વિવાદથી દેશની આમ જનતામાં પણ મોટો સવાલ ઊભો થયો છે કે રાષ્ટ્રીય સુરક્ષા જેવા અતિ સંવેદનશીલ મુદ્દા પર સરકાર અને પૂર્વ જવાનો વચ્ચેનો આ આક્રોશ દેશ માટે કેવા સંકેતો આપે છે!

# 'USમાં ભારત વિરોધી નફરત વધી રહી છે' : ઈલિનોયના હિન્દુ મંદિર પર હુમલાના કાવતરા બાદ ભારત લાલઘૂમ!

અમેરિકાના ઈલિનોયમાં 19 વર્ષનો એક યુવક હિંદુ મંદિર પર હુમલો કરવાની યોજના બનાવી રહ્યો હતો. રિપોર્ટ મુજબ, યુવક ભારતીય મૂળના લોકો પ્રત્યે નફરત ધરાવતો હતો. તેના ઘરેથી રાઈફલ, ભરેલી અનેક મેગેઝિન અને ગોળીઓ મળી આવી છે. પોલીસે તેની ધરપકડ કરી લીધી છે. અમેરિકાના ઈલિનોયમાં એક મંદિરમાં મોટા પાયે ગોળીબાર કરવાના ષડયંત્ર રચાયું હોવાના અહેવાલો સામે આવ્યા બાદ ભારતે આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપીને ચિંતા વ્યક્ત કરી છે. ઘટના વંશીય ભેદભાવપૂર્ણ અને હિન્દુ વિરોધી



: વિદેશ મંત્રાલય વિદેશ મંત્રાલયે આ ઘટનાને વંશીય ભેદભાવપૂર્ણ અને હિન્દુ વિરોધી ગણાવી છે. આ ઉપરાંત અમેરિકામાં ભારત વિરોધી નફરત વધી રહી હોવાનું કહી વિદેશ મંત્રાલયે હિન્દુ મંદિરને ટાર્ગેટ કરવા મામલે ચિંતા વ્યક્ત કરી છે.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જાયસ્વાલે કહ્યું કે, 'અમેરિકાના ઈલિનોય સ્ટેટના ઓરોરા વિસ્તારમાં એક હિન્દુ મંદિર આવેલું છે, તેને ટાર્ગેટ કરીને મોટાપાયે ગોળીબાર કરવાનું ષડયંત્ર રચ્યું હોવાના અહેવાલો સામે આવ્યા છે. આ મામલે અમે ખૂબ જ ચિંતિત છીએ. આ કથિત ષડયંત્રમાં હિન્દુ વિરોધી, વંશીય ભેદભાવપૂર્ણ અને ભારતીય મૂળના લોકો વિરુદ્ધ હિંસા જેવી બાબતો પણ સામેલ છે, જે ખૂબ જ ચિંતાજનક બાબત છે.' ઉલ્લેખનીય છે કે, અમેરિકામાં 19 વર્ષના એક યુવકની ધરપકડ કરવામાં આવી છે. તેના પર ઈલિનોઈસના ઓરોરા વિસ્તારમાં એક હિન્દુ પૂજા સ્થળને કથિત રીતે ટાર્ગેટ કરવાનું ષડયંત્ર રચવાનો આરોપ છે.

આરોપીનું નામ અલેક્ઝાન્ડ્રોસ પાપોરાકિસ છે. પાલાટાઈન પોલીસના જણાવ્યા મુજબ, 11 ઓક્ટોબરે માઉન્ટ પ્રોસ્પેક્ટ પોલીસને એક વ્યક્તિએ જણાવ્યું હતું કે તેને પાપોરાકિસના કેટલાક મેસેજ મળ્યા છે. આ મેસેજ સાથે એક દસ્તાવેજ પણ હતો, જેમાં હિંદુ મંદિરમાં ગોળીબાર કરવાની કથિત યોજનાનો ઉલ્લેખ હતો.



પાક્કો ગુજરાત
શુક્રવાર | 16 ઓક્ટોબર 2026 | અમદાવાદ

### મોંઘવારી ભથ્થું 3 મહિનામાં 5% વધીને 60% થયું

# ગુજરાત STના કર્મચારીઓના DAમાં 2%નો વધારો : એરિયર્સની પણ ચુકવણી કરાશે!!

ગાંધીનગર

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના કર્મચારીઓ માટે રાજ્ય સરકારે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મોંઘવારી ભથ્થા (DA)માં 2 ટકાનો વધારો મંજૂર ક્યો છે. આ વધારા બાદ કર્મચારીઓને હવે 60 ટકાના દરે મોંઘવારી ભથ્થું ચૂકવવામાં આવશે. આ ઉપરાંત, વધારાના મોંઘવારી ભથ્થાના એરિયર્સની પણ ચુકવણી કરાશે. આ પહેલાં જૂન 2026માં મોંઘવારી ભથ્થું 3 ટકા વધારીને 55માંથી 58 ટકા કરવામાં આવ્યું હતું. આમ 3 મહિનામાં 5 ટકા ડીએ વધ્યું છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી ગુજરાત ST નિગમના કર્મચારીઓને આર્થિક રાહત મળશે. મોંઘવારીના સમયમાં પગાર સાથે મળતા ભથ્થામાં વધારો થવાથી કર્મચારીઓની આવકમાં વધારો થશે. એરિયર્સની ચુકવણીથી કર્મચારીઓને વધારાનો નાણાકીય લાભ પણ મળશે. એસ.ટી.માં શરૂઆતમાં ફિક્સ પગાર (Fixed Salary) પર જોડાતા કર્મચારીઓને આ મોંઘવારી ભથ્થાનો લાભ મળતો નથી. આ લાભ માત્ર નિયમિત (Regular) સ્કેલ મેળવતા કર્મચારીઓને જ મળે છે.

મોંઘવારી ભથ્થું એવું નાણું છે, જે સરકારી કર્મચારીઓને મોંઘવારી વધવા છતાં તેમનું જીવનધોરણ જાળવી રાખવા માટે આપવામાં આવે છે. આ નાણાં સરકારી કર્મચારીઓ, જાહેર ક્ષેત્રના કર્મચારીઓ અને પેન્શનધારકોને આપવામાં આવે છે. દેશની વર્તમાન મોંઘવારી પ્રમાણે દર 6 મહિને એની ગણતરી કરવામાં આવે છે. એ સંબંધિત પગારધોરણના આધારે કર્મચારીઓના મૂળ પગાર અનુસાર ગણવામાં આવે છે. શહેરી, અર્ધ-શહેરી અથવા ગ્રામીણ વિસ્તારોમાં કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થું અલગ હોઈ શકે છે. ગુજરાત એસ.ટી. (GSRTC) કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું (Dearness Allowance - DA) કેન્દ્ર અને રાજ્ય સરકારના ધારાધોરણો મુજબ ગણવામાં આવે છે. સામાન્ય રીતે સાતમા પગાર પંચ (7th Pay Commission) હેઠળ તેની ગણતરી એક ચોક્કસ ફોર્મ્યુલા અને સરકારી મંજૂરીના આધારે થાય છે. સાતમા પગાર પંચ મુજબ મોંઘવારી ભથ્થાની ટકાવારી નક્કી કરવા માટે AICPI (All India Consumer Price Index - ઔદ્યોગિક શ્રમિકો માટેનો ગ્રાહક ભાવ સૂચકાંક) ના 12 મહિનાના સરેરાશ આંકડાનો ઉપયોગ થાય છે. DA % = છેલ્લા 12 મહિનાની AICPIની સરેરાશ - 261.42) / 261.42 * 100. (નોંધ: આ ટકાવારીમાંથી જે જવાબ આવે તેને પૂર્ણાંકમાં લેવામાં આવે છે.) એકવાર સરકાર દ્વારા મોંઘવારી ભથ્થાની ટકાવારી (જેમ કે હાલમાં 50% કે 60% જે પણ લાગુ હોય તે) જાહેર કરવામાં આવે, ત્યારે કર્મચારીના વ્યક્તિગત પગાર પર તેની ગણતરી આ રીતે થાય છે, DA= મૂળ પગાર (Basic Pay) * સરકાર માન્ય DAના ટકા / 100. દાખલા તરીકે: જો કોઈ એસ.ટી. કર્મચારીનો મૂળ પગાર (Basic Pay) 30,000 હોય અને વર્તમાન મોંઘવારી ભથ્થું 50% હોય, તો DA= 30,000 * 50 / 100 = 15,000, આ રીતે તેમના મૂળ પગારમાં 15,000 મોંઘવારી ભથ્થા તરીકે ઉમેરાશે.

# ભરૂચમાં 76 ગ્રામ MD ડ્રગ્સ સાથે 23 વર્ષીય યુવક ઝડપાયો

### એક્ટિવા અને મોબાઈલ ફોન સહિત 2.88 લાખનો મુદ્દામાલ જપ્ત

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ શહેરમાં માદક પદાર્થોના ગેરકાયદે કારોબાર સામે કાર્યવાહી કરતાં બી ડિવિઝન પોલીસે 76 ગ્રામ MD ડ્રગ્સના જથ્થા સાથે 23 વર્ષીય યુવકને ઝડપી પાડ્યો છે. ત્રણકુવા ફાટક નજીક કરવામાં આવેલી આ કાર્યવાહીમાં પોલીસે ડ્રગ્સ, એક્ટિવા અને મોબાઈલ ફોન સહિત કુલ 2.88 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પોલીસે આરોપીની ધરપકડ કરી આ ડ્રગ્સ ક્યાંથી લાવવામાં આવ્યું હતું અને તેની હેરફેરમાં અન્ય કોઈની સંડોવણી છે કે કેમ તે દિશામાં વધુ તપાસ હાથ ધરી છે. ત્રણકુવા ફાટક નજીકથી સોન તલાવડી વિસ્તારમાં રહેતા 23 વર્ષીય ધ્રુવ નરેશભાઈ ગોહિલને ઝડપી પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન તેની પાસેથી MD ડ્રગ્સનો જથ્થો મળી આવતાં પોલીસે સમગ્ર મુદ્દામાલ કબજે કર્યો હતો. પોલીસે આરોપી પાસેથી 76 ગ્રામ MD ડ્રગ્સ કબજે કર્યું હતું, જેની કિંમત 2,28,000 આંકવામાં આવી છે. આ ઉપરાંત 50,000ની કિંમતનું એક્ટિવા અને 10,000ની કિંમતનો મોબાઈલ ફોન પણ જપ્ત કરવામાં



આવ્યો છે. આમ, પોલીસે કુલ 2,88,000નો મુદ્દામાલ કબજે કર્યો છે. ભરૂચ શહેરમાં યુવાનોને નશાના દૂષણથી બચાવવા અને માદક પદાર્થોના ગેરકાયદે વેપાર પર અંકુશ લાવવાના હેતુથી પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવી રહી છે.

### મહાકાય મશીનરી પસાર કરવા 2 ડિવાઈડર તોડાયા; શરતભંગ કરીને દિવસે મશીનરી લાવતાં અરાજકતા સર્જાઈ

# અંકલેશ્વરના વ્યસ્ત વિસ્તારમાં જાયન્ટ ટ્રેલરથી ટ્રાફિક જામ

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વરના મહાવીર ટર્નિંગ અને એસેન્ટ સ્કૂલ નજીકના વ્યસ્ત માર્ગ પરથી મહાકાય મશીનરી લઈને પસાર થઈ રહેલા એક જાયન્ટ ટ્રેલરના કારણે ગંભીર ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. આ અતિ-વિશાળ મશીનરીને રસ્તા પરથી સરળતાથી પસાર કરાવવા માટે માર્ગ પર બે અલગ-અલગ સ્થળોએ રોડ ડિવાઈડર પણ તોડી પાડવામાં આવ્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે.



અંકલેશ્વર શહેરના અત્યંત ધમધમતા વિસ્તારમાં સમીસાંજના સમયે જ આ વિશાળકાય મશીનરી રસ્તા પર ઉતારી દેવામાં આવી હતી. જેના કારણે નોકરીયાતો, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય વાહનચાલકોને કલાકો સુધી ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. નિયમોનું ખુલ્લેઆમ ઉલ્લંઘન કરીને સર્જાયેલી આ અરાજકતાને પગલે વાહનચાલકોમાં સ્થાનિક તંત્ર સામે ભારે રોષ જોવા મળ્યો હતો.

સરકારી નિયમો અનુસાર આવી અતિ-મહાકાય મશીનરી કે ઓવરડાઈમેન્શન ધરાવતા મોટા વાહનોને સામાન્ય ટ્રાફિકમાં અડચણ ન રૂપ બને તે માટે માત્ર રાત્રિના સમયે જ રસ્તા પરથી પસાર કરવાની સ્પષ્ટ મંજૂરી આપવામાં આવતી હોય છે. જેથી કરીને દિવસ દરમિયાન સામાન્ય જનજીવન અને વાહન વ્યવહાર પર તેની કોઈ નકારાત્મક અસર ન પડે. આ ઘટના અંગે તંત્રમાં તપાસ કરતા PWD કચેરી દ્વારા ચોંકાવનારો ખુલાસો કરવામાં આવ્યો હતો. તેમણે જણાવ્યું કે, રસ્તા પરના ડિવાઈડર તોડવાની અને મશીનરી પસાર કરવાની પરવાનગી આપવામાં આવી હતી, પરંતુ આ મશીનરીને માત્ર રાત્રિના સમયે જ રસ્તા પરથી પસાર કરવાની કડક શરતે મંજૂરી અપાઈ હતી. શરતનો ભંગ કરીને દિવસ દરમિયાન મશીનરી લાવનારાઓ સામે કડક કાનૂની કાર્યવાહીની માંગ થઈ રહી છે.

### તમામ 11 મુદ્દાઓને સર્વાનુમતે બહાલી અપાઈ

# ભરૂચ જિલ્લા પંચાયત ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ ડીમ્પલ રાજની અધ્યક્ષતામાં સામાન્ય સભા યોજાઈ

ભરૂચ, રંગુની જાકીર

ભરૂચ જિલ્લા પંચાયત કચેરીના સમિતિ ખંડ ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ડીમ્પલ રાજની અધ્યક્ષતામાં સામાન્ય સભા મળી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી યોગેશ કાપસે વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

બેઠકમાં રજૂ કરાયેલા ૧૧ એજન્ડાઓને સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી. આ સામાન્ય સભામાં ગત સામાન્ય સભાની કાર્યવાહી નોંધ તથા તે સભામાં લીધેલ નિર્ણય પર લીધેલા પગલાનો અહેવાલ વંચાણે લેવામાં આવ્યો હતો. જુદી-જુદી સમિતિઓની બેઠકની કાર્યવાહી





નોંધ, ૫૦.૦૦ લાખથી ઉપરનાં કામોનાં સ્વીકારેલ ટેન્ડરોને બહાલી આપવામાં આવી હતી. જિલ્લા પંચાયત સને ૨૦૨૫-૨૬ ના વર્ષનો વાર્ષિક હિસાબ મંજુર કરવા, વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ જિલ્લા તેમજ પેટા પ્રભાગીય સ્તરની સમિતિઓમાં બિન સરકારી સભ્યોની નિમણુંક કરવા, જિલ્લા પંચાયત ભરૂચના ૧૫માં નાણાપંચ હેઠળ મળેલ વ્યાજની રકમનું આયોજન મંજુર કરવા, જિલ્લા પંચાયત ભરૂચ હસ્તકની જુદી-જુદી ગ્રાન્ટ હેઠળ વિકાસના કામોમાં ફેરફાર કરવા, જિલ્લા પંચાયત ભરૂચના સ્વભંડોળ ૨ વિકાસના કામો મંજુર કરવા, જિલ્લા પંચાયત ભરૂચ હસ્તકની સ્ટેમ્પ ડ્યુટી ગ્રાંટ હેઠળ વિકાસના કામો મંજુર કરવા, જિલ્લા પંચાયત, ભરૂચના સને ૨૦૨૬-૨૭ ના મૂળ અંદાજપત્રની જોગવાઈ અનુસાર જિલ્લા વિકાસ અધિકારીશ્રીના ગ્રાંટના કામો મંજુર કરવા સહિતના એજન્ડાઓને બહાલી આપવામાં આવી હતી.

સાથોસાથ સામાન્ય સભામાં અધ્યક્ષસ્થાનેથી એજન્ડા લેવામાં આવ્યો હતો.

જેમાં ભોલાવ ખાતે આરોગ્ય કેન્દ્ર માટેની જગ્યાની ગ્રાન્ટ મંજુર કરવામાં આવી હતી.

### ગાંજા કેસમાં સુરતનો કાલુ આરોપી વોન્ટેડ

# અંકલેશ્વરમાં ગાંજાના જથ્થા સાથે મહિલા ઝડપાઈ: 1.320 કિલો ગાંજો જપ્ત

ભરૂચ, રંગુની જાકીર

અંકલેશ્વર GIDC પોલીસે સારંગપુર વિસ્તારમાં આવેલી મંગલદીપ સોસાયટીના એક મકાનમાં દરોડો પાડીને વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે એક મહિલા આરોપીની અટકાયત કરી છે. આ ગેરકાયદે પ્રવૃત્તિમાં સામેલ મૂળ બિહારના ભાગલપુર જિલ્લાની વતની ઓમલતા બિંદેશ્વર્ય વિલાશ મંડલ સામે કાયદેસરની કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, જ્યારે આ ગુનામાં સુરતનો કાલુ નામનો આરોપી વોન્ટેડ જાહેર કરાયો છે.

પોલીસ ટીમે મંગલદીપ સોસાયટીના પ્લોટ નંબર 281 પર આવેલા મકાન નંબર 1 માં દરોડો પાડીને કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન પોલીસને સ્થળ પરથી આશરે 1.320 કિલોગ્રામ જેટલો માદક ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. આ ઉપરાંત પોલીસે પારદર્શક પ્લાસ્ટિકના ડબ્બામાં સંતાડીને રાખેલી નાની-મોટી 12 થેલીઓ અને એક સ્કૂલ બેગ સહિતનો તમામ મુદ્દામાલ જપ્ત કરીને ગુનો નોંધ્યો છે. અન્ય એક સફળ કામગીરીમાં, અંકલેશ્વર GIDC પોલીસે પ્રોહીબિશનના ગુનામાં છેલ્લા ત્રણેક વર્ષથી પોલીસને થાપ આપીને નાસતા-ફરતા એક આરોપીને ઝડપી પાડ્યો છે.

પોલીસ ઈન્સ્પેક્ટર આર.એમ. વસાવાના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફની ટીમે હ્યુમન અને ટેકનિકલ ઈન્ટેલિજન્સનો ચોક્કસ ઉપયોગ કરીને આ વોન્ટેડ આરોપીને પકડી પાડવામાં સફળતા મેળવી છે.

### 5 વર્ષની બાળાઓથી લઈને 70 વર્ષના વડીલો સુધી માતાજીની આરાધનામાં લીન

# જેતપુરના ખીરસરા ગામે 70 વર્ષ જૂની પ્રાચીન 'જય અંબે ગરબી' આકર્ષણનું કેન્દ્ર બની

જેતપુર, સુરેશ ભાલીયા

નવરાત્રીના પાવન પર્વ નિમિત્તે ઠેરઠેર માતાજીની આરાધના અને રાસગરબાની રમઝટ જોવા મળી રહી છે. આજના આધુનિક યુગમાં અર્વાચીન ગરબીઓનું પ્રમાણ વધી રહ્યું છે, ત્યારે રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના ખીરસરા ગામે આશરે ૭૦ વર્ષથી યોજાતી પ્રાચીન 'જય અંબે ગરબી' આજે પણ પોતાની આગવી પરંપરા અને ધાર્મિક આસ્થાને કારણે આકર્ષણનું કેન્દ્ર બની છે. ગામડાની સંસ્કૃતિ, પરંપરા અને ધાર્મિક શ્રદ્ધાને જીવંત રાખતી આ ગરબીમાં નાનાં





ભૂલકાંઓથી લઈને વડીલો સુધીના લોકો ઉત્સાહપૂર્વક ભાગ લે છે. ખાસ કરીને પાંચ વર્ષની બાળાઓથી લઈને ૭૦ વર્ષના વડીલો સુધીના લોકો માતાજીની આરાધનામાં લીન થઈને પરંપરાગત રાસગરબાની રમઝટ બોલાવે છે. ઉંમરનો ભેદ ભૂલીને સૌ કોઈ માતાજીની ભક્તિમાં જોડાય છે, જે આ ગરબીની વિશેષતા છે. ખીરસરા ગામના રામજી મંદિર ચોક ખાતે યોજાતી જય અંબે ગરબીમાં નવરાત્રી દરમિયાન દરરોજ ભક્તિભાવપૂર્ણ વાતાવરણ જોવા મળે છે. પરંપરાગત ગરબા, માતાજીનાં ભક્તિગીતો અને રાસની રમઝટ વચ્ચે સમગ્ર વિસ્તાર માતાજીના જયઘોષથી ગુંજી ઊઠે છે. ગરબીમાં ભાગ લેતાં બાળકો અને વડીલોની એકસાથે જોવા મળતી હાજરી ગામની એકતા, સંસ્કાર અને સાંસ્કૃતિક વારસાનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. આજના સમયમાં અનેક સ્થળોએ આધુનિક સાઉન્ડ સિસ્ટમ અને અવનવી શૈલીમાં ગરબાનું આયોજન થાય છે, ત્યારે ખીરસરા ગામની આ પ્રાચીન ગરબી પોતાની પરંપરાગત ઓળખ જાળવી રાખીને નવી પેઢીને સંસ્કૃતિ સાથે જોડવાનું કાર્ય કરી રહી છે.

# ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટનું પાલન કરાવવા આરોગ્ય તંત્ર સક્રિય: 31 ઓક્ટોબર સુધી રજિસ્ટ્રેશન નહીં કરાવનાર સામે કાર્યવાહી

ભરૂચ

ભરૂચ જિલ્લામાં ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ એક્ટનું પાલન કરાવવા આરોગ્ય તંત્ર સક્રિય બન્યું છે. જિલ્લાના કુલ 2288 તબીબી સંસ્થાઓમાંથી અત્યાર સુધીમાં 1193 સંસ્થાઓએ સર્ટિફિકેટ મેળવ્યાં છે, જ્યારે બાકીની સંસ્થાઓમાં રજિસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરાવવાની કામગીરી સામે પડકાર છે. આ સ્થિતિમાં ભરૂચ સિવિલ હોસ્પિટલના સિવિલ સર્જન ડૉ. વી.આર.ઉપાધ્યાયે તમામ તબીબો, ક્લિનિકો, હોસ્પિટલો અને લેબોરેટરીઓને 31 ઓક્ટોબર સુધીમાં ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવી લેવા તાકીદ કરી છે. સિવિલ સર્જનના જણાવ્યા મુજબ, ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિશમેન્ટ (રજિસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ-2021 હેઠળ એલોપેથિક,આયુર્વેદિક, હોમિયોપેથિક સહિતની વિવિધ પદ્ધતિઓના તબીબો, જનરલ પ્રેક્ટિશનરો, સુપર સ્પેશિયાલિસ્ટ તબીબો, મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલો, પેથોલોજી લેબોરેટરીઓ તેમજ લાગુ પડતી સરકારી તબીબી સંસ્થાઓએ નિયમ મુજબ રજિસ્ટ્રેશન કરાવવું અનિવાર્ય છે. જિલ્લાની 2288 સંસ્થાઓમાંથી 1193 સંસ્થાઓએ સર્ટિફિકેટ મેળવ્યાં છે. જ્યારે હજી અનેક સંસ્થાઓએ હજુ આ પ્રક્રિયા પૂર્ણ કરવાની બાકી રહે છે. રાજ્ય સરકારના અગ્ર સચિવ અને ભરૂચ જિલ્લા કલેક્ટર દ્વારા પણ કાયદાના અમલીકરણ અંગે કડક સૂચનાઓ આપવામાં આવી છે. 31 ઓક્ટોબર સુધીમાં રજિસ્ટ્રેશન નહીં કરાવનાર અને આરોગ્ય વિભાગની તપાસ દરમિયાન અનરજિસ્ટર્ડ જણાતી સંસ્થાઓ સામે કાયદાની જોગવાઈઓ મુજબ દંડાત્મક તથા અન્ય કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### સુરતમાં SMCની બે સ્થળે રેડ

# દારૂ-બીયર સહિત ₹5.09 લાખનો મુદ્દામાલ જપ્ત, બે આરોપી ઝડપાયા

સુરત

સુરત શહેરના લાલગેટ પોલીસ સ્ટેશનની હદમાં સ્ટેટ મોનીટરીંગ સેલે બે અલગ-અલગ સ્થળે દરોડા પાડી વિદેશી અને દેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસે ભારતીય બનાવટના દારૂ-બીયરની આશરે 26 પેટી, 1,249 બોટલ, 20 લીટર દેશી દારૂ, ત્રણ વાહનો, બે મોબાઈલ, રોકડ અને અન્ય મુદ્દામાલ સહિત કુલ 5,09,381નો મુદ્દામાલ કબજે કર્યો છે.



SMCના પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.એસ. રાજપૂતની ટીમે વરિયાળી બજારના ઘાસ્તીપુરા સ્થિત પાલીયા ગ્રાઉન્ડમાં તથા ખાન સાહેબ ભાથુ, સૈયદ બુરહાનુદીન શહીદ દરગાહની બાજુમાં આવેલા બે અલગ-અલગ રૂમમાં રેડ કરી હતી. જપ્ત કરાયેલા ભારતીય બનાવટના દારૂ-બીયરની કિંમત 3,73,371 અને દેશી દારૂની કિંમત 4,000 હોવાનું નોંધાયું છે.

આ કાર્યવાહીમાં પવન દિનેશચંદ્ર માસ્તર, રહે. મચ્છાપુરા, કોલસાવાડ, સુરત રેલવે સ્ટેશન પાસે અને નારાયણ ઉર્ફે કાળુભાઈ બળવંતભાઈ ગાયકવાડ, રહે. ખજુરાવાડી, પ્રાણનાથ હોસ્પિટલ પાછળ, રાધિકા એપાર્ટમેન્ટ, રૂમ નં. 302, વેદ રોડ, સુરતને ઝડપી પાડવામાં આવ્યા છે.

આ કેસમાં જાવેદ ઉર્ફે જાવેદ અહમદવાદી નૂર મોહમ્મદ બેલીમ, મયુર રાણા તથા GJ-05-ET-0638 નંબરની કાળી એક્ટિવા, GJ-05-TN-0952 નંબરની સુઝુકી બર્ગમેન અને GJ-05-LE-5104 નંબરની સફેદ એક્ટિવાના માલિકો સહિત પાંચ આરોપીઓ વોન્ટેડ છે. કુલ સાત આરોપીઓ વિરુદ્ધ લાલગેટ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો છે.

# પાવાગઢમાં ખુલ્લેઆમ ચાલતા ગંજીપાનાના જુગાર પર SMCની તવાઈ, 13 સામે ગુનો

પંચમહાલ

પંચમહાલ જિલ્લાના પાવાગઢ પોલીસ સ્ટેશનની હદમાં સ્ટેટ મોનીટરીંગ સેલે રાવલીયા રોડ પર નવાગામની સીમમાં ખુલ્લી જગ્યાએ દરોડો પાડી ગંજીપાનાના જુગારનો પર્દાફાશ કર્યો છે. પોલીસે રોકડા 49,560, છ મોબાઈલ ફોન, ત્રણ વાહનો અને જુગારના સાહિત્ય સહિત કુલ 2,49,560નો મુદ્દામાલ કબજે કર્યો છે. SMCના પોલીસ સબ ઈન્સ્પેક્ટર વી.એન. જાડેજાની આગેવાનીમાં હાથ ધરાયેલી આ કાર્યવાહીમાં છ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. પકડાયેલા આરોપીઓમાં વિનોદ નટુભાઈ બારૈયા (બોડેલી, છોટા ઉદેપુર), મિનેશ ગણપતભાઈ પરમાર (ગણસર ગામ, હાલોલ), નારાયણ ગોરધનભાઈ જાદવ (વેદપુર ગામ, વાઘોડિયા), દિપકસિંહ ગુલાબસિંહ પરમાર (હડબિયા ગામ, હાલોલ), નરેશ ચંદુભાઈ બારિયા (રામજી ખાંટના મુવાડા, હાલોલ) અને પીયૂષકુમાર રતિલાલ પરમાર (ધનપરી ફળિયું, આંતા, હાલોલ)નો સમાવેશ થાય છે. આ કેસમાં નવા ગામ, હાલોલનો નવીન નાયક, GJ 06 AE 1960 નંબરના વાહનનો ચાલક અને અન્ય પાંચ અજાણ્યા ઈસમો મળી સાત આરોપીઓ વોન્ટેડ છે.

# શિનોર PI વસાવા દ્વારા ભાજપના બે જૂથો વચ્ચે સમાધાન કરાવી સાધલી ગામે કોમી એખલાશ જાળવ્યો

### નજીવી બાબતે મીઢોળના હિન્દુ યુવાનો તથા સાધલીના મુસ્લિમ વર્ગ વચ્ચે અથડામણ ઊભી થઈ હતી

સાધલી, હસમુખ પટેલ

શિનોર તાલુકાના સાધલી મુકામે તારીખ 14 ઓક્ટોબર 2026 બપોરના 01:00 થી 02:00 ના અરસામાં સાધલીના કપાસના વેપારી ફિરોજ રાઠોડ પોતાની ગાડી લઈને શિનોર રોડ પર પોતાના ઘર પાસે પાર્ક કરતા હતા, તે સમયે મીઢોળ ના ગાડી ચાલક શિનોર ભાજપ મહામંત્રી હિતેશ ઠાકોર ભાજપના હોદ્દેદારો સાથે પોતાની ગાડી લઈને આવતા હતા અને ફિરોજભાઈ એ ગાડીનો સાઈડ સિગ્નલ ખોટો બતાવ્યો હોવાના બહાને ફિરોજભાઈ સાથે બોલાચાલી કરતાં ટોળેટોળા ભેગા થઈ ગયા હતા. આ તબક્કે મીઢોળથી પણ હિતેશ ઠાકોર ના યુવાનો જાણ થતાં દોડી આવ્યા હતા. સામાન્ય બોલાચાલી અને ધક્કા મુક્કી પછી હિતેશ ઠાકોર સાધલી પોલીસ સ્ટેશને ફરિયાદ કરવા ગયા હતા. સાધલીના આ મુસ્લિમ વર્ગના યુવાનો જિલ્લા પંચાયતની ચૂંટણી સમયે તાજેતરમાં જ ભાજપમાં જોડાયા હતા, અને મીઢોળ યુવાનો પણ હિતેશ ઠાકોર ની સાથે ભાજપમાં જોડાયેલા છે. સાધલીમાં કોમી દંગલ ના



થાય તે માટે બનાવની જાણ થતાં શિનોરના પોલીસ ઈન્સ્પેક્ટર આર. આર.વસાવા તાત્કાલિક સાધલી દોડી આવ્યા હતા અને આઉટ પોસ્ટમાં બંને પક્ષોને બોલાવીને સમજાવટ ચાલતી હતી, તે દરમિયાન શિનોર ભાજપ પ્રમુખ તથા સાધલીના ઈન્ચાર્જ સરપંચ સંકેત પટેલ તથા ઉતરાજ સરપંચ અને જિલ્લા પંચાયત સદસ્યા પતિ હરિકૃષ્ણ ઉર્ફે જીગાભાઈ પટેલ તથા સાધલીના મુસ્લિમ અગ્રણી અને ગ્રામ પંચાયત સદસ્ય અલ્તાફ રંગરેજ પણ આવી પહોંચ્યા હતા.

સાધલીમાં ટૂંકા સમયમાં પંચાયતની ચૂંટણી આવે છે, તેમાં કોઈ બહારના ગામોના કારણે સાધલી ગામની શાંતિ ડહોળાય ના તે માટે સમજાવ્યા હતા, તથા બંને જૂથો ભાજપા સાથે સંકળાયેલા હતા.

પી.આઈ.આર વસાવા દ્વારા બંને પક્ષોને કોઈપણ જાતના નુકસાન વગર થયેલ નાની ભૂલને મોટું રૂપ ના આપવા સમજાવતા કોઈપણ ફરિયાદ થયેલ નથી અને સમાધાન કરવામાં આવેલ છે.



### ફિલ્મમાં યામી ગૌતમ એક નવવધૂની ભૂમિકામાં જોવા મળશે

# એક્ટ્રેસ યામી ગૌતમની 'નચ્યી નવેલી'નું એડવાન્સ બુકિંગ શરૂ, ફેન્સમાં ઉત્સાહ

મુંબઇ

બોલિવૂડ અભિનેત્રી યામી ગૌતમ ધરની આગામી ફિલ્મ 'નચ્યી નવેલી'ની રિલીઝ પહેલાં જ દર્શકો માટે એડવાન્સ ટિકિટ બુકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ફિલ્મ 16 ઑક્ટોબર, 2026ના રોજ દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ફેન્ટસી, કોમેડી અને પારિવારિક મનોરંજનથી ભરપૂર આ ફિલ્મ તહેવારોની સિઝનમાં દર્શકોને આકર્ષવાનો પ્રયાસ કરશે. ફિલ્મમાં યામી ગૌતમ એક નવવધૂની ભૂમિકામાં જોવા મળશે. આ રીતે ફિલ્મમાં પારિવારિક સંબંધો સાથે રહસ્ય, કાલ્પનિક ઘટનાઓ અને હાસ્યનો સમન્વય જોવા મળશે. 'નચ્યી નવેલી'નું દિગ્દર્શન બાલાજી મોહને કર્યુ છે, જ્યારે ફિલ્મની વાર્તા અને પટકથા સાથે હિમાંશુ શર્મા તથા દિવ્ય નિધિ શર્મા જોડાયેલા છે. ફિલ્મનું નિર્માણ આનંદ એલ. રાય અને હિમાંશુ શર્માએ કર્યું છે. આ ફિલ્મ એમેઝોન એમજીએમ સ્ટુડિયો અને કલર યેલો પ્રોડક્શન્સ દ્વારા રજૂ કરવામાં આવી રહી છે.

ફિલ્મમાં યામી ગૌતમનો અત્યાર સુધીની ભૂમિકાઓથી અલગ અંદાજ જોવા મળશે. ફેન્ટસી, હળવી કોમેડી, ભારતીય લોકકથાઓ અને અલૌકિક તત્ત્વોને જોડતી આ ફિલ્મને પરિવાર સાથે માણી શકાય તેવા મનોરંજન તરીકે રજૂ કરવામાં આવી રહી છે. ફિલ્મનું સંગીત જી.વી. પ્રકાશ કુમારે આપ્યું છે. ફિલ્મ રિલીઝ થવાને હવે માત્રે એક જ દિવસ બાકી હોવાથી નિર્માતાઓએ એડવાન્સ બુકિંગ શરૂ કર્યું છે. દર્શકો પોતાની પસંદગીના સિનેમાઘરો, શોનો સમય અને ટિકિટની ઉપલબ્ધતા તપાસીને અગાઉથી બેઠકો બુક કરાવી શકે છે. હવે 16 ઑક્ટોબરે રિલીઝ થયા બાદ યામી ગૌતમની આ અનોખી ફેન્ટસી-કોમેડી ફિલ્મને દર્શકો તરફથી કેવો પ્રતિસાદ મળે છે તેના પર સૌની નજર રહેશે. બોલિવૂડ અભિનેત્રી યામી ગૌતમ ધરની આગામી ફિલ્મ 'નચ્યી નવેલી'ની રિલીઝ પહેલાં જ દર્શકો માટે એડવાન્સ ટિકિટ બુકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ ફિલ્મ 16 ઑક્ટોબર, 2026ના રોજ દેશભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની છે. ફેન્ટસી, કોમેડી અને પારિવારિક મનોરંજનથી ભરપૂર આ ફિલ્મ તહેવારોની સિઝનમાં દર્શકોને આકર્ષવાનો પ્રયાસ કરશે. ફિલ્મમાં યામી ગૌતમ એક નવવધૂની ભૂમિકામાં જોવા મળશે.

**દર્શકો પોતાની પસંદગીના સિનેમાઘરો, શોનો સમય અને ટિકિટની ઉપલબ્ધતા તપાસીને અગાઉથી બેઠકો બુક કરાવી શકે છે**

# સારા અલી ખાનના દરેક લૂક પર ફેન્સ ફિદા

### વેકેશન મૂડ હોય કે કોઇ ફિલ્મી પાર્ટી, એવા સમયે તે પોતાના કપડાંની બાબતમાં ખૂબ જ ધ્યાન રાખે છે. બને ત્યાં સુધી કોઇ 'ઉપ્સ મોમેન્ટ' નો શિકાર ન થવું પડે એવા કપડાં પહેરે છે

મુંબઇ

પોતાના લૂક અને આઉટફિટને કારણે સમયાંતરે ચર્ચામાં રહેતી સારાઅલી ખાનની નવી તસવીરો સામે આવી છે. આ વખતે એનો લૂક વેસ્ટર્ન હતો પણ સિંપલ રહ્યો હતો,સારા અલી ખાન દરેક વખતે તેના વિવિધ ફેશન લુક્સ સાથે એક અલગ શૈલીમાં જોવા મળે છે. ફિટિંગવાળા ડ્રેસથી લઈને સુંદર ટ્રેડિશનલ ડ્રેસ સુધી, દરેક તસવીરમાં તેની શૈલી અલગ તરી આવે છે. એક્ટિંગની સાથે પોતાની ફેશનસેન્સને કારણે પણ આ સ્ટારકિડ જાણીતી છે.

મોર્ડન લૂક હોય કે ટ્રેડિશનલ તેના પર દરેક આઉટફિટ ખૂબ જ સારા લાગે છે. એના પર ટ્રેડિશનલ લૂક એક અલગ રીતે દીપી ઊઠે છે. ખાસ કરીને એથનિક આઉટફિટ અને સિંપલ જ્વેલરી એના પર શ્રેષ્ઠ લાગે છે. આ ઉપરાંત તે ઘણીવાર કોઈ જ પ્રકારનો મેકઅપ કર્યા વગર પણ જોવા મળે છે. તેનો આ અંદાજ ફેન્સને આકર્ષિત કરે છે. બોડીકોન આઉટફિટમાં સારા અલી બેસ્ટ લાગી રહી છે. પોતાના ગ્લેમરસ અંદાજને કારણે ફેન્સનું ધ્યાન ખેંચાયું છે. વેસ્ટર્ન આઉટફિટમાં તેનો હોટ અંદાજ પણ ઘણીવાર જોવા મળ્યો છે. ખાસ કરીને જ્યારે તે કોઈ ઈન્ડોર ફંક્શનમાં હોય ત્યારે તે આ અંદાજમાં જોવા મળે છે. આ ઉપરાંત શિમરી આઉટફિટમાં પણ સારા બેસ્ટ લાગે છે. સ્ટાઈલીશ આઉટફિટ સાથે તેની જ્વેલરીમાં પણ એક યુનિકનેસ જોવા મળે છે. મોટાભાગના કેસમાં તે મેચિંગ જ્વેલરીને પસંદ કરે છે પણ ક્યારેક ફંકી લૂકમાં પણ તેનો અંદાજ અનોખો હોય છે. વેકેશન મૂડ હોય કે કોઈ ફિલ્મી પાર્ટી, એવા સમયે તે પોતાના કપડાંની બાબતમાં ખૂબ જ ધ્યાન રાખે છે.



# ઇમરાન ખાનને ભારત છોડવા નોટિસ! મુંબઇ પોલીસે 28 ઑક્ટોબર સુધીનો સમય આપ્યો

### બોલિવૂડ અભિનેતા આમિર ખાનના ભાણેજ અને અભિનેતા ઇમરાન ખાનની મુશ્કેલીઓ વધી

મુંબઇ

બોલિવૂડ અભિનેતા આમિર ખાનના ભાણેજ અને અભિનેતા ઈમરાન ખાનની મુશ્કેલીઓ વધી છે. મુંબઈ પોલીસે ઈમરાન ખાનને ભારત છોડવાની નોટિસ ફટકારી છે. પોલીસના નિર્દેશ અનુસાર, ઈમરાન ખાને 28 ઑક્ટોબર, 2026 સુધીમાં ભારત છોડવું પડશે. મુંબઈના ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ સાથે યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધા બાદ આ કાર્યવાહી કરવામાં આવી છે.

મળતી માહિતી અનુસાર, ઈમરાન ખાન 10 ઑક્ટોબરે મુંબઈના ઓગસ્ટ ક્રાંતિ મેદાનમાં યોજાયેલા વિરોધ પ્રદર્શનમાં સામેલ થયા હતા. આ પ્રદર્શન કોકરોચ જનતા પાર્ટી (સીજેપી)ના વિરોધ પ્રદર્શનના સમર્થનમાં યોજાયું હતું. પ્રદર્શનકારીઓએ મતદાર યાદીઓના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) દરમિયાન કથિત અનિયમિતતાઓના આક્ષેપો સાથે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરી હતી.

આ પ્રદર્શન દરમિયાન મુંબઈ પોલીસે ઈમરાન ખાનની અટકાયત કરવામાં આવી હતી. ઓગસ્ટ ક્રાંતિ મેદાન ખાતે જ મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. પોલીસે કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવા માટે સુરક્ષા વ્યવસ્થા કડક કરી હતી. ઈમરાન ખાનને પણ અટકાયતમાં લીધા બાદ મોડી રાત્રે મુક્ત કરવામાં આવ્યા હતા. મુંબઈ પોલીસના જણાવ્યા અનુસાર, ઈમરાન ખાન ભારતીય નાગરિક નથી અને તેમ છતાં રાજકીય વિરોધ પ્રદર્શનમાં ભાગ લીધો હોવાના આરોપસર તેની સામે ઈમિગ્રેશન કાયદાની સંબંધિત જોગવાઈઓ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ જ કાર્યવાહી અંતર્ગત તેને ભારત છોડવાની નોટિસ આપવામાં આવી છે. અભિનેતાને 28 ઑક્ટોબર સુધીમાં દેશ છોડવાનું કહેવામાં આવ્યું છે. અટકાયત દરમિયાન ઈમરાન ખાનની તસવીરો અને વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયા હતા. પોલીસ વાનમાં બેઠેલા ઈમરાનની તસવીર ચર્ચાનો વિષય બની હતી. તેણે સોશિયલ મીડિયા પર આ તસવીર સાથે હળવી ટિપ્પણી પણ કરી હતી. આ ઘટનાને કારણે ઈમરાન ખાન ફરી એકવાર ચર્ચામાં આવ્યો છે.






# રાજપાલ યાદવને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત: 2 કરોડ જમા કરાવ્યા બાદ વિદેશ જવાની મંજૂરી

### બોલીવુડના જાણીતા કોમેડિયન રાજપાલ યાદવને ચેક બાઉન્સ કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી સૌથી મોટી રાહત મળી છે

મુંબઇ

બોલીવુડના જાણીતા કોમેડિયન રાજપાલ યાદવને ચેક બાઉન્સ કેસમાં સુપ્રીમ કોર્ટમાંથી સૌથી મોટી રાહત મળી છે. કોર્ટમાં 2 કરોડ રૂપિયા જમા કરાવ્યા બાદ અભિનેતા માટે વિદેશ જવાનો માર્ગ પણ મોકળો થયો છે. સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવના પાસપોર્ટને મુક્ત કરવાની મંજૂરી આપી છે, જેથી તે ફિલ્મના શૂટિંગ સહિત અન્ય વ્યાવસાયિક કામકાજ માટે વિદેશ જઈ શકશે. આ માટે ટ્રાયલ કોર્ટ દ્વારા નક્કી કરવામાં આવેલી શરતોનું પાલન કરવાનું રહેશે. સુપ્રીમ કોર્ટે રાજપાલ યાદવ અને તેની સામે ફરિયાદ કરનાર કંપની વચ્ચે ચાલી રહેલા નાણાકીય વિવાદને ઉકેલવા માટે મધ્યસ્થીનો માર્ગ અપનાવ્યો છે. કોર્ટ બંને પક્ષો વચ્ચે સમજૂતી કરાવવા માટે મધ્યસ્થીની નિમણૂક કરશે. બંને પક્ષોને મધ્યસ્થીની પ્રક્રિયામાં ખુલ્લા મનથી ભાગ લેવા અને પરસ્પર સહમતીથી વિવાદ ઉકેલવાનો પ્રયાસ કરવા સૂચના આપવામાં આવી છે.

સુનાવણી દરમિયાન ભારતના મુખ્ય ન્યાયાધીશે રાજપાલ યાદવને કામ કરીને પૈસા કમાવવા અને લેણદારોનાં નાણાં પરત ચૂકવવાની સલાહ આપી હતી. કોર્ટનું માનવું છે કે બંને પક્ષોએ લાંબા સમયથી ચાલી રહેલા વિવાદનો ઉકેલ વાતચીત દ્વારા લાવવો જોઈએ. મધ્યસ્થીથી બાકી રકમ અંગે સમજૂતી થાય છે કે નહીં તે હવે જોવાનું રહેશે. આ કેસમાં ચુકવણી માટે આપવામાં આવેલો ચેક બાઉન્સ થતાં રાજપાલ યાદવ સામે કાનૂની કાર્યવાહી શરૂ થઈ હતી. દિલ્હી હાઈ કોર્ટે અગાઉ તેની સજા યથાવત્ રાખી હતી. ત્યાર બાદ આ મામલો સુપ્રીમ કોર્ટમાં પહોંચ્યો હતો. ચુકવણીમાં વિલંબ અને કોર્ટના અગાઉના આદેશોનું પાલન ન થવાને કારણે અભિનેતાને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. હવે 2 કરોડ રૂપિયા જમા થયા બાદ અને પાસપોર્ટ મુક્ત કરવાની મંજૂરી મળતાં રાજપાલ યાદવને પોતાના વ્યાવસાયિક કામ પર ધ્યાન આપવાની તક મળી છે.

# 'યે પ્રેમ મોલ લિયા'થી 'જય અંબે બોલ' સુધી, હવે 'ઝુમકા પટોલા' સાથે જશ્નનો સિલસિલો આગળ વધ્યો

અમદાવાદ

'યે પ્રેમ મોલ લિયા'ના ટાઇટલ ટ્રેક અને ગરબા ગીત 'જય અંબે બોલ'ને મળેલા શાનદાર પ્રતિસાદ બાદ, રાજશ્રી પ્રોડક્શન્સ હવે સૂરજ આર. બડજાત્યાની આવનારી ફિલ્મનું નવું ગીત 'ઝુમકા પટોલા' લઈને આવ્યું છે.

આયુષ્માન ખુરાના અને શર્વરી પર ફિલ્માવવામાં આવેલું આ ગીત રોમાન્સ, મસ્તી અને જશ્નના રંગોથી ભરેલું છે. આ ગીત ફિલ્મના મ્યુઝિકમાં એક નવો રંગ ઉમેરે છે અને સૂરજ આર. બડજાત્યાની ફિલ્મોમાં સંગીત અને પરિવારના ખાસ સંબંધને આગળ વધારે છે.

હિમેશ રેશમિયાના સંગીતથી સજેલા આ ગીતને શ્રેયા ઘોષાલે ગાયું છે, જ્યારે તેના શબ્દો સોનિયા કપૂર રેશમિયાએ લખ્યા છે. ગીતની કોરિયોગ્રાફી શબીના ખાને કરી છે અને સિનેમેટોગ્રાફીની જવાબદારી મનોજ કુમાર ખટાઈએ સંભાળી છે. આ પહેલાં 'યે પ્રેમ મોલ લિયા'ના ટાઇટલ ટ્રેકે દર્શકોને ફિલ્મની ભાવનાત્મક દુનિયા સાથે જોડ્યા હતા,




જ્યારે 'જય અંબે બોલ'એ પોતાના ગરબા અંદાજથી નવરાત્રિનો રંગ જમાવ્યો હતો. હવે 'ઝુમકા પટોલા' તેની જોશભરી ધૂન અને શ્રેયા ઘોષાલના મધુર અવાજ સાથે જશ્નને આગળ વધારે છે. હિમેશ રેશમિયાનું સંગીત આ ગીતને એવો અંદાજ આપે છે કે તેના પર ઝૂમવાનું મન થઈ જાય છે. સૂરજ આર. બડજાત્યાની ફિલ્મોમાં સંગીત હંમેશાં મહત્ત્વનું રહ્યું છે. આ ફિલ્મમાં પણ ગીતો પ્રેમ, સંબંધો, પરિવાર અને ખુશીઓની વાર્તાને આગળ વધારે છે. ત્રણ અલગ-અલગ અંદાજનાં ગીતો સાથે ફિલ્મના મ્યુઝિક આલ્બમને લઈને દર્શકોમાં ઉત્સાહ વધી રહ્યો છે. 'ઝુમકા પટોલા' હવે રિલીઝ થઈ ગયું છે અને દર્શકો આ ગીત પર ઝૂમવા માટે તૈયાર છે. રાજશ્રી પ્રોડક્શન્સ (પ્રા.) લિ. અને મહાવીર જૈન ફિલ્મ્સ દ્વારા રજૂ કરવામાં આવેલી 'યે પ્રેમ મોલ લિયા'નું દિગ્દર્શન સૂરજ આર. બડજાત્યાએ કર્યું છે. ફિલ્મમાં આયુષ્માન ખુરાના અને શર્વરી મુખ્ય ભૂમિકામાં છે, જ્યારે સંગીત હિમેશ રેશમિયાએ આપ્યું છે.

## T20 સિરીઝ 2-2ની બરાબરી પર આવી

# ચોથી T20 મેચમાં વેસ્ટ ઇન્ડીઝે ભારતને 24 રને હરાવ્યું




ઈન્દોર

વેસ્ટ ઈન્ડીઝે ચોથી T20 મેચમાં ભારતને 24 રને હરાવ્યું છે. આ શાનદાર જીત સાથે 5 મેચની T20 સિરીઝ 2-2ની બરાબરી પર આવી ગઈ છે અને હવે સિરીઝનો આખરી અને નિર્ણાયક મુકાબલો 17 ઑગસ્ટે બેંગલુરુમાં રમાશે.

ટૉસ હારતા પહેલા બેટિંગ કરવા ઉતરેલી વેસ્ટ ઈન્ડીઝની ટીમે 20 ઓવરમાં 3 વિકેટે 247 રનનો વિશાળ સ્કોર બનાવ્યો હતો. કેપ્ટન શાઈ હોપે માત્ર 50 બોલમાં અણનમ 102 રનની વિસ્ફોટક ઈનિંગ રમી હતી, જેમાં 4 ચોગ્ગા અને 9 છગ્ગા સામેલ હતા. હોપનું આ આખી સિરીઝમાં બીજી સદી છે, અગાઉ તેણે રાંચીમાં રમાયેલી બીજી મેચમાં પણ સદી ફટકારી હતી. તેની સાથે શેરફેન રદરફોર્ડે પણ અણનમ 49 રનનું મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. ભારત તરફથી બોલિંગમાં પ્રિન્સ યાદવ, અક્ષર પટેલ અને અર્શદીપ સિંહે 1-1 વિકેટ ઝડપી હતી.

જવાબમાં ભારત 20 ઓવરમાં 223 રન બનાવીને ઓલઆઉટ થઈ ગયું. સંજુ સેમસને 23 બોલમાં 56 રનની આક્રમક ઈનિંગ રમી, જેમાં 6 ચોગ્ગા અને 4 છગ્ગા સામેલ હતા. તિલક વર્માએ 43 અને નીતિશ રેડ્ડીએ 41 રનનું યોગદાન આપ્યું. વેસ્ટ ઈન્ડીઝ તરફથી ઘાતક બોલિંગ કરતા કીમો પોલે શાનદાર પ્રદર્શન કરીને 5 વિકેટ ઝડપી હતી. વેસ્ટ ઈન્ડીઝના 247 રનના જવાબમાં ભારતીય ટીમ 223 રનમાં ઓલઆઉટ થઈ ગઈ છે. કીમો પોલે શાનદાર પ્રદર્શન કરતા 5 વિકેટ ઝડપી હતી. મેન્સ T20 ઈન્ટરનેશનલમાં આ તેનો બીજો 5 વિકેટ હૉલ છે અને તે આ સિદ્ધિ મેળવનાર વેસ્ટ ઈન્ડીઝનો પહેલા બોલર બની ગયો છે. ભારતીય ઈનિંગ્સની છેલ્લી ઓવરમાં અર્શદીપ સિંહ ઈજાગ્રસ્ત થઈ ગયો. તેણે 4 બોલમાં 5 રન બનાવ્યા અને રિટાયર્ડ હર્ટ થઈને મેદાનની બહાર જતો રહ્યો.

## વેસ્ટ ઈન્ડિઝ સામેની હાર બાદ કેપ્ટન શ્રેયસ અય્યરનું દર્દ છલકાયું

નવી દિલ્હી

વેસ્ટ ઈન્ડિઝ સામેની ટી20 સિરીઝના ચોથા મુકાબલામાં ભારતને મળેલી હાર બાદ ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરનું દર્દ છલકાયું હતું. શ્રેયસે બોલરોના પ્રદર્શન પર નિરાશા વ્યક્ત કરી હતી. તેમણે સ્વીકાર્યું કે ટીમ યોગ્ય લાઈન અને લેન્થ પર બોલિંગ કરી શકી નહીં, જેનું મોટું નુકસાન ટીમને ભોગવવું પડ્યું. શ્રેયસે સાથે જ કહ્યું કે નિર્ણાયક મુકાબલામાં જીત મેળવવા માટે યોગ્ય વિચારસરણી અને ગેમપ્લાનને મેદાન પર ઉતારવો ખૂબ જ જરૂરી રહેશે. બુધવારે (14 ઓક્ટોબર) હૈદરાબાદમાં રમાયેલી મેચમાં ભારતને 24 રનોથી હારનો સામનો કરવો પડ્યો હતો. વેસ્ટ ઈન્ડિઝે શાઈ હોપની અણનમ સદીની મદદથી 3 વિકેટે 247 રન બનાવ્યા હતા. જેના જવાબમાં ભારતીય ટીમ 19.3 ઓવરમાં 223 રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. અર્શદીપ સિંહ ઈજાગ્રસ્ત થઈને રિટાયર્ડ હર્ટ થવા સાથે જ ભારતની ઈનિંગ્સનો અંત આવ્યો હતો. આ શાનદાર જીત સાથે વેસ્ટ ઈન્ડિઝે પાંચ મેચોની સિરીઝ 2-2થી બરાબર કરી લીધી છે. હવે બંને ટીમો વચ્ચે સીરિઝનો અંતિમ અને નિર્ણાયક મુકાબલો શનિવારે (17 ઓક્ટોબર) બેંગલુરુના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાશે.

## BCCIના મોટા પ્લાનનો થયો ખુલાસો

# ન્યૂઝીલૅન્ડ સામે ODI શ્રેણીમાંથી જસપ્રીત બુમરાહ બહાર થયો !

રાવલપિંડી

ભારતના સ્ટાર બોલર જસપ્રીત બુમરાહ ન્યુઝીલૅન્ડ સામેની વન-ડે સિરીઝમાં નહીં રમે. વર્કલોડ મેનેજમેન્ટના કારણે તેને આરામ અપાયો છે. 4 નવેમ્બરથી શરૂ થતી વન-ડે સિરીઝ બાદ, 19 નવેમ્બરથી શરૂ થતી રેડ બોલ સિરીઝમાં તે રમશે. બુમરાહ અમદાવાદમાં તૈયારી કરી રહ્યો છે અને બેંગલુરુ સ્થિત સેન્ટર ઑફ એક્સેલન્સમાં હાજરી આપશે. તે ઈન્ડિયા-A માટે ત્રીજી અનઓફિશિયલ ટેસ્ટ પણ રમી શકે છે.

જસપ્રીત બુમરાહ ન્યૂઝીલૅન્ડ સામેની વન-ડે સિરીઝમાં નહીં રમશે. પાંચ મેચોની વન-ડે સિરીઝ 4 નવેમ્બરથી શરૂ થશે, પરંતુ વર્કલોડ મેનેજમેન્ટના કારણે બુમરાહ આ સિરીઝમાં નહીં રમશે. એવા અહેવાલ સામે આવી રહ્યા છે કે બુમરાહ




સંપૂર્ણપણે ફિટ થઈ ચૂક્યો છે, પરંતુ મેનેજમેન્ટ તેમને રેડ બોલ સિરીઝ માટે બચાવીને રાખવા માંગે છે, જે 19 નવેમ્બરથી શરૂ થશે. બુમરાહ ગત વર્ષે નવેમ્બર પછી કોઈ ટેસ્ટ મેચ નથી રમ્યો. એક અહેવાલ પ્રમાણે બુમરાહ 4 નવેમ્બરથી 15 નવેમ્બર સુધી રમાનારી વન-ડે સિરીઝમાં નહીં રમશે, પરંતુ 19 નવેમ્બરે ભારત vs ન્યૂઝીલૅન્ડ પ્રથમ ટેસ્ટ શરૂ થતાં પહેલા ઈન્ડિયા-A માટે ત્રીજી અનઑફિશિયલ ટેસ્ટ રમી શકે છે.

વાસ્તવમાં 24 ઓક્ટોબરથી ઈન્ડિયા-A અને ન્યૂઝીલૅન્ડ-Aની 3 અનઑફિશિયલ મેચોની ટેસ્ટ સિરીઝ શરૂ થશે. 9 નવેમ્બરથી 10 નવેમ્બર સુધી રમાનારી ત્રીજી અનઑફિશિયલ ટેસ્ટમાં બુમરાહ રમી શકે છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, બુમરાહે અમદાવાદમાં રેડ બોલ ટીમમાં વાપસી માટે તૈયારી શરૂ કરી દીધી છે.

# ટીમ ઈન્ડિયામાં વાપસી માટે ટળવળતો પૃથ્વી શૉ

## ભારતીય ક્રિકેટર પૃથ્વી શૉ કારકિર્દી પાટા પર લાવવા સંઘર્ષ કરી રહ્યા છે

મુંબઈ

ભારતીય ક્રિકેટર પૃથ્વી શૉ કારકિર્દી પાટા પર લાવવા સંઘર્ષ કરી રહ્યા છે. 26 વર્ષની ઉંમરે, ખરાબ ફોર્મ અને ઈજાઓ બાદ, શૉ હવે ક્રિકેટ, પરિવાર અને સખત મહેનત પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. તેઓ સોશિયલ મીડિયાથી દૂર રહી, પોતાની જાતને સુધારવા પર ધ્યાન આપી રહ્યા છે. તેમનો એકમાત્ર ઉદ્દેશ્ય ભારતીય ટીમમાં વાપસી કરવાનો છે. ભારતીય ક્રિકેટના એક સમયના ઉભરતા સ્ટાર પૃથ્વી શૉ હાલમાં પોતાના કરિયરને ફરી પાટા પર લાવવા માટે સંઘર્ષ કરી રહ્યો છે. 26 વર્ષની વયે પૃથ્વી શૉ એક નવી શરૂઆત કરવા માગે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ખરાબ ફોર્મ, ઈજાઓ અને ટીમમાંથી બહાર થવા જેવી મુશ્કેલીઓનો સામનો કર્યા બાદ શૉએ હવે પોતાનું સંપૂર્ણ ધ્યાન ક્રિકેટ, પરિવાર અને સખત મહેનત પર કેન્દ્રિત કર્યું છે. તેનું લક્ષ્ય સ્પષ્ટ છે- ભારતીય ટીમમાં વાપસી કરવી.

પૃથ્વી શૉએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું કે, 'હું પહેલા કરતાં વધુ મહેનત કરી રહ્યો છે અને હાલ સોશિયલ મીડિયાથી દૂર છું. હું બહારની ચર્ચાઓમાં ઉલઝવાને બદલે પોતાની જાતને સુધારવા પર ધ્યાન આપવા માંગુ છું. હું આ સમયે પહેલાં કરતાં ક્યાંય વધુ મહેનત કરી રહ્યો છું. મારું ધ્યાન માત્ર મારા પર, મારા ક્રિકેટ અને પરિવાર પર છે. હાલ હું આ ત્રણ બાબતો પર જ ધ્યાન કેન્દ્રિત કરવા




માંગુ છું અને બાકીની બાબતોને અવગણવાનો પ્રયાસ કરી રહ્યો છું.' પૃથ્વી શૉએ જણાવ્યું કે, 'મને મારી અંગત જિંદગીમાં કેમેરા અને પાપારાઝીની હાજરી પસંદ નથી. આ જ કારણ છે કે હવે હું બહાર જવાનું પણ ટાળી દઉં છું અને પોતાનો ખાલી સમય એકાંતમાં વિતાવવાનું પસંદ કરું છું.આ બહારની ટીકાઓથી પરેશાન થવાનો મામલો નથી, પરંતુ પોતાની અંગત જિંદગીમાં વ્યક્તિગત સ્પેસ જાળવી રાખવાની જરૂરિયાત છે. દરેકની પસંદ અલગ હોય છે અને હું પોતાની જિંદગીની અંગત પળોમાં કેમેરાથી દૂર રહેવા માંગુ છું.' પૃથ્વી શૉએ ખૂબ જ નાની ઉંમરે પોતાની બેટિંગથી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. મુંબઈની હેરિસ શિલ્ડ સ્કૂલ ટુર્નામેન્ટમાં 546 રનની ઐતિહાસિક ઈનિંગે તેમને ચર્ચામાં લાવી દીધો હતો. વર્ષ 2018માં તેની કેપ્ટનશી હેઠળ ભારતે અંડર-19 વર્લ્ડ કપ જીત્યો હતો. તે જ વર્ષે વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ ડેબ્યૂ કરતી વખતે તેમણે સદી ફટકારી હતી.



## JIOનો ₹30,213 કરોડનો મહા-IPO

# નાણાકીય શિસ્ત અમારા DNAમાં: ઈશા અંબાણી

## આકાશ અંબાણીએ રજૂ કર્યો ગ્લોબલ AI અને ટેક એક્સપોર્ટનો રોડમેપ

મુંબઈ

ભારતીય શેરબજારના ઈતિહાસમાં સૌથી મોટો 30,213 કરોડનો IPO લાવવાની તૈયારીઓ વચ્ચે જિયો પ્લેટફોર્મ્સે પોતાની પ્રેસ કોન્ફરન્સમાં ભાવિ વિકાસ અને વૈશ્વિક વિસ્તરણનો મહત્વકાંક્ષી રોડમેપ રજૂ કર્યો છે. કંપનીએ 1,119ની અપર પ્રાઈઝ બેન્ડ સાથે રોકાણકારો માટે નવા દ્વાર ખોલ્યા છે, ત્યારે ઈશા અંબાણીએ ત્રણ પેઢીના વારસા અને નાણાકીય શિસ્તનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે, 'રિલાયન્સમાં નાણાકીય સમજદારી અમારા DNAમાં છે અને લોંગ ટર્મ વિઝન, વિશાળ સ્કેલ તથા સચોટ એક્ઝિક્યુશન જ કંપનીની સફળતાનો પાયો રહ્યા છે.' બીજી તરફ, આકાશ



અંબાણીએ જિયોને માત્ર ટેલિકોમ પ્લેયર મર્યાદિત ન રાખતાં વૈશ્વિક ટેક્નોલોજી એક્સપોર્ટર અને સર્વિસ પાર્ટનર બનાવવાની જાહેરાત કરી હતી. તેમણે સ્પષ્ટ કર્યું કે ભારતના 60% ડિજિટલ ગ્રોથમાં યોગદાન આપ્યા બાદ, જિયો હવે ચીન બહારના સૌથી મોટા 5G બેઝ અને પોતાની 'એન્ડ-ટુ-એન્ડ' ઈન-હાઉસ ટેક્નોલોજી સ્ટેક સાથે ગ્લોબલ માર્કેટમાં વિસ્તરણ કરશે. ટેરિફ વધારા પર નિર્ભર રહેવાના બદલે વોઈસ AI અને ડિજિટલ સર્વિસિસ દ્વારા કમાણી વધારવાના સંકેત સાથે તેમણે ભારતમાં આગામી સમયમાં વધુ 314 મિલિયન ગ્રાહકો જોડવાની ક્ષમતા વ્યક્ત કરી હતી. આકાશ અંબાણીએ કહ્યું, 'આજે અમે સામાન્ય રીતે ARPUને અમારી લાઈસન્સ પ્રાપ્ત સેવાઓના આધારે માપીએ છીએ, પરંતુ અમે વાસ્તવમાં એ વિચારી રહ્યા છીએ કે શું અમે અમારા લાઈસન્સ પ્રાપ્ત વ્યવસાયોની બહારથી પણ પ્રતિ યુઝર્સ વધુ કમાણી કરી શકીએ છીએ. આનું એક ઉદાહરણ આપણી 'વોઈસ AI' સેવા છે.' તેમણે કહ્યું કે જિયો કિંમતોમાં વધારા પર નિર્ભર રહેવાને બદલે, પોતાના ગ્રાહકો માટે નવી સર્વિસિસ લાવીને અને તેનાથી કમાણી કરીને તેમને વધુ વેલ્યુ આપી શકે છે.

## એપ ઇન્સ્ટોલ કર્યા વિના કોઇ યુઝર કૉલમાં કેવી રીતે જોડાઇ શકે?

# વૉટ્સએપનું નવું ગેસ્ટ કૉલિંગ ફીચર: અકાઉન્ટ વિના પણ કૉલમાં જોડાઇ શકાશે

**વોટ્સએપે પોતાના યુઝર્સ માટે એક નવું અને ઉપયોગી ફીચર 'ગેસ્ટ કૉલિંગ' લોન્ચ કર્યું છે. આ ફીચર દ્વારા હવે એવા લોકોને પણ વોટ્સએપ કૉલમાં સામેલ કરી શકાય છે**

મુંબઈ

વોટ્સએપે પોતાના યુઝર્સ માટે એક નવું અને ઉપયોગી ફીચર 'ગેસ્ટ કૉલિંગ' લોન્ચ કર્યું છે. આ ફીચર દ્વારા હવે એવા લોકોને પણ વોટ્સએપ કૉલમાં સામેલ કરી શકાય છે, જેમની પાસે વોટ્સએપ અકાઉન્ટ નથી અને તેમના ફોન કે કમ્પ્યુટરમાં એપ પણ ઈન્સ્ટોલ કરેલી નથી.

વોટ્સએપના આ નવા ફીચરની મદદથી તમે એવી કોઈપણ વ્યક્તિને વોટ્સએપ કૉલમાં ઉમેરી શકો છો, જે વોટ્સએપનો ઉપયોગ કરતી નથી. આ માટે સામેની વ્યક્તિને ન તો વોટ્સએપ એપ ડાઉનલોડ કરવાની જરૂર છે અને ન તો કોઈ અકાઉન્ટ બનાવવાની. તમે માત્ર તેમને કૉલની લિંક મોકલશો અને તેઓ તેના પર ક્લિક કરીને સીધા કૉલમાં જોડાઈ જશે. મેટાએ આ વર્ષની શરૂઆતમાં વોટ્સએપના વેબ વર્ઝન પર કૉલ સપોર્ટ ફીચર ઉમેર્યું હતું. જ્યારે તમે કોઈ એકાઉન્ટ વિનાની વ્યક્તિને કૉલ લિંક મોકલો છો, ત્યારે તે પોતાના મોબાઈલ




અથવા કમ્પ્યુટરના વેબ બ્રાઉઝર જેવા કે ગૂગલ ક્રોમ, સફારીમાં લિંક ખોલીને સીધા કૉલમાં જોડાઈ શકે છે. સુરક્ષાના મામલે કોઈ સમાધાન કરવામાં આવ્યું નથી. વૉટ્સએપ મુજબ, ગેસ્ટ કૉલિંગ દ્વારા થતો કૉલ પણ સંપૂર્ણપણે એન્ડ-ટુ-એન્ડ એન્ક્રિપ્ટેડ હશે. તેનો અર્થ એ છે કે કૉલમાં હાજર લોકો સિવાય કોઈ તૃતીય પક્ષ અથવા ખુદ વૉટ્સએપ પણ તમારી વાતચીત સાંભળી શકશે નહીં. સુરક્ષાને ધ્યાનમાં રાખીને તેમાં 'વેઈટિંગ રૂમ'નું ફીચર આપવામાં આવ્યું છે. જ્યારે કોઈ ગેસ્ટ લિંક પર ક્લિક કરશે, ત્યારે તે સૌથી પહેલાં વેઈટિંગ રૂમમાં જશે. જ્યારે કૉલનો હોસ્ટ એટલે કે કૉલ શરૂ કરનાર યુઝર તેને મંજૂરી આપશે, ત્યારે જ તે કૉલમાં પ્રવેશી શકશે. સુરક્ષા અને પ્રાઈવસી જાળવવા માટે ગેસ્ટ યુઝર્સ પર કેટલીક મર્યાદાઓ નક્કી કરવામાં આવી છે:

ગેસ્ટ યુઝર્સ પોતે નવો કોલ શરૂ કરી શકતા નથી.

તેઓ કોલમાં હાજર અન્ય પાર્ટિસિપન્ટ્સના ફોન નંબર જોઈ શકતા નથી.

તેઓ કોલ દરમિયાન મેસેજ મોકલી શકતા નથી.

તેઓ અન્ય કોઈ વ્યક્તિને સીધા કોલમાં ઍડ કરી શકતા નથી.

હોસ્ટ તેમને કોઈપણ સમયે કોલમાંથી બહાર કરી શકે છે.

## સોના-ચાંદીના ભાવમાં સતત ઘટાડો થયો

# સોનું 5 દિવસમાં ₹3,866 અને ચાંદી પણ ₹14,011 સસ્તી થઈ

મુંબઈ

આજે 15 ઓક્ટોબરે સોના-ચાંદીના ભાવમાં સતત 5મા દિવસે ઘટાડો થયો છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિયેશન (IBJA) મુજબ, 10 ગ્રામ 24 કેરેટ સોનું 500 રૂપિયા ઘટીને 1,45,564 રૂપિયા પર આવી ગયું છે. આ પહેલાં 14 ઓક્ટોબરે તેનો ભાવ 1,46,064 રૂપિયા હતો. બીજી તરફ, એક કિલો ચાંદી 6,724 રૂપિયા ઘટીને 2.07 લાખ રૂપિયા પર આવી ગઈ છે, જે બુધવારે 2.14 લાખ રૂપિયા હતી. 5 દિવસથી સતત ઘટાડાને કારણે સોનું 3,866 રૂપિયા સસ્તું થયું છે, જ્યારે ચાંદીમાં 14,011 રૂપિયાનો ઘટાડો થયો છે. 9 ઓક્ટોબરે સોનાનો ભાવ 1.49 લાખ રૂપિયા અને



ચાંદીનો ભાવ 2.21 લાખ રૂપિયા હતો. આ વર્ષે સોના-ચાંદીના ભાવમાં સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ ચાંદીનો ભાવ 2.30 લાખ રૂપિયા હતો, જે 29 જાન્યુઆરીએ વધીને 3.86 લાખ રૂપિયા ઓલ ટાઈમ હાઈ પર પહોંચી ગયો હતો. ત્યારથી અત્યાર સુધીમાં ચાંદી 1.79 લાખ રૂપિયા સસ્તી થઈ છે. બીજી તરફ, 31 ડિસેમ્બર 2025ના રોજ સોનાનો ભાવ 1.33 લાખ રૂપિયા હતો, જે 29 જાન્યુઆરીએ વધીને 1.76 લાખ રૂપિયાના સૌથી ઊંચા સ્તરે પહોંચી ગયો હતો. ત્યારથી અત્યાર સુધીમાં સોનું 30 હજાર રૂપિયા સસ્તું થઈ ચૂક્યું છે. પ્રમાણિત સોનું જ ખરીદો: હંમેશા ભારતીય માનક બ્યુરો (BIS)નું હોલમાર્ક ધરાવતું પ્રમાણિત સોનું જ ખરીદો. આ નંબર આલ્ફાન્યૂમેરિક એટલે કે કંઈક આ પ્રકારનો હોઈ શકે છે- AZ4524. હોલમાર્કિંગથી સોનું કેટલા કેરેટનું છે તે જાણી શકાય છે.

# સેન્સેક્સ 1534 પોઈન્ટ વધીને 74,315 પર બંધ

- **ક્રુડ ઓઈલ સસ્તું થવાથી નિફ્ટીમાં પણ 374 પોઈન્ટની તેજી; આઈટી અને ઓટો શેરોમાં ખરીદી**

મુંબઈ

શેરબજારમાં આજે એટલે કે 15 ઓક્ટોબરે તેજી રહી.

સેન્સેક્સ 1533 પોઈન્ટ એટલે કે 2.11% વધીને 74,316 પર બંધ થયો. નિફ્ટી પણ 374 પોઈન્ટ એટલે કે 1.66% વધીને 22,997 પર બંધ થયો. આઈટી અને ઓટો શેરોમાં ખરીદી રહી. સરકારી બેંકોમાં વેચવાલી રહી.

IT કંપનીઓના શેરોમાં ઉછાળો: TCS, ઈન્ફોસિસ અને HCL જેવી મોટી IT કંપનીઓના શેરોમાં સતત ત્રીજા દિવસે તેજી છે. સારા પરિણામોને કારણે લોકો તેમાં ખરીદી કરી રહ્યા છે.

વિદેશી રોકાણકારોનો ભારતીય બજાર તરફ ઝુકાવ: સમગ્ર વિશ્વમાં AI સાથે જોડાયેલી કંપનીઓના શેરોમાં ઘટાડો થવાથી વિદેશી રોકાણકારો હવે ફરી ભારતીય બજાર તરફ વળી શકે છે. બજેટમાં ટેક્સ રાહતની આશા: સરકાર આગામી બજેટમાં શેરો પર લાગતા LTCG ટેક્સ અંગે ફરી વિચાર કરી શકે છે. તેનાથી રોકાણકારોનો વિશ્વાસ વધ્યો છે.

ક્રુડ ઓઈલ સસ્તું થવું: આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રુડ ઓઈલના ભાવમાં 1 ડૉલરથી વધુનો ઘટાડો થયો છે. તેલ સસ્તું થવાથી ભારત જેવા દેશને ફાયદો થાય છે.

# "ગુજરાતમાં અંગ્રેજો જેવું શાસન, ખાખી વર્ધી ભાજપની ખાનગી સેના બની ગઈ!"

## કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાનો કેન્દ્ર અને રાજ્ય સરકાર સામે ધમાકેદાર વિસ્ફોટ, ભ્રષ્ટ પોલીસ અધિકારીઓની અબજોની સંપત્તિની તપાસ કરાવવા માંગ!

અમદાવાદ

ગુજરાતના રાજકારણમાં અને પ્રશાસનિક વર્તુળોમાં મોટો ભૂકંપ આવ્યો છે. ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ રાજીવ ગાંધી ભવન ખાતે એક હાઈ-વોલ્ટેજ પત્રકાર પરિષદને સંબોધતાં રાજ્યની ભાજપ સરકાર અને પોલીસ તંત્ર સામે અત્યાર સુધીનો સૌથી તીખો અને ઘાતક પ્રહાર કર્યો છે. અમિત ચાવડાએ ખુલ્લેઆમ આક્ષેપ કર્યો છે કે, વડાપ્રધાન અને ગૃહમંત્રીના વહાલા થવાની હોડમાં ગુજરાતના કેટલાક ઉચ્ચ અને ભ્રષ્ટ પોલીસ અધિકારીઓ કાયદો, બંધારણ અને પોતાની નિષ્ઠા ભૂલીને ભાજપના શિસ્તબદ્ધ કાર્યકરો હોય તેમ કામ કરી રહ્યા છે!



૧. 'અંગ્રેજી હુકૂમત જેવી સ્થિતિ: હાથમાં તિરંગો પકડો તો દેશદ્રોહી બનાવી જેલમાં ધકેલે છે!'

અમિત ચાવડાએ ગુજરાતના વર્તમાન માહોલની સરખામણી અંગ્રેજોના કાળા શાસન સાથે કરતાં જણાવ્યું હતું કે, લોકશાહીમાં સરકારને પ્રશ્નો પૂછવાનો અને પોતાના અધિકારો માટે લડવાનો બંધારણીય હક દરેક નાગરિકને છે. પરંતુ ભાજપ સરકાર સામે અવાજ ઉઠાવનાર, પ્રજાના પ્રશ્નો રજૂ કરનાર કે હાથમાં તિરંગો લઈને શાંતિપૂર્ણ વિરોધ કરનાર કૉંગ્રેસના કાર્યકરો, ખેડૂતો, યુવાનો કે મહિલાઓને 'દેશદ્રોહી' ચીતરીને તેમના પર ખોટા કેસો ઠોકી બેસાડવામાં આવે છે.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓથી લઈને ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી સુધી–કૉંગ્રેસના ઉમેદવારોને ફોર્મ ભરતાં રોકવા, દબાણ કરી ફોર્મ પાછાં ખેંચાવવા, પ્રચારમાં વિઘ્નો ઊભા કરવા અને મતદારોમાં દહેશત ફેલાવવા માટે પોલીસ તંત્રનો સરકારી હથિયાર તરીકે બેફામ દુરુપયોગ કરવામાં આવ્યો છે.

૨. 'ભ્રષ્ટ પોલીસ બાબુઓની આવક કરતાં અનેકગણી વધુ સંપત્તિ અને ડ્રગ્સ-દારૂ રૅકેટની તપાસ કરાવો!'

કૉંગ્રેસ પ્રદેશ પ્રમુખે ખાખી વર્ધીમાં રહેલા ભ્રષ્ટ અધિકારીઓ પર મોટો હુમલો બોલતાં માંગ કરી છે કે:

અબજોની કાળી સંપત્તિ: ગુજરાતના કેટલાક કથિત ભ્રષ્ટ પોલીસ અધિકારીઓએ પોતાની ખાખીની સત્તાનો દુરુપયોગ કરીને આવક કરતાં અનેકગણી વધુ સંપત્તિઓ, કરોડો-અબજોના બેનામી સામ્રાજ્ય, જમીનો અને મિલકતો પર ગેરકાયદે કબજા જમાવ્યા છે, તેની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ થવી જોઈએ.

ગેરકાયદે ધંધામાં સંડોવણી: દારૂ, ડ્રગ્સ અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચલાવતા માફિયાઓ સાથે મિલીભગત રાખનારા અને રાજકીય આકાઓને ખુશ કરવા માટે જનતા પર દમન ગુજારતા અધિકારીઓને કોઈપણ સંજોગોમાં બક્ષવામાં ન આવે.

૩. 'ગાંધીનગર, પાટણ અને કચ્છની ઘટનાઓ તંત્રની કાયરતાનું ઉદાહરણ!'

અમિત ચાવડાએ સનસનાટીભર્યા ખુલાસા કરતાં જણાવ્યું હતું કે:

ગાંધીનગર મનપા ચૂંટણી: વોર્ડ નં. ૪, ૧૧, ૭ અને ૨ માં કૉંગ્રેસના ઉમેદવારો અને કાર્યકરોને રાતોરાત ઉઠાવી જવામાં આવ્યા. જ્યારે ધારાસભ્ય જીગ્નેશ મેવાણી અને આગેવાનો રજૂઆત કરવા ગયા તો તેમની સામે જ બે-બે ખોટી એફ.આઈ.આર. (FIR) નોંધી દેવામાં આવી!

પાટણ અને કચ્છમાં હુમલા: કચ્છ અને પાટણમાં કૉંગ્રેસ કાર્યાલય પર ભાજપના ગુંડાઓએ પોલીસની હાજરીમાં હુમલા કર્યા, તોડફોડ કરી અને જાહેરમાં જીવથી મારી નાખવાની ધમકીઓ આપી. પાટણમાં સારવાર લઈ રહેલી કૉંગ્રેસની મહિલા કાર્યકરોની ધરપકડ કરવામાં આવી અને જેમણે માર ખાધો હતો તેમની સામે જ કેસો ઠોકી દેવાયા!

બેવડા ધોરણો: કૉંગ્રેસના ધારાસભ્યની માતા-બહેન સામે સોશિયલ મીડિયા પર નીચ કક્ષાની ગાળાગાળી થાય તો FIR નથી નોંધાતી, પરંતુ ભાજપ કાર્યાલય સામે દેખાવો થાય તો કૉંગ્રેસ પર પોલીસ તૂટી પડે છે!

૪. પોલીસ અને ભાજપ સરકારને ખુલ્લો પડકાર: 'કૉંગ્રેસનો કાર્યકર ઝૂકશે નહીં, કોર્ટ સુધી લડીશું!'

પત્રકાર પરિષદના અંતે અમિત ચાવડાએ સ્પષ્ટ શબ્દોમાં ચીમકી આપી હતી કે:

'પોલીસ અધિકારીઓ યાદ રાખે કે તેઓ કોઈ સત્તાધારી પક્ષની ખાનગી સેના નથી. સરકારો આવશે અને જશે, પરંતુ કાયદાથી ઉપર કોઈ નથી! કૉંગ્રેસના ઉમેદવારો, જીગ્નેશ મેવાણી, પાટણની બહેનો કે કાર્યકરો પર કરાયેલા ખોટા કેસો સામે કૉંગ્રેસ પીછેહઠ નહીં કરે. જો સરકાર નિષ્પક્ષ તપાસ નહીં કરે તો કૉંગ્રેસ હાઈકોર્ટ અને ન્યાયાલયના દરવાજા ખખડાવીને આ ભ્રષ્ટ તંત્ર અને સત્તાધીશોને ઉઘાડા પાડશે.'

### 2000 કિલો રો-મટિરિયલ સહિતનો જથ્થો જપ્ત

## દાણીલીમડા-પીરાણા રોડ પર હલકી ગુણવત્તાનો ટોમેટો સોસ બનાવતું યુનિટ સીલ

અમદાવાદ

અમદાવાદ શહેરના બહેરામપુરા વોર્ડમાં દાણીલીમડા- પીરાણા રોડ પર આવેલા એસ્ટેટની જગ્યામાં લાયસન્સ વિના અનહાઈજેનિક કન્ડિશનમાં અને યોગ્ય માત્રામાં પદાર્થોનો ઉપયોગ કર્યા વિના ખૂબ જ હલકી ગુણવત્તાનો ટોમેટો સોસનો જથ્થો મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા જપ્ત કરવામાં આવ્યો છે. સેન્ડવીચ અને બર્ગરમાં ઉપયોગમાં લેવામાં આવતો આ જથ્થો બટાકાના પાવડર અને યોગ્ય ગુણવત્તા વિનાના પદાર્થોનો ઉપયોગ કરીને બનાવવામાં આવતો હોવાના પગલે હાલમાં જગ્યાને સીલ કરવામાં આવી છે. કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા 2000 કિલો રો મટીરીયલ



સહિતનો ટોમેટા સોસનો જથ્થો જપ્ત કરી લેવામાં આવ્યો છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગના અધિકારી ડો. તેજસ શાહે જણાવ્યું હતું કે બહેરામપુરા વિસ્તારમાં સેન્ડવીચ અને બર્ગરમાં ટેસ્ટી સ્નેક્સ ટચઅપ તરીકે વપરાતા ટોમેટો સોસના યુનિટ ઉપર દરોડા પાડવામાં આવ્યા હતા. સ્થળ ઉપર જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે તેની પાસે કોઈ લાઈસન્સ ન હતું. જે જગ્યાના નામ ઉપર લાયસન્સ લઈને વેચાણ કરવામાં આવતું હતું તેનું સરનામું ખોટું હતું. જેથી કોઈપણ લાયસન્સ વિના આ જગ્યા ઉપર ટોમેટા સોસનું ઉત્પાદન કરવામાં આવતું હતું. સોસ બનાવવા બટાકાનો પાવડર અને એસિડિક કલર સહિતની ચીજ વસ્તુઓનો ઉપયોગ કરવામાં આવતો હતો. વધારે પડતા પ્રમાણમાં કલરનો ઉપયોગ કરવામાં આવતો હતો. સ્થળ ઉપર જ્યારે તપાસ કરવામાં આવી ત્યારે ખૂબ જ અનહાઈજનિક કન્ડિશન મળી આવેલી હતી. જે ટચઅપના નામે વેચાણ કરતા હતા. જથ્થાને માત્રાના જે બીલો માંગવામાં આવ્યા હતા તે પણ રજૂ કરવામાં આવ્યા નહોતા.

### AMC મધ્ય ઝોન દ્વારા 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન'

## દરિયાપુર, જમાલપુર-ખાડિયા અને અસારવા વિધાનસભાનો સંયુક્ત 'સેવા સેતુ' કાર્યક્રમ યોજાયો!

અમદાવાદ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) ના મધ્ય ઝોન દ્વારા દેશના માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીના પ્રજાકલ્યાણ, સુશાસન અને નિષ્ઠાપૂર્વકના જનસેવા સમર્પણના ૨૫ ગૌરવવંતા વર્ષોની ભવ્ય ઉજવણીના ભાગરૂપે 'સેવા, સંકલ્પ અને સમર્પણ અભિયાન' અંતર્ગત એક બૃહદ 'સેવા સેતુ' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ વિશેષ સેવા સેતુ કાર્યક્રમમાં દરિયાપુર, જમાલપુર-ખાડિયા અને અસારવા વિધાનસભા વિસ્તારમાં આવતા મધ્ય ઝોનના ૬ મહત્વના વોર્ડ - શાહપુર, દરિયાપુર, ખાડિયા, જમાલપુર, અસારવા અને શાહીબાગનો સંયુક્ત સમાવેશ કરવામાં આવ્યો હતો. સ્થાનિક નાગરિકોને સરકારી દફતરોના ચક્કર કાપવામાંથી મુક્તિ અપાવીને તેમના ઘરઆંગણે જ તમામ સરકારી, સામાજિક અને મ્યુનિસિપલ સેવાઓ સરળતાથી મળી રહે તેવા ઉદ્દેશ્યથી આ કેમ્પનું નિર્માણ કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમ દરમિયાન વિવિધ સરકારી વિભાગો દ્વારા અસંખ્ય નાગરિક લક્ષી સેવાઓ સ્થળ પર જ પૂરી પાડવામાં આવી હતી, જેમાં: વિધવા સહાય, આધાર કાર્ડ અપડેટ અને સિનિયર સિટિઝન લાભો. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના ફોર્મ અને સ્થળ પર મંજૂરી. સ્થાનિક જનપ્રતિનિધિઓ, કોર્પોરેટરો અને મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓની હાજરીમાં યોજાયેલા આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં શહેરીજનોએ હાજરી આપીને યોજનાકીય લાભો મેળવ્યા હતા.

### અમદાવાદના સરદારનગરમાં ચકચાર

## દુષ્કર્મના ગંભીર આક્ષેપો બાદ દીપક ભુવાજીનો આત્મવિલોપનનો પ્રયાસ!

### 20 લાખની માંગણી અને પોલીસ ફરિયાદ વચ્ચેના રહસ્યમય સમયગાળા પર ઉઠતા સવાલો

અમદાવાદ

અમદાવાદ શહેરના સરદારનગર વિસ્તારમાંથી એક અત્યંત સંવેદનશીલ, હચમચાવી દેનારી અને રહસ્યના આજના વણાંક લેતી ઘટના સામે આવી છે. ધાર્મિક વિધિના નામે ખેલાતા ખેલ અને બ્લેકમેલિંગના ગંભીર આક્ષેપો વચ્ચે એક ભુવાજીએ જાતે જ પોતાની ઉપર પેટ્રોલ છાંટીને આત્મવિલોપન કરવાનો પ્રયાસ કરતા પોલીસ બેડામાં દોડધામ મચી ગઈ છે. આ સમગ્ર પ્રકરણે નવો જ મોડ લીધો છે, જેમાં એક તરફ દુષ્કર્મ અને છેડતીની ગંભીર ફરિયાદો છે, તો બીજી તરફ કરોડો કે લાખો રૂપિયા પડાવવાના ખેલ અને પોલીસની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. થોડા દિવસો અગાઉ સરદારનગર વિસ્તારમાં રહેતા એક પરિવારે દીપક ભુવાજી નામના શખસને ઘરે ધાર્મિક વિધિ માટે બોલાવ્યા હતા. ત્યારબાદ મામલો અચાનક પલકાયો હતો અને તે જ પરિવારની એક મહિલા દ્વારા દીપક ભુવાજી સામે ધાર્મિક વિધિની આડમાં દુષ્કર્મ આચરવા તથા છેડતી કરવા અંગેના ગંભીર આક્ષેપો સાથે પોલીસ મથકે અરજી આપવામાં આવી હતી. આ ગંભીર આક્ષેપો અને બદનામીના ડરથી અથવા તો કથિત દબાણના કારણે દીપક ભુવાજી માનસિક તણાવમાં આવી ગયા હતા અને તેમણે પોતાની જાત પર પેટ્રોલ છાંટીને આત્મવિલોપન કરવાનો ગંભીર પ્રયાસ કર્યો હતો. આ ઘટનાથી વિસ્તારમાં ભારે ચકચાર ફેલાઈ ગઈ હતી. આ પ્રકરણમાં તપાસ કરતા એવા ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે કે, આત્મવિલોપન કરવા પાછળનું મુખ્ય કારણ મહિલા અને તેના પરિવાર દ્વારા દીપક ભુવાજી પાસે ૨૦ લાખ રૂપિયાની માતબર રકમની માંગણી કરવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. ભુવાજીના સમર્થકો અને સૂત્રોનો દાવો છે કે આ મામલે ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને નાણાં પડાવવાનું મોટું રેકેટ ચાલી રહ્યું હતું, જેના કારણે ભુવાજી અત્યંત લાચાર બની ગયા હતા.

## દહેજથી નીકળતા કેમિકલના ટેન્કરોમાંથી ચોરી કરતી શાતિર ગેંગ ઝડપાઈ

અમદાવાદ

અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) ની ટીમે કેમિકલ ચોરી કરતી એક અત્યંત ચતુર અને સંગઠિત ટોળકીનો પર્દાફાશ કરીને સપાટો બોલાવ્યો છે.

દહેજની કેમિકલ કંપનીઓમાંથી વહન થતા ટેન્કરોમાંથી બારોબાર કેમિકલ ચોરી કરી ગોડાઉનમાં સંગ્રહ કરી વેચી મારવાના આ રૅકેટનો પોલીસે પર્દાફાશ કર્યો છે. ચાંગોદર GIDC માં આવેલ દેવભૂમિ એસ્ટેટમાંથી આ કેમિકલ ચોરીનું કૌભાંડ પકડાયું છે, જ્યાંથી પોલીસે ૪ શખ્સોને દબોચી લઈ રૂ. ૬૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. પ્રાપ્ત વિગતો અનુસાર, દહેજની વિવિધ પ્રોસેસિંગ કંપનીઓમાંથી કિંમતી કેમિકલ ભરીને નીકળતા ટેન્કરો ચાંગોદર વિસ્તારમાંથી પસાર થતા ત્યારે આ ગેંગના સભ્યો ટેન્કર ચાલકો સાથે મિલીભગત કરીને અથવા છૂપી રીતે ટેન્કરમાંથી સીલ તોડી કે ચોરીના કીમિયા અજમાવીને જંગી માત્રામાં કેમિકલ કાઢી લેતા હતા.

## વસ્ત્રાપુરની ચિપ ડિઝાઇન કંપનીની ઓફિસમાંથી 47 લેપટોપ ચોરાયા!!!

### ગરબા રમવા જતાં ખુલ્લો દરવાજો જોઈ ચોરે તક ઝડપી; સર્વર રૂમમાં જઈ CCTVની સ્વિચ બંધ કરી ચોરી કરી

અમદાવાદ

અમદાવાદના વસ્ત્રાપુર વિસ્તારમાં આવેલી એક જાણીતી ચિપ ડિઝાઈન કંપનીની ઓફિસમાંથી 15 લાખની કિંમતના 47 લેપટોપની સરેઆમ ચોરી થતાં આઈટી ક્ષેત્રે ચકચાર મચી ગઈ છે. કંપની દ્વારા આયોજિત નવરાત્રિના ગરબા મહોત્સવમાં ભાગ લેવા માટે સમગ્ર સ્ટાફ ઓફિસમાંથી બહાર નીકળ્યો હતો, તે દરમિયાન અજાણતા ઓફિસનો મુખ્ય દરવાજો લોક કર્યા વિના ખુલ્લો રહી જતાં ચોરે આ તકનો પૂરો લાભ ઉઠાવ્યો હતો.

વસ્ત્રાપુર આઈટીસી નર્મદા હોટલ પાસે આવેલા 'ધ ફર્સ્ટ' બિલ્ડીંગમાં આવેલી આ ચિપ ડિઝાઈન કંપનીમાં આશરે 55 કર્મચારીઓ ફરજ બજાવે છે. ગત તા. 13 ઓક્ટોબરની રાત્રે આયોજિત ગરબામાં સ્ટાફ ગયા બાદ એક અજાણ્યો શખસ ઓફિસમાં ઘૂસ્યો હતો. ચોરે પહેલા સર્વર રૂમમાં જઈને સીસીટીવી કેમેરાની મુખ્ય સ્વિચ બંધ કરી દીધી હતી અને ત્યારબાદ અલગ-અલગ કંપનીના 47 જેટલા મોંઘા લેપટોપ ચોરીને ફરાર થઈ ગયો હતો. ગરબા પૂરા થયા બાદ કપડાં લેવા માટે જ્યારે એક કર્મચારી ઓફિસે પરત ફર્યો ત્યારે ટેબલ પર રાખેલા લેપટોપ ગાયબ જોઈને ચોંકી ઉઠ્યો હતો. તેમણે તાત્કાલિક કંપનીના જવાબદાર હોદ્દેદારોને જાણ કરી હતી. પ્રાથમિક તપાસમાં સીસીટીવી ફૂટેજ ચકાસતાં અજાણ્યા શખસની શંકાસ્પદ હિલચાલ સામે આવી હતી, જેણે અંદર ઘૂસીને ચાલાકીપૂર્વક કેમેરાની સ્વિચ બંધ કરી દીધી હતી. કંપનીમાં રાખવામાં આવેલા 15 લાખની મતાના 47 લેપટોપ ગાયબ હોવાની ખાતરી થતાં જ કંપની સંચાલકો દ્વારા વસ્ત્રાપુર પોલીસ મથકે સત્તાવાર જાણ કરવામાં આવી હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને વસ્ત્રાપુર પોલીસે ગુનો નોંધીને બિલ્ડીંગના અન્ય સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ સર્વેલન્સના આધારે તસ્કરને ઝડપી પાડવા માટે સઘન તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## સંક્ષીપ્ત સમાચાર

### અમદાવાદ પૂર્વમાં શિક્ષક દંપતીના લગ્નજીવનમાં કડવાશ : સાત ફેરા બાદ પણ ત્રણ વર્ષથી અબોલા, પત્ની સાથે રહેવા પતિનો ઇનકાર!

લગ્નજીવનમાં પરસ્પર વિશ્વાસ અને સંવાદને સંબંધનો પાયો માનવામાં આવે છે, પરંતુ અમદાવાદ પૂર્વમાં એક શિક્ષક દંપતીના કિસ્સામાં છેલ્લા ત્રણ વર્ષથી પતિ-પત્ની વચ્ચે વાતચીતનો સંબંધ પણ તૂટી ગયો છે. સાત વર્ષના લગ્નજીવન અને પાંચ વર્ષના પુત્ર હોવા છતાં પતિ પત્ની સાથે વાતચીત કરવા કે તેની સાથે રહેવા તૈયાર ન હોવાનું સામે આવ્યું છે. બંને સરકારી શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. પતિના વર્તનથી કંટાળેલી પત્નીએ આખરે અભયમ મહિલા હેલ્પલાઇનની મદદ લેતાં કાઉન્સેલિંગ દ્વારા સમાધાનનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અભયમની ટીમ સમક્ષ મહિલાએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે લગ્નને સાત વર્ષ થયાં છે અને તેમને પાંચ વર્ષનો પુત્ર છે. પતિ-પત્ની બંને અલગ-અલગ સરકારી શાળામાં શિક્ષક તરીકે નોકરી કરે છે. મહિલાના જણાવ્યા મુજબ, લગ્ન બાદ પતિએ એવી શરત રાખી હતી કે ઘરખર્ચ પત્નીના પગારમાંથી ચલાવવામાં આવશે, જ્યારે પતિ પોતાના પગારમાંથી બચત કરશે. આ સમજૂતી મુજબ પત્ની છેલ્લા છ વર્ષથી પોતાના પગારનો મોટાભાગનો હિસ્સો ઘરખર્ચ પાછળ ખર્ચી રહી છે, જ્યારે પતિ પોતાના પગારમાંથી બચત કરી રહ્યા છે.

### અમદાવાદ ગ્રામ્ય LCB નો મોટો ધમાકો: ટ્રેક્ટર, ટ્રોલી અને ટેન્કરની ચોરી કરતી શાતિર તસ્કર ટોળકી ઝડપાઈ

અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં વાહન ચોરી અને ઔદ્યોગિક વિસ્તારોમાંથી સાધનો ઊંચકી જતી ચોર ટોળકીઓ સામે અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB) એ કડક સપાટો બોલાવ્યો છે. કેરાલા GIDC અને આસપાસના વિસ્તારોમાં વાહનો તેમજ ટેન્કરની ચોરી કરીને ફરાર થઈ જતી રીઢા તસ્કરોની જોડીને પોલીસે બાતમીના આધારે દબોચી લીધી છે. આ સફળ કામગીરી સાથે કેરાલા GIDC પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના બે ગંભીર ગુનાઓનો ભેદ ઉકેલાઈ ગયો છે. અમદાવાદ ગ્રામ્ય LCB ની ટીમે ચોક્કસ બાતમી અને સર્વેલન્સના આધારે દરોડો પાડીને ચોરીના આ કારસામાં સંડોવાયેલા બે મુખ્યા આરોપીઓની ધરપકડ કરી છે: ૧. સંજય ડાભી (રહે. બાવળા), ૨. વિજયભાણસિંહ સૂર્યવંશી (રહે. બાવળા). આ બંને આરોપીઓ બાવળા પંથક અને કેરાલા GIDC ના અવાવરું તથા ઔદ્યોગિક વિસ્તારોને ટાર્ગેટ કરીને મોડી રાત્રે કિંમતી વાહનો અને ટેન્કરોની ચોરીને અંજામ આપતા હતા. પોલીસે આરોપીઓને ઝડપી પાડીને તેમની કડક પૂછપરછ હાથ ધરતાં ચોરી કરાયેલો માતબર મુદ્દામાલ બરામદ કરવામાં આવ્યો છે.

### 8 ગુનામાં નાસતા ફરતા કુખ્યાત 'ચિકલીગર ગેંગ'ના રીઢા તસ્કર શેરસિંગ તેલપિતીયાની ધરપકડ

અમદાવાદ શહેરમાં ઘરફોડ ચોરીઓ અને તસ્કરોના ત્રાસ સામે ક્રાઈમ બ્રાન્ચ અને પોલીસ દ્વારા સઘન અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ દરમિયાન અમદાવાદ ઝોન-૮ એલસીબી (LCB) ની ટીમે ગુનાખોરીની દુનિયામાં કુખ્યાત બનેલી 'ચિકલીગર ગેંગ'ના એક રીઢા અને વોન્ટેડ આરોપીને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. રામોલ, વટવા GIDC અને અમરાઈવાડી જેવા વિસ્તારોમાં એકસાથે ૮ ગંભીર ગુનાઓને અંજામ આપીને નાસતા ફરતા શેરસિંગ તેલપિતીયા નામના આરોપીની આખરે ધરપકડ કરી લેવામાં આવી છે. આ કુખ્યાત તસ્કર પાસેથી સોનાના દાગીના, રોકડ રકમ અને વાહન સહિત કુલ રૂ. ૧૩.૬૦ લાખનો માતબર મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. અમદાવાદ શહેરના પૂર્વ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી બંધ મકાનો અને સોસાયટીઓને ટાર્ગેટ કરીને ચોરીની ઘટનાઓને અંજામ આપતી ગેંગ સામે ઝોન-૮ એલસીબી (LCB) ની ટીમ સતત વોચમાં હતી. બાતમીના આધારે પોલીસે ચિકલીગર ગેંગના મુખ્ય સાગરીત એવા શેરસિંગ તેલપિતીયાને દબોચી લીધો છે.

### ગીતામંદિર ST બસ સ્ટેશન માર્કેટમાં નકલી સેમસંગ મોબાઇલ વેચવાનું કૌભાંડ : ₹7.07 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

અમદાવાદના ગીતામંદિર એસ.ટી. બસ સ્ટેશન માર્કેટમાં આવેલી મોબાઈલની દુકાનોમાંથી બ્રાન્ડેડ સેમસંગ કંપનીના લોગોવાળા નકલી મોબાઈલ ફોન વેચવાના મોટા કૌભાંડનો પર્દાફાશ થયો છે. એલસીબી ઝોન-6 ની ટીમે દરોડો પાડીને બિલ વગરના શંકાસ્પદ સેમસંગ, નોકિયા અને જીયો કંપનીના 1,034 મોબાઈલ ફોન, લેપટોપ અને એસેસરીઝ મળી કુલ રૂ. 7.07 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે કાગડાપીઠ પોલીસે ગીતામંદિર માર્કેટના રિટેલરો અને કાલુપુર રિલીફ રોડના હોલસેલર્સ સહિત 14 વેપારીઓ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ગીતામંદિર મોબાઈલ માર્કેટમાં ગ્રાહકો સાથે છેતરપિંડી આચરી ડુપ્લિકેટ મોબાઈલ પધરાવાતા હોવાની બાતમીના આધારે પોલીસે અગાઉ તપાસ શરૂ કરી હતી. ગુરુગ્રામની 'રિએક્ટ ઈન્ડિયા પ્રા. લી.' અને દિલ્હીની 'અસ્વથ લીગલ' વતી સેમસંગ કંપનીના સિનિયર એસોસિએટ સૌરભકુમાર પાંડેયને બોલાવી ચકાસણી કરાવતાં તમામ ફોન નકલી હોવાનું અને કંપનીની મંજૂરી વગર ટ્રેડમાર્ક-લોગોનો દુરુપયોગ થતો હોવાનું સ્પષ્ટ થયું હતું.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃત્તિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI